સતિ

દેવાંગના.

કર્તા,

મણાશંકર ગોવિંદરામ શુક્લ.

શ્રી

નૂતન નવલકથા

સતિ

દેવાંગના.

કર્ત્તા તેમજ પ્રસિદ્ધ કર્ત્તા.

પ્રભાશંકર ગોવિંદરામ શુકલ.

(લક્ષ્મિ-વિજય, સત્ય-વિજય, ગર્વ-મોચન, પ્રભાત-ચંદ્ર,
સંગતનું-પરિણામ વગેરેના કર્ત્તા.)

ભૂલેશ્વર, ભાણાભાઈ ચાલ મુંબઇ. નં. ૨.

મહાન પુરૂપ માખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાશ;
નીચ બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ.
(શામળ).

સને ૧૯૧૮. સંવત ૧૯૭૪.
આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ
છગનલાલે છાપી. સલાપોસ રોડ—અમદાવાદ.

મૂલ્ય. રૂ. ૧-૦-૦.

અનુક્રમણિકા.

પરિચ્છેદ.	વિષય.	પૃષ્ટ.
૧	રંગમાં ભંગ	૧
૨	સતિ વિમાસણમાં	૧૦
૩	સતિનો પુનર્લગ્ન માટે તિરસ્કાર	૧૭
૪	લક્ષ્મીને લાત	૨૬
૫	પ્રયાણ	૩૨
૬	કાન્તાને ઉપદેશ	૩૭
૭	વ્યભિચારીણી વિજયાને બોધ	૪૫
૮	સતિ પર આફત	૫૩
૯	સતિએ પારધિને આપેલો બોધ	૬૧
૧૦	કરણી તેવી પાર ઉતરણી	૭૦
૧૧	સ્ત્રીઓનો ધર્મ	૮૦
૧૨	યશોદેવી	૮૬
૧૩	અંધ નર્મદ ને નેત્ર...	૯૧
૧૪	સ્ત્રીસ્વાતંત્ર્ય મનોરમાને બોધ	૧૦૦
૧૫	કામાંધ જસાજી ભસ્મિભૂત	૧૧૦
૧૬	મનોરમા અને સતિ અરૂન્ધતિનો પ્રતાપ ...	૧૧૬
૧૭	ઉગ્ર તપ...	૧૨૧
૧૮	કસોટી	૧૨૫
૧૯	ન્યાય	૧૩૦
૨૦	સતિ દેવમતી દેવાંગના	૧૩૪

તે ઉપરાંત સ્ત્રીની ધર્મગીતા, બોધક સંગિત સંગ્રહ, હૃદ-યોર્મિ વગેરે.

ભૂમિકા.

શ્રી પરમાત્મને નમઃ ।

વિશ્વેશ્વરે જગતરૂપી વિચિત્ર વાડીની રચના કરવામાં એવી અતિશય અગાઢ બુદ્ધિ, અનહદ ડહાપણ અને અપાર ચાતુર્ય વાપર્યાં છે કે જેનો સ્હેજ પણ ખ્યાલ મનુષ્યને આવતાં સેંકડો વર્ષો વીતી જાય છે. સાયન્સના આધારે હાલ એટલે વીસમી સદીમાં અનેક પ્રકારની શોધખોળો થઇ છે. યન્ત્ર, તંત્ર વગેરેની મદદથી પરમાત્માની કૃપા પ્રસાદીનો અનુભવ કરવા ઘણા યત્ન થયા છે, જેમાંના કેટલાક સફળ પણ થયા છે. જગવિખ્યાત પ્રો. **જગદીશચંદ્ર બોઝે સજીવ** તેમજ નિર્જીવ સર્વ વસ્તુઓમાં આત્માનું અસ્તિત્વ સાબિત કરી આપ્યું છે. અને ટુંક વખતમાં સર્વત્ર પુલિંગ અને સ્ત્રી લિંગનું યુગલ પણ પુરવાર થઇ શકશે. આ ઉપરથી આપણને એમ માનવાને કારણો મળે છે કે જગતની ઉત્પત્તિ વખતે ઇશ્વરે સર્વત્ર નર-નારીનાં યુગલો બનાવી રાખ્યાં હશે, દરેક ધર્મનાં ધર્મ પુસ્તકો પણ આ બાબતમાં પોતાનો અભિપ્રાય ઠીક દર્શાવે છે.

હવે યુગલ ઉત્પત્તિ સ્વીકાર્યા બાદ આપણે જોવું જોઇએ કે પ્રત્યેકની ફરજો શી છે. એકને પુરૂપ અને બીજાને સ્ત્રી એવાં નામાભિધાન આપ્યા પછી તેમનાં અન્યોન્ય પ્રતિ શાં શાં કર્તવ્યો છે તે પણ આપણે જોવું જોઇએ. ગુર્જર--ગિરાના સમર્થ પંડીત સ્વર્ગસ્થ શ્રીયુત્ ગોવર્ધનરામભાઇ સ્ત્રી પુરૂષના સંબંધને મિત્રતા અથવા ઐક્ય કહે છે.

" અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી,
સ્ત્રી પુરૂષની તેથીજ જગમાં મિત્રતા ઉત્તમ કહી. "

એ મિત્રતા છે એટલુંજ નહિ પરંતુ ઉત્તમ મિત્રતા છે. પ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાન Ruskin પણ આ બાબતનું સમર્થન કરે છે. અને એક નાનકડા વાક્યરૂપેઃ—

"Each without the other is incomplete."

ની અંદર સમસ્ત રહસ્ય સમજાવી દે છે. આપણા દેશના અને ઇતર દેશીય, પ્રાચીન અને અર્વાચીન સર્વ વિદ્વાનો આ બાબતનો પૂર્ણ વિચાર કરી ગયા છે અને પોતાના અનુભવો અથવા ઉપદેશો સુવર્ણાક્ષરે ટાંકી ગયા છે. આદર્શ જીવન ગાળવાના અદ્‌ભૂત માર્ગ સુચવતા મહાનુભાવ મનુ મહારાજ પોતાની સ્મૃતિમાં આ બાબત ઘણુંજ લખી ગયા છે, તથા બીજા પણ સ્મૃતિકારો, ઇતિહાસકારો અને લેખકો આ બાબત પૂર્ણ સમજાવી ગયા છે. વિસ્તાર થવાના ભયથી એ બધાનાં નામ અને લખાણો આ નાનકડી ભૂમિકામાં દર્શાવ્યાં નથી, પરંતુ એ સર્વ મહાત્માઓ પ્રત્યે વાંચકગણનું ધ્યાન ખેંચવામાં આવે છે.

સ્ત્રી પુરૂષની યોગ્યતા સંબંધે આટલો વિચાર કર્યા બાદ હવે આપણે પ્રસ્તુત નવલકથાનું ઐતિહાસિક દૃષ્ટિએ દિગ્દર્શન કરવું જોઇએ. સમાજ સુધારણાના અનેક ઉપાયો છે તેમાં સાહિત્ય (Literature) એક અગત્યનો વિભાગ છે. પ્રજાના જીવન ઉપર સાહિત્ય જેવો પ્રકાશ પાડી શકે છે તેવો બીજી કોઈ પણ વસ્તુ પાડતી હોય તેવું જણાતું નથી. દરેક પ્રજાના ગુણદોષ જાણવાનું એક સાધન સાહિત્ય અથવા Literature છે, અને તે વડે આપણને તે પ્રજાની સાહિત્યના સમયની ચોક્કસ પરિસ્થિતિ માલમ પડે છે. ઇંગ્લાંડમાં નવલકથાનું સાહિત્ય ઘણુંજ પ્રચલિત છે. ઘણા સમય પૂર્વેથી એ સાહિત્ય ઉપર ત્યાંની પ્રજા પ્રેમ રાખતી આવી છે. અને પ્રખ્યાત

નવલકથાકારોનાં પુસ્તકોની હજારો પ્રતો એક દિવસમાં વેચાઇ ગયાનું આપણા જાણમાં છે. નવલકથાથી સાધારણ જનસમૂહ Classes ને ઘણુજ લાભ છે. Classes અથવા ઉત્કૃષ્ટ કોટીના મનુષ્યોને નવલકથા ઘણો લાભ આપી શકતી નહિ હોય પરંતુ સાધારણ જનસમૂહને તો અનેક ફાયદા છે. નવલકથા અને ઇતિહાસો લગભગ મળતાજ આવે છે. અને તેથીજ ઐતિહાસિક નવલકથાનો પ્રચાર ઘણોજ થયો છે. પ્રસ્તુત નવલકથા કેવળ કલ્પિતજ છે, પરંતુ કલ્પિત નવલકથામાં પણ ઐતિહાસિક જેટલુંજ વસ્તુ જરૂરનું છે. બલ્કે તેથી વધારે વસ્તુની જરૂર છે. પરંતુ વધારે અગત્યની વાત તો એ છે કે બન્ને પ્રતિની નવલકથાઓમાં વિષય સંઘટ્ટન બરાબર સંકલિત હોવું જોઇએ, નહિતર નવલકથા કેવળ નીરસ અને શુષ્ક થઇ જાય છે. પ્રસ્તુત નવલકથામાં એ બાબતપર ખાસ લક્ષ્ય આપવામાં આવ્યું છે અને બની શકે ત્યાં સુધી વિષય સંકલના બરાબર કરવામાં આવી છે. છતાં વિદ્વાન વાચકવર્ગને તેમાં ન્યૂનતા લાગે તો લેખક ક્ષમાની યાચના કરે છે.

પ્રસ્તુત્ત નવલકથામાં સમયને અનુસરીને પાત્તિવ્રત્યનો મહિમા આલેખવામાં મેં ક્ષુદ્ર પ્રયાસ કર્યો છે. અનેક આફતો, ઉપાધિઓ, અડચણો અને વિટંબનાઓ આવવા છતાં સતિ દેવમતિએ જે પ્રકારે પોતાના પાત્તિવ્રત્યનું રક્ષણ કર્યું છે, અને અનેક પામરોને આશ્રય આપી દેવ કોટિમાં લાવી મુકયા છે એ વાંચી અને વિચારી આર્ય અબળાઓ પાત્તિવ્રત્યનો ખરો અર્થ સમજી તેનો મહિમા અને ગૌરવ હિંદમાં પ્રચારી આર્યાવર્તને ઉચ્ચતર બનાવે એજ મારો ઉદ્દેશ છે. સ્ત્રી અને પુરૂષ એક એકને બરાબર અવલંબીને આદર્શજીવન ગુજારે અને પોતાના અને પારકા હિતમાંજ મગ્ન રહે તોજ ભારતવર્ષનું કલ્યાણ સાધી શકાય. કલેશ, કુસંપ અને ફાંકડી ફેશનોથી ઉદ્‌ભવતી અનીતિનો વિધ્વંસ કરી આર્યબાળાઓ

पतिरेको गुरु स्त्रीणाम्, એજ મંત્રની માળાઓ હરહમેશ જપ્યા કરે તોજ ભારત વર્ષનો ઉદ્ધાર છે. અન્ય પ્રજા કોઈ દિવસ કોઇનો ઉદ્ધાર કરી શકી નથી અને કરી શકશેજ નહિ એ અમારો સિદ્ધાંત છે. જો કોઈ પણ દેશ કદી પણ ઉત્કૃષ્ટ બનશે, શ્રેષ્ઠતાને પામશે, તો તે પોતાના સ્વગૌરવથીજ; અને એ ગૌરવ આર્ય માતાઓનાજ હસ્તમાં છે. માટે પુસ્તક વાંચનાર મ્હારી આર્ય બ્હેનોને મ્હારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે ફેશન બાઇની ફુલવાડીમાં ફુલાઇ જઇ મોહાંધ ન બનતાં તેની અંદર રહેલા કંટક વૃક્ષોનું બરાબર ભાન રાખશો અને કોઇપણુ રીતે લુબ્ધ નહિ થતાં, પરમકૃપાળુ પરમાત્માએ પોતાને માટે નિયત કરેલા ભવિષ્ય ઉપર સર્વ આધાર રાખી પોતાની જન્મ દાત્રીને બરાબર માન આપવું. પોતાના પતિમાંજ હર હમેશ કાયા, વાચા અને મનસા સર્વ ધ્યાન રાખવું, અને સર્વ તરફના દુષ્ટ વાતાવરણુની હવાનો પૂર્ણ પરિત્યાગ કરી પતિવ્રત બરાબર પાળવું. એજ મંત્ર એજ ઇષ્ટ.

Man is liable to err મનુષ્ય ભૂલને પાત્ર છે. કોઇ વસ્તુ દોષ રહિત તો નજ હોય પ્રસ્તુત નવલકથામાં પણુ અનેક દૃષ્ટિ દોષો સુજ્ઞ વાંચક વર્ગની દૃષ્ટિએ પડશે. પરંતુ હંસ–ક્ષીર ન્યાયના આધારે, દોષપર દૃષ્ટિ નહિ કરતાં તારતમ્ય ગૃહણુ કરી સંસાર નૌકાનું સુકાન સીધી દીશાએ વાળવું એજ પ્રાર્થના.

વાચકગણુના રસમાં વધારે ઉમેરો કરવાની ધારણાએ તેમજ આર્ય બ્હેનોના કલ્યાણુની ઇચ્છાએ આ કથાના પાછલા ભાગમાં ભિન્ન ભિન્ન બોધિક રસોની ઉમેરણી કરી છે જેનો યોગ્ય સાદર થશે તો હું કૃતાર્થ થઇશ. **इति शुभम्.**

ફાલ્ગુન શુકલપક્ષ ૧૯૭૪.
ભુલેશ્વર, ભાણુભાઇ ચાલ. } **લી. પ્રભાશંકર ગોવિંદરામ. શુકલ.**

બોધિક સંગિત સંગ્રહ.

લેખક—પ્રભાશંકર ગોવિંદરામ શુકલ.

૧

જીવડલા જાણ જીવન છે આ સ્વપ્નું,
સ્વપ્નું સ્વપ્નું સ્વપ્નુંરે અંતે નથી કોઇ ખપનું.
છે આ સ્વારથી જગ ઝેરી ગોળી,
ત્રિયા સાથે સ્વારથી બની ભોળી;
મ્હેની ભોજનીયાં દેશે ઘી જબોળીરે... ... જીવડલા૦
જાતાં હંસલો સંબંધી થાશે ટોળી,
બાંધી બંધ ને લેશે કરી ડોળી:
ખડકે ચિતાને કરવી જાણે હોળીરે. ... ... જીવડલા૦
પ્રગટી વન્હિ ઉપર ઘી દે ઢોળી,
કરશે ભડકો કે પ્રગટી જાણે હોળી;
કરશે કાયાની ખાખ ખોળી ખોળીરે.... ... જીવડલા૦
ભૂંડા માયાના મદને શું ચાટે,
ખરૂં ખોટું કરે તું શા માટે;
ખાઇ ઝેર કદી નહિ ખાટેરે.... ... ... જીવડલા૦
મારૂં મારૂં કહી તું શું તાણે,
તારૂં કોઈ નથી અંત ટાણે;
તારે જાવું છે મોત કેરે આણેરે. ... ... જીવડલા૦
આવ્યો ખાલી ને જાશે ખાલી હાથે,
દીધું હાથે તે જાણી લે તું સાથે;
ચેતી જાને તું કાળ ભમે માથેરે. ... ... જીવડલા૦

આજે સત્તાને ધનથી તું ડોલે,
પ્રભાશંકર મદથી તું બોલે;
ગયા કાળને કઇક છે ખોળેરે... ... ... જીવડલા૦

૨

વૈરાગ્ય.

તજી ઘર માળને માળા, પલકમાં પ્રાણુ તો જાશે,
મુકી સંસારની શાળા, પલકમાં પ્રાણુ તો જાશે;
વપુરૂપ કુંભને ફોડી, જીવનના તારને તોડી,
સગાં સંસારનાં છોડી, પલકમાં પ્રાણુ તો જાશે.
તજીને નિંદ તું ભાઇ, વિભુના ગુણુ લે ગાઇ,
ન સંગ આવશે કોઇ, પલકમાં પ્રાણુ તો જાશે;
પિતા તન માતાને મેલી, પ્રિયાના પ્રેમને ઠેલી,
લઇ પુન્ય પાપની થેલી, પલકમાં પ્રાણુ તો જાશે.
ભલે હો રંક કે રાયા, અમર કોઇ નહિ જાયા,
તજી દે મોહને માયા, પલકમાં પ્રાણુ તો જાશે,

૩

કૃપણુનિમિત્ત મનોપદેશ.

" કૃપણુ બિચારો હેડે આશ ધારી વ્યોમ સુધી;
" કરી કરી પાઇ એકી પુંજી ઘણી થાય છે.
" આંક લાવી લાખ સુધી, લાખનો એલાખ ચાહે;
" ગણે નિજ ત્રીસો દઇ કોટી પતિ થાય છે.

" પણ ભાઇ ધારજે તું પાત્ર કર્મે તુજ મળ્યું,
" કોટિક ઉપાયે કદી અધિક ના પામશે.
" પાકનો પકાવનાર, પાક અગણિત કરે,
" ઉદર નિમિત્ત તેજ શેર ગૃહનાર છે.
" શકટ વેહેનાર પ્રાણુ અમૃતને શિરે ગૃહે,
" તૃણના ધણીને તૃણ જરૂર મળનાર છે.
" ભક્ષેને ઉંદર ખોદી, મરે શિર રતિ લઇ,
" ભાગ્યનો ભોરીંગ તેનો નિશ્ચે ભોગકાર છે.
" રાખી ધારી વૃત્તિ માંહી, ચીરંજી અવનિના અમે,
" ખાઇ ખૂબ ખેલી ખંતે, કાળને હંફાવશું.
" ત્યાં તો કાળ શું શું કરે કોણ ભેદુ તેનો મળે,
" વિરલા જે વીર નરો તેથી હાર પામ્યા છે.
" રઘુપતિ ધારી રાજ, જરૂર પ્રભાતે મળશે,
" આડી રાતે વનપદ ગ્રાહીને સીધાવ્યા છે.
" નળ, હરિશ્ચંદ્ર રાય, પાંડવ શું વન કર્મે,
" કાળની ગહન ગતિ કાળ કો, જીતાય છે.
" ચેતચેત મુઢમતિ સંસારની જાણી કથા,
" કર્યું હાથે સાથે જાણી પુન્યે મન વાળજે.
" મારૂં તેં જે મારૂં ગણ્યું, તારૂં નહિ જાણવું,
" નિમિત્તનો દાસ માની શુદ્ધ મતિ રાખજે.
" ધનસુત ભાઇ દારા, સંસારની મોહજાળ,
" સ્મશાન સુધીનાં સહુ, પાછાં વળનાર છે.
" સુત ગોવિંદની વાણી, કડવી દવા તું માની,
" અંતમાં છે પાપ પુન્ય, સંગે ઘટ ધારજે.

૪
કંથને વશ કેમ કરાય?

" સ્વામી વશ થતો નથી, સોળ શણુગાર સજે;
" સ્વામી વશ થતો નથી, અંગતણા રંગથી.
" સ્વામી વશ થતો નથી, પીયરના પૈસા થકી;
" સ્વામી વશ થતો નથી, સદા અંગ સંગથી.
" સ્વામી વશ થતો નથી, પુત્રનો પ્રસવ થયે;
" સ્વામી વશ થતો નથી, ધૂર્ત જેવા ઢંગથી.
કામિનીને વશ કંથ થાય, દલપત કહે;
પ્રેમ ઉર આણી પાળે, આમન્યા ઉમંગથી.

[ક. દ. ડા.]

૫
કેટલા કોને વશ કરે?

જ્ઞાનીને તો કરે વશ, જ્ઞાનની ગાથાઓ ગાઇ;
માનીને તો કરે વશ, નિત્ય નમ્રતાઇથી.
કૃપણને તો કરે વશ, કરીને કસર કંઇ;
ક્રોધીને તો કરે વશ, ખામુખા ક્ષમાઇથી.
મૂરખને તો કરે વશ, મીઠી મીઠી વાતો કહી;
ફૂલણને તો કરે વશ, ફૂલાવી ફૂલાઇથી.
કહે દલપતરામ, કામિની ચતુર કંથ;
ચતુરને વશ કરે ચિત ચતુરાઇથી.

[ક. દ. ડા.]

૬
સ્ત્રીના બહારના સોળ શણગાર.

કેશને સમારી રહી, અંગ મુખ ધોઇ કરી;
પેરીલે સુકંચુકી, હોય તસતસતી.
પગ હાથ કાન કોટ, એ તણાં ભૂષણ થોક;
જુગતીથી સજી લેતી, નહી ઠસઠસતી.
કાજળ સુરેખ હીંગળોકને, કપાળ સેંતે;
ચણીઓ ને સાડી પેરે, નહી મસમસતી.
અંગ મુખવાસવાળી, ભલી ચાલે છટા થકી;
મૃદુ જોતી બોલતી, ને પીતી રસ હસતી.

(કવી નર્મદ.)

૭
સ્ત્રીના અંતરના સોળ શણગાર.

સુઘડતા આવડત, ડહાપણ ચતુરાઇ,
ચપળતા પતિવ્રત, ઉદારતા સાત છે;
ક્ષમા સત્ય સંતોષને ઉદ્યોગ દયા સુવિદ્યા,
સર્વજન પ્રીતિ પ્રભુભક્તિ દિનરાત છે.
ધૈર્ય સહી સોળ ગુણ સજી એવી નારી તે તો,
ઘર નાત જાત દેશ વિદેશ વિખ્યાત છે;
સોળ સલક્ષણી નારી, સોળ શણગારવાળી,
મળે જેને હાથ વ્હાલી તેની તો શી વાત છે.

[કવી નર્મદ.]

૯

કામની તે ન કામની કેવી રીતે ?

કામની ના કામની કહેલી જે ન કામની શે,
કામની છે શિક્ષા તે તો કામની તમામની;
કામની જે કરે નહિં ચિંતા ઘરકામની તે,
નિર્લજ ન કામની કીંમત એ બદામની.
કામની કામની જેવી કંથમાં ન કરે પ્રીત,
કુંભારના કામની તે ગદ્ધિ જેવી ગામની;
સારાં કામકાજ નિત્યે કરવા કામની કીધી,
કામની જે આળસુ તે કામની શા કામની.

[ઠ૦ દ૦ ડા૦]



Alas ! ! ! *Alas ! ! !*

1. Pride goes before destruction.

2. No earthly thing can cheer one whose heart is broken.

3. No doubt, love is blind to the fault of the beloved, but lust is blind to its own misdeeds or wickedness although the whole world is awake to it.

4. Riches ill gotten brings in haughtiness and makes one forget his duty towards the poor.

5. The selfish does not care what others suffer so long as his own ends or interests are served.

6. There is no armour against fate. If one is doomed to destruction, he will surely be blind to the true and right Path, nor can he be ever led to it.

ॐ

સ્મરણાંજલિ.

પરમપૂજ્ય સ્વર્ગવાસી પિતાશ્રી **ગોવિંદરામ** તથા પરમપૂજ્ય સ્વર્ગવાસી માતુશ્રી **નવલબાઈની** સંસ્મૃતિ નિમિત્ત પુત્ર ધર્માનુસાર આપની યત્કિંચિત્ શુશ્રૂષા સંબંધી સાધન સ્વરૂપ આ સ્ત્રી ઉપયોગી **"સતિ દેવાંગના"** નામક નૂતન પુસ્તકમાં આપનાં ઉભયનાં પવિત્ર અભિધાનો સંઘટ્ટિત કરી વ્યવ્હારિક દેહ દ્રષ્ટિદ્વારા મનાતો આપનો આત્મજ (પુત્ર) પ્રભાશંકર આપ સદ્ગુણી માતા-પિતાઓના સ્મરણભૂત આ **સ્મરણાંજલિ** વિક્રમાર્ક સંવત્ ૧૯૭૪ ના માઘ શુકલ પ્રતિપદાના દિવસે શ્રદ્ધાસહ આપને અર્પિત કરૂં છું.

મુંબાપુરી.
૧૯૧૮.

લી. આપનો,
ઋણી આત્મજ
પ્રભાશંકર ગોવિંદરામ શુકલ.

॥ श्री गणेशायनमः ॥

सति
देवांगना.

પ્રથમ પરિચ્છેદ.

રંગમાં ભંગ.

पतिर्हि देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः ।
पत्या समा गतिर्नास्ति दैवतं वा यथा पतिः ॥

સ્ત્રીઓને પતિજ દેવતા છે, પતિજ સ્નેહી છે, તથા ગતિ છે માટે પતિવ્રતા સ્ત્રીઓએ સ્વામીભક્તિ કરવી એજ ઉત્તમ છે.

સમય પ્રાતઃકાળનો છે. ભગવાન્ રશ્મિકાન્ત સવિતા નારાયણ મંદ મંદ સ્મિત કરતાં પોતાનાં સુવર્ણમય કિરણો પૃથ્વી ઉપર ફેંકે છે. સૂર્ય રશ્મિથી ખીલેલાં કમળ આદિ પુષ્પો મધુર પરાગ ફેલાવી, દશે દિશાઓ સુગંધમય કરે છે. નગરજનો દિનચર્યાની શરૂઆત કરતા જણાય છે. વિદ્યાર્થીઓ શાળા પ્રતિ પ્રયાણ કરતા દૃષ્ટિગોચર થાય છે. યુવાન બાળાઓ સ્નાનાર્થે તથા જળાર્થે સરિતા પ્રતિ ગમન કરતી માલમ પડે છે. વિહંગપુર જેવા સ્વર્ગીય નગરમાં અવનવા રંગોથી

રંગેલ મહાલયો સૂર્ય કિરણથી દેદિપ્યમાન થઇ રહ્યાં છે. નગરની ઉદયશૃંગ ભણીનું એક બેઠા ઘાટનું મકાન આપણને દૃષ્ટિગોચર થાય છે. દ્વાર સમીપ એક મનોહર ઉદ્યાન દેખાય છે, જેમાં ખીલેલાં પુષ્પોનો પરિમલ બ્હેક બ્હેક મારી રહ્યો છે. આ મકાનમાં પ્રવેશ કરવા માટે ઉદ્યાનની વચમાં એક સીધો માર્ગ નજરે પડે છે. સાતેક કદમ ગયા પછી સમીપમાં એક દ્વાર નજરે પડે છે. અને અંદર પ્રવેશ કરી ડાબી બાજુએ નજર નાંખતાં એક યુવાન વિપ્ર દેવ સેવામાં લીન થએલો જણાય છે. તેનો શરીરનો બાંધો મજબુત, ગૌરવર્ણ, લલાટમાં ત્રિપુંડાકારે લેપન કરેલી ભસ્મ, કંઠમાં આરોપિત રૂદ્રાક્ષમાળા વગેરે જોતાં કોઇ સ્વર્ગીય ગાંધર્વ કે યક્ષ અથવા કિન્નરનું ભાન થાય છે. તેનું વય આશરે પચીશેક વર્ષનું હતું. સમીપ ગોઠવેલાં શિવપંચાયતન પુંજ ઉપર ગુલાબ, જાઇ, જુઇ, કેતકી, મોગરો તેમજ બિલ્વપત્ર આદિ ચઢાવેલ હોવાથી સાક્ષાત કૈલાસપતિ આવી બિરાજેલા હોય તેવું ભાન થતું હતું. તદુપરાંત ઘૃતદીપકની મંદ મંદ બળતી જ્યોતિ અને સુગંધમય ધૂપશલાકા શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. ભૂદેવની સામે એક નવયોવના, લલિતાંગી સુકોમળ બાળા બંને કરજોડી તદાકાર લીન થઈ બેઠેલી જણાય છે. ઉભયની પરિચર્યાના અનુભવથી તે દંપતિ હોય તેમ જણાતું હતું. રૂપ યૌવના વનિતાના મુખ ઉપર જાણે રજનીકાન્ત પોતેજ આવીને વસ્યો હોય તેમ જણાતું હતું; ગુલાબી ગાલ અને મનોહારક અધરોષ્ઠ ગમે તેવા કટિબદ્ધ મહાત્માને અધરામૃતનું પાન કરવાને લલચાવતા હતા. નયનમાંથી નીકળતા તીવ્ર શર, વિશાળ પુષ્ટ કનક કળશરૂપ દેખાતાં સ્તન, પરિધાન કરેલી ભગવા રંગની રેશમી સાડીમાં છુપાઇ રહેલાં સુકોમળ અવયવો, વિશાળ લલાટ ઉપર લેપન કરેલી ભસ્મ, કંઠમાં પરિધાન કરેલી સ્ફાટિકની

માળા વગેરેની અદ્દભૂત રૂપ લાવણ્યતા બ્રહ્મચારીનું બ્રહ્મચર્ય અને અવિચળ, અડગ તપસ્વીનું તપ ચુકાવવાને બસ હતાં. ટુંકમાં બાળાનું સ્વરૂપ ઇંદ્રિસભાના રત્ન રૂપ રંભા અથવા ઉર્વશીને લજાવે તેવું હતું. દંપતિ પ્રભુ સ્મરણમાં લીન હતાં. કલ્યાણકારક વિશ્વપતિના જપ જપવામાં મશગુલ હતાં. થોડોક સમય વ્યતીત થયો એટલે જપનું કાર્ય પુર્ણ થયું. અને પછી ઇશ્વર સ્તવન ચાલ્યું–બાદ પ્રભુ સેવાની સમાપ્તિ થતાં યૌવનાએ પતિ સેવાનો પ્રારંભ કર્યો. પાદ પ્રક્ષાલન કરી ચરણોદક લીધું, ચંદન; અક્ષત, પુષ્પ આદિ વિધિ થયા પછી પતિદેવની પ્રદક્ષિણા કરી પત્ની કરસંપુટ કરી સામે ઉભી રહી. દરમ્યાનમાં પતિ બોલ્યા " અહા, હું કેટલો સુખી"!!! કેટલો ભાગ્યશાળી !!!

વલ્કલ છે પરિધાન કાજ, ટંકે પણ નથી ભાખરી,
અષ્ટ પ્રહર કરવી ભલે ચાકરી અતિ આકરી;
આધિ વ્યાધિથી કાયા પ્રજળતી અતિ,
નિવારતી તે સકળને પ્રિયા જેની છે સતિ.

પ્રિયે, હું ત્હારાથી કેટલો બધો સુખી છું, ખરેખર ત્હારા જેવી પતિપરાયણ પ્રમદાને મેળવવા માટે હું પુરો ભાગ્યશાળી છું. "

" વ્હાલા, ન બનાવશો, તીરથી વીંધી હા ન ભણાવશો. લલનીનું લાલિત્ય તો લાલના હાથમાં, લલના તો કિંકરી "–પત્નિએ કહ્યું.

" ખરૂં, કિન્તુ તે લાલના લાલિત્યનો બજાર લલનાની રસિકતા, મૃદુતા અને મશરૂ જેવી સુંવાળી આ કોમળ કાયામાં રહેલું છે "–પતિએ જવાબ આપ્યો.

" લાલિત્યનો બજાર ગમે તેટલો રસિક હોય કિંતુ તેનો સોદાગર હૃદયશૂન્ય હોય તો તે બજાર ફુટી બદામનો થાય છે નાથ. " પત્નિએ વિંનીત થઇ ઉત્તર આપ્યો " ભદ્રે, જેમ પરિમલ વિના

પુષ્પની અને જળ વિના સરોવરની ગણના થતી નથી તેમજ કેવળ જડભરથ, કુંભકર્ણની લાંબી ઉંઘમાં ઉંઘનાર હૃદયશૂન્ય પુરૂષોની કિંમત જગતમાં ક્વચિતજ થાય છે "–પતિએ પ્રેમભાવથી વિષયાન્ધ તથા મોહાન્ધ પુરૂષો તરફ તિરસ્કાર દર્શાવ્યો. " જો દંપતીનું ઐક્ય નથી, પરસ્પર ધર્મની ભાવના નથી તો પછી સંસાર શાથી સુખી ? " પત્નિએ ધર્મના રહસ્યનો પ્રશ્ન કર્યો.

" સ્વપ્ને પણ નહિ, દંપતીમાં ઐક્ય નથી–પ્રણય નથી તેનો સંસાર કેવળ વિષ સમાનજ છે. કિન્તુ મારા સંસારનો અમુલ્ય લ્હાવો, મારૂં મીઠું સુખ તો આ મારી વિશુદ્ધ અને રસિક પ્રાણવલ્લભામાં વસે છે "–પતિએ પત્નિના મતને અનુમોદન આપતાં અધરામૃત કરવાને ઇચ્છ્યું. પત્નિ, પતિનાં ઉક્ત પ્રેમાળ વાક્ય શ્રવણ કરતાં હર્ષઘેલી થઇ પોતાને અહોભાગ્ય માનતાં બોલી " તો વ્હાલા, આ પ્રિયા પ્રિયથી ક્યાં ન્યૂન સુખી છે. આપનું અપરિસીમ વ્હાલ તેજ મ્હારા જીવનની સાર્થકતા છે. "

" વ્હાલી, જળપાન કરનાર કરતાં, જળપાન કરાવનાર અધિક ભાગ્યશાળી હોય છે. મારો ત્હારા પ્રતિ પ્રેમ છે તેમાં વડાઇ મારી નથી, કિંતુ ત્હારીજ છે. ત્હારા પ્રેમે મને બંધીવાન કર્યો છે. હું ત્હારે આધીન છું. " પતિએ હૃદયોદ્‌ગાર કાઢ્યો.

" આપ મારે આધીન, પંડિતવર્યોના અધિષ્ઠાતા એક અબળાને આધીન ! ! ! પત્નિએ હાસ્યવિનોદ કર્યો.

" હા, "પતિ એટલું જ બોલી મૌન રહ્યો.

" અબળાને આધીન તો નબળા જન થાય " પત્નિએ વિનોદની વધુ છુટ લીધી.

" તેમ તો તેમ " પતિએ ઉડત બોલી વિનોદમાં વધારો કર્યો.

"ત્યારે શું આપ નબળા" પત્નિએ સ્મિત કરી કહ્યું.

"પંડિતવર્યોની વિદ્વતાભરી વાક્પટુતામાં કદાચ હું અગ્રણી થઇશ, કિંતુ પ્રિયાના પ્રેમસુતરને તોડવા તેમજ પ્રિયાની રસિક વાણીનો કઠોરભાવે ઉત્તર આપવા તો હું કેવળ નિર્બળજ છું." પતિએ હૃદયભાવ દર્શાવ્યો.

"નાથ, નગીના ન થશો. અબળાથી હારશો તો વિશ્વમાં નાહકની વગોવણી થશે." પત્નિએ કસોટી કરી.

"ગમે તે થાવ, કેમકે

નવનીધ વાની ઝેર સમ, જો હૃદયમાં નહિ પ્રેમ છે,
સુકી ભલેને ભાખરી, આદર અને શુદ્ધ પ્રેમ છે;
લાખ પુરણ છો મળ્યાં પણ એક અંક વિણુ તુચ્છ છે,
પ્રેમ મળીઓ પ્રેમીને તો સ્વર્ગ પણ ત્યાં હુલ છે.

દંપતિના વિશુદ્ધ અને અદ્વૈત પ્રણય આગળ અખિલ વિશ્વની કીર્તિની કિંમત કાંઇ વિસાતમાં નથી. પ્રિયે, હું ત્હારા પ્રેમમાં અંજાયો છું; નવનીધ ભોજન કરતાં હું ત્હારા પ્રેમની ભાખરીનોજ ભુખ્યો છું—પતિએ શુદ્ધ ભાવે કહ્યું.

"પરમાત્મન્, નિભાવો આપણી સદૈવ પ્રણય ભાખરી, વ્હાલા વિનંતિ સ્વીકારશો." પત્નિએ પતિ પ્રદક્ષિણા કરવાને ઇચ્છયું.

"ઘણીજ ખુશીથી"—પતિએ પત્નિની આર્જવતા સ્વિકારી, મધ્યમાં ગોઠવેલા બાજઠપર આસન કર્યું. પત્નિએ પતિ જાપ કરતાં પ્રદક્ષિણાનો પ્રારંભ કર્યો. અર્ધ ઘટિકા વ્યતીત થતાં એક અવધૂત યોગીએ ભિક્ષાન્નદેહિ ઉચ્ચરતાં દ્વારમાં પ્રવેશ કર્યો. પતિ પ્રદક્ષિણા કરતી અબળાએ નમ્ર ભાવે પ્રણામ કર્યા અને બોલી, "દેવેશ પધારો, આ દર્ભાસન પર વિરાજો, હમણાં હું સ્વામીની સેવામાં છું. સેવા પૂર્ણ

થતાં હું આપનું સ્વાગત કરીશ. ” સતિએ દર્ભાસન આગળ ધર્યું.

પરંતુ યોગીજીનું કાતરીયું તો અહીંથીજ ગેમ થઇ ગયું અને સ્વગત ઉચ્ચર્યા “ જોયા ભાઇ દોરંગી દુનીયાના રંગ, પહેલાં પેંડુઆ અને પછી વિંડુઆ. પ્રથમ સ્વામી અને પછી અતિથી, ઠીક ભાઇ, નારાયણ, નારાયણ, નારાયણ. ” યોગીજી નિરાશાજનક નિઃશ્વાસ નાંખતાં દર્ભાસન પર વિરાજમાન થયા. થોડી ઘટિક વ્યતીત થતાં યોગીજી આસન ઉપર ઉંચા નીચા થવા લાગ્યા, અબળાની પતિસેવા ક્યારે પૂર્ણ થાય અને પોતાનો ભાવ કયારે પૂછાય તે વિચારમાં ને વિચારમાં કેટલીક પળ વહી ગઇ. યોગીજીએ આશા સૂત્રનું અવલંબન કર્યું છતાં વધુ સમય જવાથી ધીરજ જતી રહી અને એકદમ લાલચોળ નેત્ર કરી, ભવાં ચડાવી બોલ્યા,

“ વ્યતીત થઇ ઘટિકા છતાં ન લેશ કાંઇ તું દાદ દે,
આશ તાર કરમાં મુકી એ પાપિણી તું કાપ દે.
સ્વાર્થમાં થઇ લુબ્ધ ત્હારો સ્વાર્થ તું છે સાધતી,
પણ ધર્મ પર પ્રીતિ વિના લેશ શુભ નવ ધારતી. ”

ઉક્ત શાબ્દેકર્ણગોચર થતાં સતિ વિમાસામાં પડી. હજુ તો માળાના એકસો આઠ મણકાઓથી માત્ર અડધાજ મુકાયા હતા. હવે શું કરવું ? અતિથી સત્કાર કરવા જતાં, પતિવ્રત પાળતાં અતિથી રોષે ભરાય છે. બાળા બિચારી વિચાર સાગરમાં અટવાઇ, ધર્મ સંકટથી મુંઝાઇ, યોગીનાં ચઢેલાં ભવાંથી ગભરાઇ, છતાં યોગીજીને શાંત્વન આપતાં બોલી.

“ અસાર આ સંસારમાં સંસારીનો જે ધર્મ છે,
આર્ય કેરા શાસ્ત્રમાં વિશ્વેશનો જે મર્મ છે;
મર્મ સમજી પ્રેમથી છું ધર્મ પંથે ચાલતી,
યદિ એમ છે તો કેમ કહો કલ્યાણ તું જ નવ ધારતી.

સતિએ યોગીને ડરતાં પ્રશ્ન કર્યો. યોગીએ ક્રોધમાંજ જવાબ આપ્યો " સ્વાર્થી અબળા, તને સંસારીના ધર્મની ક્યાં ખબર છે. અતિથીના સત્કાર એજ ધર્મનું પ્રતિપાલન કર્યું મનાય છે. અને તે વિરલ પુણ્યના ફળ રૂપ દેવેશની પૂર્ણ કૃપા મળે છે. જ્યારે હું ત્હારી પાસે ભિક્ષાર્થે આવ્યો ત્યારે તેં મને આશા આપી મારો અમુલ્ય સમય વ્યર્થ વ્યતીત કર્યો. "

" આપનો અમુલ્ય સમય કદાચ વ્યતીત થયો હશે તો તેને માટે ક્ષન્તવ્ય કરશો. કિંતુ મહાત્મન્ શું આપ નથી જાણતા કે શાસ્ત્રાનુસાર પતિને આ અસાર સંસારમાં દેવેશનો પણ દેવેશ કલ્યાણનો કિનારો, મોક્ષનું પરમ ધામ પતિની શુશ્રુષાજ, પતિની અનન્ય ભક્તિ, પતિવ્રત જ છે. " સતિએ શાસ્ત્રસાર દાખવ્યો. સતિનાં આ વચનો શ્રવણ કરતાં યોગીના ક્રોધનો તો પારજ ન રહ્યો અને રોષમાં ને રોષમાં બોલ્યા.

" મૃતિકા તણું મંથન કર્યે નવનીત શું મળનાર છે,
કાષ્ટ સુકું શું કદી જળ ધોધથી ફળનાર છે;
દામ માગ્યાં અતિ ધણાં, શું કાચનાં મળનાર છે,
હિત પરસ્પર સાધતાં નવ તુજ કાંઇ વળનાર છે.

પોતાનું ઉદર ભરવાથી કાંઇ પુણ્ય કહેવાતું નથી એતો **પરાપકારાય સતાં વિભૂતય:** એ સૂત્રને અનુસરી વર્તનારજ સંસારમાં ધર્મપરાયણ લેખાય છે. બાકી ઘરના દેવ અને ઘરના પુજારી તેમાં કાંઇ લેવા કે દેવા, તેથી કલ્યાણ કિનારો કાંઇ રસ્તામાં નથી પડયો " ઉક્ત બોલતામાં સતિ અટકાવતાં બોલી, " મહાત્મન્ આપ આ શું વદો છો, આપે શાસ્ત્રનું પૂર્ણાવલોકન કર્યું હોય તો શું આ સૂત્ર આપને યાદ નથી કે,

क्षंतुमर्हसि रे विद्वन् भर्तामेदैवतंपरं ।
सचापि क्षुधितः श्रान्तः प्राप्तः शुश्रुषिता मया ॥

અપરાધ થયો હોય તો ક્ષમા કરશો. પતિવ્રતા સ્ત્રીઓને આ જગતમાં જેમ પુષ્પનું ભૂષણ પરિમલ છે, અમૃતનું ભૂષણ મીઠાશ અને ચંદ્રનું ભૂષણ જ્યોત્સ્ના છે તેમ વિશ્વના વિસ્તારમાં પત્નિનું સૌભાગ્ય-ભૂષણ અને સાચું દૈવત પોતાનો પતિજ છે. પતિજ તારનાર, પતિજ ઉગારનાર છે. સતિનું ઉક્ત સંભાષણ યોગીરાજને રૂચ્યું નહિ. જેથી તેમણે નીચેનું વાક્ય ઉચ્ચારી પોતાના મનનું સમાધાન કર્યું.

" સમુદ્ર છે અથાગ જ્યાં શું ટાંક છે વિસાતમાં,
ડુંગર અતિ વિસ્તારમાં, મૂષક ગણો ન વિસાતમાં.

ઉક્ત પ્રશ્નનો ઉત્તર સતિએ આપવા પ્રયત્ન કર્યો અને ઉચરી.

"મુનિરાજ, સતિના તાપથી કંઈક ભલભલા મુનિઓ ડર્યા,
તારા, અહલ્યા, દ્રૌપદી પતિવ્રત થકી સ્હેજે તર્યા."

વળી, સતિ યોગીના ભાવનું ખેલન કરતાં બોલી.

પરમાત્મ સેવન યજન યાજન યોગીઓને ઇષ્ટ છે,
સતિ શાણીને પતિવ્રત સમું નહિ કાંઈ બીજું મિષ્ટ છે."

યોગીરાજ બરાબર તપ્યા, અને ક્રોધ બાણ વર્ષાવવા લાગ્યા. અતિશય ક્રોધથી મૂક થઇ કાંઇ બોલી શક્યા નહિ.

સતિનો સ્વામિ આ ઉભયની વાક્પટુતા શ્રવણ કરવામાં લીન થઇ ગયો. અહીં યોગીના મનનું સમાધાન કરે તેટલામાં સતિના મુખ-માંથી કંઇક વાણી સંભળાઇ. નૂતન જાણવા મળશે તે ધારણાએ પોતે મૌન રહ્યા અને સતિએ પોતાનું ભાષણ લંબાવ્યું.

ગણો તમે જે મૂર્ખ તે મુજ ગુણ તણો ભંડાર છે,
મનમાં લહો કદરૂપ તે મુજ રૂપનો અંબાર છે,
પાષાણ તમ જે ધારતા તે મુજ પ્રાણનો આધાર છે,
જેને કહો છો રંક તે મુજ અંગનો શણગાર છે.

યોગીજી વચમાં તતડી પડયા, " પતિવ્રતની પુતળી, તું ગમે

તેમ કહે પણ જેમ દહીં વલોવ્યા વિના માખણની પ્રાપ્તિ થતી નથી તેમજ પ્રભુ ભક્તિ વિના મોક્ષ મળવો દુર્લભ છે. પત્નિના મોક્ષનું સબળ સાધન તેનો પતિ છે. પતિના ચરણનું સ્હેજ ઉદક મોક્ષના અતિ વિકટ અને દુર્લભ દ્વાર સ્હેજે ખુલ્લાં કરી દે છે."

ભુલે છે ઓ બામા, તું મોટી ભુલ ખાય છે, ક્યાં ક્ષીરસાગર અને ક્યાં કીચડથી ભરેલું એક ખાબોચીયું, ક્યાં ઉંદર અને ક્યાં ડુંગર, ક્યાં તપોવીર્યનાં તપ અને ક્યાં ત્હારી પતિ સંસારના કીડાની નિષ્ઠુર ભક્તિ! યોગીએ સતિના શબ્દનું ખંડન કરવા પ્રયત્ન કર્યો, પરંતુ પતિ-વ્રતનું પ્રતિપાદન કરતાં સતિ ઉચરી, "મહાત્મન્ આપ ગમે તેમ કહો પણ હું તો સિદ્ધ જ માની બેઠી છું કે પતિભક્તિ તેજ પત્નિની સબળ મુક્તિ છે." યોગીજી લાલચોળ થયા અને જેમ વિશ્વામિત્ર ઋષિએ અયોધ્યાપતિ હરિશ્ચંદ્રનું સત્ય ચુકાવવાનો નિશ્ચય કર્યો હતો તેમ પોતે સતિના શબ્દો તેના મુખમાંજ પાછા પેસાડવા માટે તથા આ સંસા-રમાં તપ કેટલું લાભકારક કલ્યાણાત્મક તથા પ્રબળ છે તે સિદ્ધ કરી આપવાનો નિશ્ચય કર્યો. મનુષ્યના કલ્યાણના નાશરૂપ ગર્વરૂપી શત્રુને તાબે થઇ બિચારી અબળારૂપ કીડી ઉપર પોતાનો પ્રભાવ દાખવવા તૈયાર થઇ ગયા અને તે પણ એવી રીતે કે પોતાને પ્રાપ્ત થએલ તપનું ફળ સતિને શાપ આપવા રૂપી કુમાર્ગે વાપર્યું અને તેના પતિવ્રતનો ભંગ કરાવવાની ઇચ્છાએ આ ક્રોધી અભિમાની તપીએ તેના પતિને,

"શ્વાન હો જાવ" વદી શાપ આપ્યો, અને પતિપરાયણ અબળાના ઉપર આઘાત કર્યો, સતિનો પતિ શ્વાન થયો એટલેથી નહિ ધરાતાં પડતાપર પાટુ બતાવવા માટે—

"બતાવ ઓ પતિવ્રતની પુતળી, ત્હારા પતિવ્રતનો પ્રભાવ" એટલું બોલી ત્યાંથી ચાલતા થયા. સતિ વિમાસણમાં પડી તેની જીવન-વાટિકામાં દવ લાગ્યો. બિચારી મુર્છાગત થઇ.

દ્વિતીય પરિચ્છેદ.

સતિ વિમાસણમાં.

नस्नानैः शुद्धयतेनारीनोपवास शतैरपि ।
न तीर्थ सेवयातद्वत्भर्तृपादोदकैर्यथा ॥

ભાર્યા પોતાના સ્વામીના પાદપ્રક્ષાલનના જળનું પાન કરી જેટલી પવિત્ર થાય છે તેટલી તીર્થ, દાન કે અપવાસ વિગેરે કરવાથી થતી નથી.

વાચકગણઃ—ઉક્ત દંપતિના નામાભિધાન જાણવાની ત્હારા હૃદયમાં તીવ્ર ઇચ્છા ઉદ્દભવતી હશેજ. યુવાન તે વિહંગપુરના વતની પવિત્ર પંડિત જુગતરાયનો પુત્ર સ્નેહચંદ્ર છે. જુગતરાય તેને બાર વર્ષની છેક લઘુ વયમાં મુકી સ્વર્ગે સીધાવ્યા હતા. તેમજ કમનસીબ બાળકે ત્રણેક વર્ષની નાદાન વયમાંજ માતાનું સુખ મુકયું હતું. સદ્દભાગ્યે જુગતરાય પાંચ પૈસા મુકી ગયેલા તેના આધારે આ બાળકે કાકા નવનીધરાયની માયાળુ છાયા તળે સંસ્કૃત વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો. પ્રભુ કૃપાએ બાવીસ વર્ષની વય થતાં સ્નેહચંદ્રે નામાંકિત વિદ્વદ્‌વર્યોમાં પરીક્ષા આપી સુયશ પ્રાપ્ત કર્યો હતો. હાલ તેની ઉમર પચીસ વર્ષની થએલી છે. સંસારશકટ પોતાના ગજા પ્રમાણે ચલાવે છે, પોતાની લાયકાતના પ્રતાપે બે વર્ષ પૂર્વે શ્રીરંગપુરના વતની હર્ષદરાયે પોતાની પુત્રી દેવમતીનું લગ્ન તેની સાથે કર્યું હતું. દેવમતી ખરેખર દેવમતીજ હતી. **યથા નામા તથા ગુણા** નામ તેવા ગુણ આ બાલિકા ધરાવતી હતી. તેની ઉંમર આશરે પંદરેક વર્ષની છે. પિતા હર્ષદરાયે બાલ્યાવસ્થામાંજ

તેનામાં ઉચ્ચ સંસ્કાર પાડ્યા હતા અને સ્ત્રી ધર્મ ખરેખર શીખવ્યો હતો. નાજુક છતાં સંસ્કાર એટલા બધા સારા હતા કે તેનું સકળ કુટુંબ તેના પ્રતિ સ્નેહભરી નજરથી જોતું હતું; એટલુંજ નહિ પરંતુ તેની મીઠી, રસજ્ઞ અને મૃદુવાણી સાંભળવાને સર્વ તલસતાં હતાં. સદ્‌ગુણના પ્રમાણમાં સ્વરૂપ પણ હતું. સુવર્ણ અને સુગંધ ભેગાં મળેલાં હતાં. સ્નાન કરી ધવલવસ્ત્ર પરિધાન કરી દેવસેવા વખતે જ્યારે તે પિતા સાથે બેસતી તે વખત તેનો દેખાવ ખરેખર દેવાંગના સ્વરૂપ લાગતો હતો. જેવું રૂપ તેવાજ ગુણનો અનુભવ કરી હર્ષદરાય અને દેવી કુંજગૌરી પોતાને અહોભાગ્ય માનતાં હતાં.

વાચકગણ ! આપણે તેમનાં નામાભિધાનથી પરિચિત થયાં. હવે ક્રોધી ઋષિ-શશંકના શાપના ભોક્તા સ્નેહચંદ્રને શ્વાન ગતિમાં મૂકી આ કથાની નાયિકા દેવમતીની ભાગ્યદોરી કઇ દિશામાં અવલંબાય છે તે ઉપર જરા આપણે વિચાર કરીએ.

શ્વાન ગતિને પ્રાપ્ત થયેલ સ્નેહચંદ્રના મસ્તકને પોતાના ખોળામાં મૂકી, નયનમાંથી ચોધાર શ્રાવણ ભાદરવો રેલાવતી અબલા દેવમતી ઉક્ત સ્થાનમાં આપણને દૃષ્ટિગોચર થાય છે. એક વખત પોતાને અતિ પ્રિય લાગતું વિલાસભુવન અત્યારે સ્મશાન સમ જણાય છે; જે વસ્ત્ર, જે અલંકારો, શરીરને વિભૂષિત કરી આનંદ આપતાં હતાં તેજ અત્યારે અંગેઅંગમાં ઝેર પ્રસરાવી આગરૂપ લાગે છે. આત્માને સંતુષ્ટ કરનાર નવનિધ મિષ્ટ ભોજન વિષરૂપ બની અકારાં થઇ પડયાં છે. ચક્ષુમાંથી સતત્ અશ્રુધારા વહે છે, કેશલતા વિખરાઇ ગઇ છે, એકાદ પરિધાન કરેલું વસ્ત્ર અસ્તવ્યસ્ત થઇ ગયું જણાય છે. આ સ્થાનનો ભાસ કોઇ નિકટના સગાંના મૃત્યુરૂપ લાગે છે. ખરેખર ! બિચારીનું જીવન ઝેર થઈ ગયું, આનંદમાં અગ્નિ ઉઠયો, સુખ પાતાળે પેઠું.

ઘડીમાં શ્વાનરૂપ બનેલા પતિના વદન પ્રતિ જોતી તો ઘડીમાં આજુ-બાજુ નિહાળતી; ઘડીમાં આશામાં અને આશામાં લીન થતી તો બીજીજ પળે નિરાશ થઇ દીર્ઘ–નિઃશ્વાસ મૂકી વિધિને આર્જવતા કરતી પૃથ્વીપર પછડાઇ હૃદયદ્રાવક રૂદન કર્યાજ કરતી. ગમે તે હોય, અત્યારે તો બિચારીને રૂદનજ સ્હાયભૂત થતું હતું, કારણ હૃદય ખાલી કરવું આવશ્યક હતું. સહનશીલતાનોજ દિલાસો હતો, આમ કરતાં કેટલોક સમય વ્યતીત થયો. આટલા બધા દુઃખના મેરામણ શિરારોપિત હોવા છતાં પણ વિધિનો અનુગ્રહ થયો નહિ. વિશેષમાં ઉલટું અગ્નિમાં ઘૃત હોમાયું–પડતાપર પાટુ–મરતાને માર–બિચારી રંક દેવમતીને મળ્યો. સ્વામિની અવદશાનું અવલોકન કરતી–કંટાળારૂપી શલ્યથી વિંધાતી અબળાનું હૃદય ભરાઇ આવ્યું. ડુસકાં ખાતાં પરમાત્મન્ પ્રતિ પ્રાર્થનાનો પ્રારંભ કરે તેટલામાં તો રાક્ષસરૂપ ક્રોધી શશંકનું આવાગમન થયું અને ઠંડા પેટે "પતિવ્રતની પૂતળી"થી સંબોધતાં બોલ્યાઃ—

"કેમ, શું થાય છે, સતિ ?" ઉક્ત શબ્દો ભાગ્યેજ પૂરા બોલાયા હશે તેટલામાં દેવમતીએ ગંભીરપણે શશંક સામી દૃષ્ટિ કરી જોતાંજ ગાભરી થઇ અમુઝાઇ, વળી અધિક દુઃખ દાવાનળ સળગ્યો કે શું, તે વિચારમાં બિચારી ગભરાઇ, અને ગભરાટમાંજ જમીનપર અફળાઇ પડી, છતાં પાષાણ હૃદયના શશંકે પોતાના ક્રૂર સ્વભાવની અજમાયશ કરવા માંડી અને બોલ્યાઃ—

"કેમ, પતિવ્રતની અધિષ્ઠાતા, દેવી ! જણાયો તપનો પ્રભાવ–જોયું યોગનું દૈવત !!!"

બસ, વિશેષ ઉત્તેજનની જરૂર નહોતી, સતિથી હવે સહન થઇ શક્યું નહિ. બિચારી દીન વચને બોલીઃ—

"મહાત્મન્, એવું કોણ હતભાગી હોય કે પ્રભુપદને પામવાનું

મોઘું સાધન ત્યાજ્ય કરે? પ્રભુ! હું એટલી મૂર્ખ નથી કે રત્નને પાષાણુ ગણી ગુમાવી દઉં. ઘેર આવી ગંગામાંથી આચમન કરવાથી પણ ચુકું."

ઉપર્યુક્ત સંભાષણ શ્રવણુ કરતાં શશંક પોતાને કૃતાર્થ માનવા લાગ્યા અને મલકાતાં બોલ્યાઃ-"અબલા, ત્હારૂં બોલવું યથાર્થ છે, કિન્તુ રંડાયા પછી ડહાપણુ-કમાનમાંથી છુટેલું તીર પુનઃ પાછું વાળવાનો પ્રયત્ન અને સાહસ પછીની વિમાસણુ શું ઉપયોગની? પ્રથમેવજ જો આ વાક્ય હું ત્હારા મુખમાંથી સાંભળવાને વિજયી નિવડયો હોત તો આટલી લાંબી વાત ન થઇ પડત. પરંતુ **ઈશ્વરેચ્છા બલીયસી** બનવાનું હતું તે બની ગયું, ગઇ વાતનો વિચાર જોશી પણ લાવતા નથી, માટે હવે તો મનનું દમન કરી હિમ્મત ધર, ભૂલ્યા ત્યાંથી પુનરાવૃત્તિ, એકાકાર વૃત્તિએ શ્રી પરમાત્માના જાપ જપવા ધ્યાનાવસ્થ થા કેમકે તેં અનુભવ્યું તેમ આ માયાવી સંસારના માયાવી જીવાત્મા છે છે ને નથી. ધૂમાડાના બાચકા ભરવા જેમ નિરર્થક છે, મૃગજળથી તૃષા તૃપ્ત કરવા દોરાવું જેમ અફળ છે, પાષાણુને પીગળાવવા જળનો ધોધ પણુ નકામો છે, તેમજ આ પંચમહાભૂતના પૂતળાના વિશ્વાસે રહી પોતાની જીવનદોરીનું ગુંથન કરવું કેવળ મિથ્યા છે. આ મનુષ્યદેહ મલિન પદાર્થોથી ભરેલ કાચી મૃત્તિકાનો કાચો ઘટ છે, જીવન પણુ કાચા સૂત્રવત્ છે. ઘટને કાળ ઝપાટો લાગતાં પળમાં ફૂટી જશે, અને જીવનદોરી અણુધાર્યો આંચકો લાગતાં તૂટી જઇ મનની મનમાં રહી જશે. માટે તેના પર મોહ-મમતા રાખી, તેનેજ કલ્યાણુાત્મક બનાવવું તે ખરેખર અજ્ઞાન છે, અને તેજ પાછળથી પસ્તાવાનું પ્રબળ કારણુ થઇ પડે છે, તેવું સમજી, તે પ્રતિની વાંચ્છનાનો ત્યાગ કરી શ્રી વિશ્વંભર પરમપુરૂષોત્તમ શ્રી સચ્ચિદાનંદ બ્રહ્મસ્વ-

રૂપનું ત્હારા હૃદયમાં સ્થાપન કરી ધ્યાનાવસ્થ થા.” પોતાના મતને અનુસરતી દેવમતીની વાણી સાંભળી ઋષિ શશંકે પોતાની હૃદયોર્મિ પૂર્ણપણે કહાડી નાંખી. દેવમતીને ઉક્ત સંભાષણ જરા પણ રૂચ્યું નહિ. કેમકે તે તો એમજ માની બેઠી હતી કે કાયા ક્ષણભંગૂર છે તે સત્ય, જીવન કાળને આધીન છે તે પણ સત્ય, કિન્તુ સ્ત્રીના કલ્યાણનું પ્રબળ સાધન–પ્રબળ તપ–વૃત–નિયમ–ભજન આદિ સર્વસ્વ એક પતિવૃત્તજ છે. જે કલ્યાણપદ અતિ વિકટ તપે કરી, અતિ વૃતે, અતિ જપે, અતિ નિયમે પણ પ્રાપ્ત થતું નથી તે કલ્યાણપદ પતિવૃતા સ્ત્રીને પતિવૃતના પ્રભાવે ક્ષણવારમાં મળે છે. દેવમતીના મનમાં આવા અનેક તર્ક ઉઠવા લાગ્યા. યોગી શશંક ટગર ટગર સામું જોઇજ રહ્યા. વધુ સમય રાહ ન જોતાં શંશકે પૂછ્યું:—

“ અબલા, કયા વિચારસાગરમાં ગોથાં ખાઓ છો? કયા તરંગ-રંગમાં મનને ઝબોળો છો ? તમે જાણો છો કે જે પળ ગુમાવો છો તે અતિ કીમતી છે. ત્યાગો, આ દુઃખરૂપ સંસારને, વિસારો, તરછોડો, માયાના પાસને. ”

દેવમતીએ ધીમે સ્વરે પ્રત્યુત્તરની શરૂઆત કરી:—

“ મહાત્મન્, આશ્ચર્ય છે ! પળેપળનો ઉંડો હિસાબ મ્હારા મનમાં હું લેખી રહી છું, ઘટિકા શામાં, કેવી રીતે, શું કરીને વ્યતીત કરવી એવા પ્રશ્નોત્તરમાં પળો ગુમાવું છું, છતાં આપ મ્હને પ્રમાદી કહો છો ! કેવળ આશ્ચર્યજ છે !”

દેવમતી કેવળ અજ્ઞાન છે લેખી ઋષિ શશંક મનમાં મલકાયા, ખડખડ હસી પડયા અને બોલ્યાઃ

અજ્ઞાન અબળા ! સરિતાના ધોધ સમાન, વિજળીના ચમકારાની માફક ત્હારા જીવનનો અમુલ્ય સમય ત્હને તાળી આપી ચાલ્યો

જાય છે, છતાં તું તેનો સદુપયોગ કરતી હોવાનો દાવો ધરાવે છે ! હરિ ! હરિ ! ખાવું, પીવું, ચલન-વલન, નિદ્રાસુષુપ્તિ વિગેરે કરવાથી શું સમયની સાર્થકતા ગણાય ? કદી નહિ. એમ માનવામાં તું મોટી ભૂલ કરે છે. હલાહલ વિષને અમૃત લેખી પાન કરનારને કેવો કહીયે ?

आहारनिद्राभयमैथुनं च समानमेतत् पशुभिर्नराणाम्।

એમ તો બધાજ કરે છે, પશુઓ પણ એ વિધિમાં મસ્ત રહે છે તો મનુષ્ય અને પશુમાં ફેર શો ? સમયની સાર્થકતા તો એ છે કે અષ્ટ પ્રહર પ્રભુ ગુણાનુવાદ ગાવા, પ્રભુ સેવામાં મગ્ન રહેવું, પ્રભુધ્યાનસ્થ થવું. ક્યાં છે ત્હારી સમીપ કલ્યાણકારી અધમોદ્ધારણ-પતિતપાવન શાલિગ્રામની પવિત્ર મૂર્તિ ? ક્યાં છે તે પરમાત્મને રીઝાવવાની દેદિપ્યમાન મનોહર પૂજા સામગ્રી ? કંઇજ નથી. " શશંકે ઉપરાઉપરી પ્રશ્ન કર્યા. પ્રશ્નો શ્રવણ કરી યથામતિ ઉત્તર આપતાં દેવમતી બોલી:—

" યોગીરાજ, આપનાં ચક્ષુ તો હું બરાબર જોઇ શકું છું છતાં શું તેજહીન તો નથી થયાં ને ? આવી ડાહી અર્થસૂચક વાણી કોઇની શીખાવી તો નથી બોલતાને ? શું, આપ મ્હારા કલ્યાણમૂર્તિ, મ્હારૂં દૈવત, મ્હારા પ્રભુ, આપના શાપના ભોગ થઇ પડેલા, શ્વાનગતિને પ્રાપ્ત થયેલા આ મ્હારા સ્નેહજ્યોતિ સ્નેહચંદ્રને નથી જોતા ? આ સંસારમાં **पतिरेको गुरुस्त्रीणां** સ્ત્રીઓના ગુરૂદેવ પતિજ છે, અને તે મ્હારી સમીપ છે. તેમના જાપમાં, તેમના તપમાં, અને તેમની સેવામાં તદાકર રહેલી મ્હને શું આપ નથી દેખતા ? " દેવમતીએ કંટાળી જઇ કટાક્ષ ભાવે ઋષિ શશંકને પ્રત્યુત્તર આપ્યો. ઉક્ત શબ્દો સાંભળતા શશંકને રોમાંચ થયો, ભવાં ચડી ગયાં, અજીત જણાતા શત્રુને હણવા ભ્રૂ ધનુષ્યમાંથી નેત્રકરરૂપી શર ફેંકતાં અભિમાની શશંક બોલ્યા:

" અરે, ઓ અભિમાની ભામા ! શું હજુ ત્હારા મગજની રાખ

ઓછી થઇ નથી? અમે યોગીઓના તપનો પ્રભાવ ત્હારી પતિવ્રતની તુલનામાં તું શું તુચ્છ લેખે છે?"

"યોગીરાજ, આમ વ્યર્થ વાદ શીદને કરો છો. આપનો અમુલ્ય સમય એક અજ્ઞાન અબળા સાથે વાદ કરવામાં શાને વ્યર્થ ગુમાવો છો? આપના પરમાત્માની મૂર્તિ આપને કલ્યાણકારી છે; અને ભલે શ્વાનરૂપ છે, છતાં મ્હારા પરમાત્માની મૂર્તિ મ્હને કલ્યાણકારી છે. તેનાજ ઉપર મ્હારો અવિચળ પ્રેમ છે અડગવૃત્તિ છે. સુવર્ણ કદી પીળાશ તજી કૃષ્ણ થાય, અથાગ યત્ને ખારો રત્નાકર ભલે મિષ્ટ થાય, અખિલ જગતની સર્વ વ્યક્તિની અપૂર્વ શક્તિના પ્રતાપે ભલે મેરાણુ ચલિત થાય, અણધાર્યા બોજથી કદાચ અવનિ હીલી જાય, કિન્તુ જે હૃદયમાં મ્હારા પરમાત્મન્, મ્હારા જીવન, મ્હારા પ્રાણ, મ્હારા સ્વામિની પવિત્ર મૂર્તિ વસી છે, રૂચી ખુંચી છે, તે ત્યાંથી કોટી યત્ને ખસવાની નથીજ, ભલે હજારો યોગીઓ આવી યત્ન કરે."

આ સાંભળતાંજ શશાંક એક મ્હોટી ચીસ પાડી ઉભા થયા, અને પોતાના તપના અર્ધા પુણ્યનો ખર્ચ કરી દેવમતીના શ્વાનપતિને પણ અદ્દશ્ય કર્યો, અને તેને વધુ દુઃખી કરી. આટલેથી બસ નહિ માનતાં વળી તેના મહાલયને ખાકવત્ કરવાની ઇચ્છા થતાંજ ગમે તેટલા પુણ્યનો ખર્ચ કરી "**जलके भस्म हो जा**" બોલ્યા અને પાવક પ્રગટયો. જોતજોતામાં મહાલય ખાક થઇ ગયો. દેવમતી બેબાકળી થઇ. ધરાપર પછડાઇ. શશાંક તોરમાં ને તોરમાં ચાલી નીકળ્યા.

તૃતીય પરિચ્છેદ.

સતિનો પુનર્લગ્ન માટે તિરસ્કાર.

વાચકગણ—મનુષ્ય ઉપર જ્યારે દૈવ રૂઠે છે ત્યારે તે મનુષ્યના સુખ ઉદ્યાનમાં દાવાનળ સળગે છે. તેના આનંદ જીવનમાં ઝેર ભેળવાય છે. વ્હાલાઓ વેરી બને છે.

દેવમતી ! અરે ઓ ભાગ્યહીન દેવમતી ! કોણ જાણે વિધાતા તને હજુ કયા ઉંડા સાગરમાં ઝંપલાવવા ધારે છે. કયા પ્રબળ વહ્નિમાં હોમવા માગે છે. વિશ્વંભર, ત્હારી પણ બલિહારીજ છે. ત્હારી કસોટી અને ત્હારી ક્રુરતામાં એકાએક મનુષ્યને કાંઇ અંતર લાગતું નથી, છતાં વારંવાર જોયું છે કે ત્હારી તરફનો પ્રથમનો તિરસ્કાર એ પણ ત્હારી કૃપા પ્રસાદીનો અદ્દભુત નમુનો છે. કાંઇજ સમજાતું નથી. શાસ્ત્રો પોકારીને કહે છે કે આ જગતનો પિતા તું છે. પાલક, રક્ષક અને હારક પણ તુંજ છે. દીનનો બેલી અને નોધારાનો આધાર તુંજ છે છતાં પણ કાંઇજ સમજ પડતી નથી. ક્ષુધાતુરને ભોજન આપી તૃપ્ત કર્યો. તૃષાતુરને જળપાન કરાવી સંતુષ્ટ કર્યો. નિરાધારને આધાર આપી શાંત કર્યો તેથી શું નિરાધાર, તૃષાતુર અને ક્ષુધાતુરે એક મહાન અપરાધ કર્યો લેખાશે. વિશ્વપિતા ત્હારોજ દાખલો. બીચારી ગરીબડી દેવમતીએ ત્હારી આજ્ઞાપર વિશ્વાસ રાખી પોતાની જીવન દોરી ત્હારા હાથમાં સોંપી જેથી તેને કૂપમાં ઉતરવું પડયું. છતાં દોરી ઉપર કાપ મુકી ઝંપાપાત કરાવવો શું ત્હને ઉચિત છે. જે તારા ઉપર શ્રદ્ધા રાખે, તારા ઉપર પ્રેમ રાખે, સ્નેહરાખે

તેનેજ કદા શત્રુની માફક ત્હારા કોપનો ભોક્તા કરે એ શું ઇષ્ટ ગણાય? નહિ, નહિ અરે ઓ જગત્પિતા, હારી અકળ કળા છે તેવું દૈવી પુરૂષના મુખે સાંભળ્યું છે. સમસ્ત જગત જે શાસ્ત્રોને માન આપે છે તે શાસ્ત્રોનું અવલોકન કરતાં સ્પષ્ટ સમજાયું છે કે તું જે કાંઇ કરે છે તે સમજીનેજ કરે છે તેટલુંજ નહિ પણ અમો બાળકોના લાભાર્થેજ કરે છે. છતાં દેવમતીનું ઉદાહરણ જોતાં આશ્ચર્ય થાય છે કે શિરપર કાતિલ તરવાર ચલાવનાર વેરી કે હિતૈષી? હળાહળ વિષનું પાન કરાવી મૃત્યુદેવના ચરણે ધરનાર દુશ્મન કે હિતસ્વી? ઘરબાર લુંટી ભિખારી કરી ઘેર ઘેર ભટકાવનાર લુંટારૂ કે ઉપકારી? પિતા, પત્નિનું દૈવત તથા તેના મોક્ષનું સાધન શું પતિ પતિ અને પતિવ્રત નથી? તેનું સતિત્વ, તેનું શિયળ, તેનું રક્ષણ કરવા બસ નથી? ત્યારે શું આતે કોપ કે અનુગ્રહ. અફસોસ! બિચારી દેવમતીનું ભાગ્ય, આ સંસાર સાથેનું તેનું પૂર્વ જન્મનું લેણું. અરે પતિપરાયણ દેવમતી! ધન્ય છે ત્હારી ધીરજને, ધન્ય છે ત્હારા અવિચળ દેહને, અને ધન્ય છે ત્હારા વિશ્વાસને! કદાચ વિશ્વેશ તારા ઉપર રૂઠયો હશે તો તેમાં તારો દોષ નથી. વિશ્વનો વિશ્વાસ વિશ્વેશ્વર ઉપર અનન્ય છે. તે જે કરશે તે સત્ય છે, છતાં કેટલાક કહે છે કે ઇશ્વર ઉપરથી વિશ્વાસ ઉઠવાનું કારણ તેની આવી માયાજ છે.

વાચકગણ—આવા મનુષ્યો ભુલતાતો નથી. અંધારે અટવાતા તો નથી? કેમકે વિશ્વેશ સરખાને ન્યાય આપવામાં મારી અને તારી શું ગુંજાશ. આપણી બુદ્ધિ એટલી શક્તિવાન કયાંથી અને આપણે એટલા પારંગત કયાંથી? પરમાત્મન્ ડહાપણનો ભંડાર છે, દયાનો સાગર છે. પોતે જે કાંઇ કરે છે તે વિચારીનેજ કરે છે. દુષ્ટાત્મા દુઃશાસનને હાથે સતિ દ્રૌપદીની લાજ લુંટાવી પાછળથી તેનો બચાવ

કરવામાં કંઇક ઉંડું રહસ્ય હશે. બિચારા પાંડવોને લાખાભુવનમાં પડેલું દુઃખ તથા વિરાટને ઘેર કરેલું દાસત્વ પણ કંઇક ઉંડી ઇચ્છાથીજ થયેલાં હશે. એ ઉંડો ભાવાર્થ બીજો કાંઇ નહિ પણ માત્ર કસોટીજ હતો. જેમ સુવર્ણનું ખરૂં સ્વરૂપ જાણવા માટે તેને અગ્નિમાં તપાવવું પડે છે, તેવીજ રીતે મનુષ્યના સ્વભાવને જાણવા માટે તેને અનુભવાગ્નિમાં તપાવવો પડે છે. દેવમતી ત્હારા પર અત્યારે જે દાવાનળ સળગી રહ્યો છે તેના કરતાં પણ કરોડ ગણો અગ્નિ ત્હારા શરીરને ખાકવત્ કરવા પ્રયત્ન કરે તો પણ તું જરા પણ ડગીશ નહિ. સમજ કે તે પરમાત્માની અવકૃપા નથી પરંતુ કસોટીજ છે. કસોટીમાં તું બરાબર સુવર્ણજ દેખાવા યત્ન કરજે.

ગત રાત્રિએ ક્રોધી શશંકના શાપની ભોક્તા થઇ પતિસહ તેનું સર્વસ્વ ગુમાવી બેઠેલી દેવમતીને અત્યારે એક ભાગી તુટી પર્ણકુટીમાં આપણે જોઇશું. મહાલય ભસ્મિભુત થયા પછી બિચારી આ પર્ણકુટીમાં રહી છે. તેનાં વ્હાલાંઓ વેરી થયાં છે. બિચારીના દુઃખની કોઇના હૃદયમાં ગણના થતી નથી. કોઇ સહાયભૂત થતું નથી. એક પછી એક દિવસ વ્યતીત થાય છે. મુખમાં પતિ, દેવ, સ્વામી, સ્નેહચંદ્ર વગેરે શબ્દોનો જાપ અષ્ટપ્રહર ચાલુજ છે. પતિના ચિંત્વનને આહાર મળ્યો છે, અને પોતાની સર્વસ્વ શક્તિ પતિજાપમાં વાપરી છે. દીર્ઘદષ્ટિ નાખતાં તેના શરીર ઉપર એક ધવલ વસ્ત્ર સિવાય અન્ય કાંઇ પણ દષ્ટિગોચર થતું નથી. કરમાં માળા રાખી દીન વદને ભૂખ તરસનું દુઃખ જાણ્યા સિવાય બિચારી પતિ, પતિ, જપે જાય છે, અર્ધ ઘટિકા આમ વ્યતીત થઇ. તેટલામાં આધુનિક જમાનાને અનુસરતા પોષાક પહેરેલી બે તરૂણ યુવતીઓ આવતી જણાઇ. વાંકો સેંથો, કર્ણમાં એરીંગ, કપાળમાં રક્તબિંદી, બદનમાં અપ–ટુ–ડેટ નિર્લજ્જ પોલકું તથા કંઠમાં

શ્વેત મોતીનો એક હાર લટકતો હતો. અંગ ઉપર પરિધાન કરેલી સફેદ રેશમી બારીક સાડી, મોહક જણાતી હતી. આ સાડી એટલી તો ઝીણી હતી કે તેના યૌવનોદ્યાનનાં ખીલી રહેલાં અવયવરૂપી કોમળ પુષ્પ એકેએક દેખાતાં હતાં અને તે ચુંટવાને અચલ હૃદયને પણ ડગમગાવતાં હતાં. પગમાં અપ–ટુ–ડેટ બુટ, સ્ટોકીંગ, હાથમાં લેડી છત્રી અને આંખે ચઢાવેલાં ચરમાં આ જમાનાની વડાઇમાં ઉમેરો કરતાં હતાં.

વાંચકગણ, આ ઉભય તરૂણીઓ કોણ હશે, વિહંગપુરની વૈધવ્ય દશાને પ્રાપ્ત થએલી કિંતુ પુનર્લગ્ન કરી પુનર્લગ્ન હિતેચ્છક મંડળની અધિષ્ઠાતા કુંજલતા અને સ્નેહલતા નામની મદનરાજની સેવિકાઓ હતી, વાએ વાત ફેલાતાં દેવમતીનો પતિ કોઇ ઋષિના શાપનો ભોગ થઇ શ્વાન ગતિને પ્રાપ્ત થયો છે તેવું સાંભળતાં દેવમતીને પુનર્લગ્ન કરાવવાની ધારણાએ આ ઉભય તરૂણીઓ અત્રે આવી છે. દેવમતીની પર્ણકુટીમાં સ્વચ્છંદપણે એક બાજુ સ્નેહલતા અને કુંજલતા બેઠાં.

દેવમતી પતિના ચિંતનમાં એટલી તો લીન હતી અને એટલી આરૂઢ હતી કે આ ઉભય તરૂણીઓને આવે કેટલોક સમય થયો છતાં તેને કંઇ પણ ખબર પડી નહિ. છેવટે કુંજલતાની ધીરજ રહી નહિ અને પોતેજ દેવમતીને સંબોધતાં બોલી દેવમતી, દેવમતી.

બે ત્રણ સાદ પાડ્યા પરંતુ દેવમતી કાંઇ બોલીજ નહિ. કુંજ-લતાએ મોટેથી બુમ પાડતાં કહ્યું તું જાગે છે કે ઉંઘે છે કેમ કાંઇ બોલતી નથી ? દેવમતીને ઉક્ત પ્રશ્ને જાગ્રત કરી. નેત્ર ખુલ્લાં થયાં, માળા ફરતી બંધ થઇ. દીનવદને દેવમતીએ આવો બ્હેન કહી આવ-કાર આપ્યો. આવાગમન કારણ પુછ્યું. પ્રત્યુત્તરમાં કુંજલતાએ કહ્યું બ્હેન દેવમતી એવાં ત્હારાં કેવાં અઘોર પાતક કે આજ જન્મમાં નહિ

કલ્પી શકાય, નહિ માની શકાય તેવી આશ્ચર્યકારક આફત ત્હારા ઉપર આવી પડી. ઉક્ત પ્રશ્ને દેવમતીના હૃદય ઉપર આઘાત કર્યો. બિચારીનું હૃદય ભરાઇ આવ્યું. ચક્ષુઓમાંથી. અશ્રુધારા વહેવા લાગી. છેવટે સ્નેહલતાએ કહ્યું બ્હેન ધીરજ ધર. આધુનિક સમયમાં ધર્મ ઉપર અશ્રદ્ધા થઇ છે અને દેવના નામ ઉપર કંટાળો ઉપજે છે તથા શાસ્ત્રો ઝેરરૂપ ભાસે છે તે ત્હારા જેવા ઉદાહરણોને લીધેજ ! સ્નેહલતા પોતાનું સંભાષણ પૂર્ણ કરે તેટલામાં કુંજલતાએ વચમાં ટાપસી પુરતાં કહ્યું, 'બ્હેન તુંજ કહે કે શાસ્ત્રોપર શ્રદ્ધા રાખી પોતાના જીવનનું અવલંબન કરનાર કોણ ફળીભૂત થયું છે ? ' દેવમતીએ નમ્રપણે બોલવું શરૂ કીધું. 'બ્હેનો તમારૂં કહેવું યથાર્થ છે, ત્હમારો અક્ષરે અક્ષર સત્ય હશે, પરંતુ મનુષ્યને પૂર્વના પ્રારબ્ધયોગે આ જન્મમાં જે ફળના ભોક્તા થવાનું છે તેમાં શાસ્ત્રાજ્ઞા શું કરે. કૃષિકાર ક્ષેત્રમાં અપૂર્વ ધાન્યની ઇચ્છાએ બીજ રોપે છે. પર્જન્યની વૃષ્ટિથી તે બીજ ઉગી નીકળે છે. કિંતુ કૃષિકારના પ્રમાદપણામાં તેના રક્ષણાર્થે કરવી રહી ગએલી વાડ તથા રક્ષક વિના પશુઓનું ધાડું તેમાં પેસી સર્વ ભક્ષણ કરી જાય અને કૃષિકાર વાવેલાં બીજ સરખી પણ પ્રાપ્તિ નહિ કરી શકે તેમાં કોનો દોષ ? કૌવચ બી વાવી આમ્રફળની આશા રાખવી તે મૂર્ખતા નહિ તો બીજું શું. તેલની આશાએ મૃત્તિકા પીલવી એ શું ડહાપણ લેખાય? નહિજ. તેમજ સુખી કે દુઃખી થવું તે મનુષ્યની કરણીને આધારે છે. અંધ વટેમાર્ગુને સમીપમાં કુવો છે તેનાથી ચેતાવી ત્યાંથી જતો અટકાવવાની ફરજ છે, પરંતુ તે પર અશ્રદ્ધા રાખી તેનું કહેવું નિરર્થક સમજી તેજ માર્ગે જનાર અંધ મૂર્ખ વટેમાર્ગુ કુવામાં પડે ત્યાં કોનો દોષ? શાસ્ત્રો પોકારી કહે છે કે હૃદયમાં દૃઢ શ્રદ્ધા રાખો, અમે જે આજ્ઞા કરીએ તે પર વિશ્વાસ રાખો. કોઇ પણ ફળની પ્રાપ્તિ અર્થે યત્નની

પ્રથમ આવશ્યકતા છે. યત્ન વિના ફલની પ્રાપ્તિ થતી નથીજ અને તે યત્નને જારી રાખવો તે હૃદયની અચળતાને આધીન છે. યત્નથી કંટાળી હૃદયને ચલવળિત કરો તો પછી ફલની આશા કયાં રહી. મહાલયને ચણનાર અર્ધું ચણી મુકી દે તો શું તે મહાલયમાં વાસ કરી શકાય તેમ છે? જળની ઇચ્છાએ કુપ ખોદનાર અર્ધો ખોદી બાકી મુકે તો જળપાન કરી શકે ખરો કે? તેમજ બ્હેનો વેળાવેળાની છાંયડી છે. સમય સમયનું કાર્યં કર્યે જાય છે. સુખ દુઃખ ચક્ર ન્યાયે વારાફરતી આવેજ જાયં છે. યત્નની પાછળજ ફળ રહેલું છે."

દેવમતીના લાંબા લાંબા ભાગવતથી ઉભયને કંટાળો આવ્યો અને કુંજલતા બોલી "બ્હેન એતો ડુંગરા દૂરથીજ રળિઆમણા, પાસે ગયા એટલે મોટા પાષાણુજ. શાસ્ત્રોને વિશ્વાસે રહીને તો ખત્તા ખાધા અને હજુ રહીશ તો વધુ ખાવા પડશે. આ કળિ કાળમાં મનુષ્યનું જીવન માત્ર પચાસ વર્ષનું ગણાય છે, તેમાંથી તારી અર્ધી જીંદગી તો ગઇ, અને બાકીની અર્ધી સ્વપ્નવત્ વહી જશે તે આજની ઘડી અને કાલનો દહાડો. દેહનો ભરોસો નથી. મોત ડગલે ડગલે સામું મળે છે. અથાગ પરિશ્રમે એકઠું કરેલું ધન માલ મીલકત મુકી ખાલી હાથે જવું છે તે તો નિશ્ચયજ. માટે જેટલાં ચેત્યાં તેટલો લાભ."

"તે ખરૂં પરંતુ બ્હેનો મારે શું ચેતવાનું હતું. મારી પાસે એવો શો ધનમાલ છે કે મારે ઉચાટમાં રહેવું." દેવમતીએ કહ્યું.

"મૂર્ખ અબળા, ત્હારા હાથમાં અમુલ્ય રત્ન આવી પડયું છે પરંતુ તારી ગતિ મર્કટચેષ્ટા બરાબર છે. બધિર આગળ ગાન અને અંધ આગળ નાચની ગણુના નથી તેવું ઉદાહરણ તું થાય છે." કુંજલતાએ કહ્યું.

રત્ન શબ્દ સાંભળતાં દેવમતીને આશ્ચર્ય થયું. તેણે પ્રશ્ન કર્યો.

"બ્હેનો, જે રત્ન તમે મારી પાસે જુઓ છો તે હું કેમ નથી જોઇ શકતી ?"

"તે રત્નની ઓળખ અમે તને આપીએ પણ તેનો સદુપયોગ કરવાની તું પ્રતિજ્ઞા લે તોજ અમો તને તે રત્નની ઓળખ આપીએ" સ્નેહલતાએ કહ્યું.

"બ્હેનો વિશ્વાસ રાખી જણાવો, હું મારા બનતા પ્રયત્ને તેનો સદુપયોગજ કરીશ," સરળ હૃદયની દેવમતીએ નિર્દોષપણે વચન આપ્યું.

"તો સાંભળ, અમુલ્ય રત્ન તે આ ત્હારી યુવાવસ્થા છે. તે રત્નના સોદાગરને જઇને પુછ, તેના મુલ્યની માગણી કર અને જો કે તેની કેટલી કીંમત મળી શકે છે. આ ત્હારો યૌવનોદ્યાન કેવો ફાલી રહ્યો છે. નવનવિત પુષ્પો કેવાં ખીલી રહ્યાં છે. કિંતુ અફસોસ કે તેને સીંચી પ્રફુલ્લિત કરનાર માળી વિના બિચારાં કરમાય છે. ગરીબ દેવમતી ચેત અને તેમના પર અનુગ્રહ કરી તેમને સીંચનાર કોઇ મનમાન્યા માળીને શોધી લે. યુવાવસ્થા સાર્થક કર." ઉક્ત સંભાષણ સાંભળી દેવમતીને રોમાંચ થયો. તેઓની દુષ્ટ મનોભાવના જાણી ગઇ. અને સ્પષ્ટ સમજાયું કે આ દુષ્ટાઓ અન્ય કોઇ નહિ પરંતુ આર્યશાસ્ત્રની ખેડનકાર અને આર્યભૂમિને અધોગતિએ પહોંચાડનાર પુનર્લગ્નની હીમાયતી કુલટાઓજ છે. તેનાં ભવાં ચઢી ગયાં અને કાલિકા સ્વરૂપ ધારણ કરી કટાક્ષ કરતાં બોલી, "બ્હેનો જે જુવાનીનો તમોને મોહ છે, જેમાં તમને ગૌરવ લાગે છે તે જુવાની માત્ર નામનીજ છે. તે જુવાની નહિ પણ જવાની છે, અને જરૂર સ્થાયી રહી નથી અને રહેનાર પણ નથી. ચાર દિવસની ચાંદરણી ને અંતે તો અંધારી રાતજ છે. માટે સમજો. શરીરમાં તાકાત છે, હૈયામાં હામ છે. સારા નરસાનો વિચાર કરવાની શક્તિ છે, દેહ આરોગ્ય છે ત્યાં સુધી પરમાત્માનો ઉપકાર

માની યુવાનીનો તમારાથી બની શકે તેટલો સદુપયોગ કરો. તમેજ કહ્યું છે કે કાયાનો ભરોસો નથી, શરીર ક્ષણભંગુર છે; છતાં જુવાની મસ્તાની દીવાની છે, મનને ભુલાવી ડોલાવે છે. જીવન ચગડોળે ચડાવે છે માટે સમજી ચેતો. નહિ તો ધાર્યું ધુળ થશે. મનની મનમાં રહી જશે. ખાવું પીવું, એશઆરામ, સુખવૈભવ વગેરેને સ્વપ્ને પણ અંતના સાથી લેખશો નહિ. તેમનાથી જીવનનું સાર્થક થઇ શકશેજ નહિ. સંસારની અલ્પ સુખવાસના તૃપ્ત કરવાની લાલસાએ અચળ અને અદ્વૈત સુખને ગુમાવશો નહિ. આત્માને જન્મ મરણના લક્ષચોરાશી ફેરા જેવું બીજું કોઈ દુઃખ નથી. તમો જાણો છો કે શૌચ જનાર મનુષ્ય શૌચની સત્વર પરિસમાપ્તિની આશા રાખે છે. એક અલ્પ પણ તેને વરસ સમાન લાગે છે તો હાડ, ચામ, રૂધિર માંસ વગેરેથી ભરેલી આ ગંદી કાયાના ઉદરમાં જીવાત્માને નવનવ માસ ઉંધે મસ્તકે ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારતાં પડી રહેવું પડે છે તે શું ઓછું દુઃખકારક છે. છતાં તેટલેથી સમાપ્તિ થતી નથી. માતાના ઉદરમાંથી મહા કષ્ટે બહાર આવ્યા પછી પણ કેટલાંએ વર્ષો પોતાનીજ અજ્ઞાનાવસ્થાને લીધે મળમૂત્રમાં લોહી સમય નિર્ગમન કરવો પડે છે. ડગમગતા જીવનમાંથી માતા–પિતાએ કૃપાદષ્ટિએ શિશુ અવસ્થા મટી તરૂણ અવસ્થા મળે છે, બ્હેનો આટલું આટલું જાણ્યા છતાં અનુભવ્યા છતાં શું છતી આંખે કુવામાં પડવું, જાણી જોઇને હળાહળ વિષને અમૃત ગણી તેનું પાન કરવું, લુંટાયા તેજ માર્ગે શું નિર્ભય ગમન કરવું ? નહિ૦ અને જો તેમ કરીએ તો દુઃખની પરિસીમા, સ્વપ્ને પણ નહિ” દેવમતી આટલું બોલી શાંત થઇ. ઉભય તરૂણીઓ તદ્દન કંટાળી ગઇ અને બોલી કે “ ઓહોહો, જોયાં મોટાં સતિ, જાણે સ્વર્ગનો તમેજ ઇજારો રાખ્યો હોય નહિ” ‘ બ્હેન સ્નેહલતા

ગરીબનું નસીબ ગરીબજ હોય છે, એતો વિષનો કીડો વિષમાંજ વધે. ખારા જળની માછલી મીઠા જળમાં અવશ્ય મરે ને મરેજ ' ઉક્ત સાંભળતાં દેવમતી બોલી. "બ્હેનો ભલે હું ગરીબ છું, છતાં એ ગરીબાઇજ મને પ્યારી છે. તમારા જેવી શ્રીમંત પરંતુ કેવળ કામનીજ આકાંક્ષાથી કુલટાઓ અરે વેશ્યાઓના જીવન કરતાં મારા જેવી રંક પણ નિષ્કલંક, ઇંદ્રિયોનું દમન કરનારી, પતિપરાયણાની જાહોજલાલી, તેનું સુખ હજાર બલ્કે લાખોગણું કીંમતી છે. પતિપ્રાણા મહિલાઓથી આર્યભૂમિનું ગૌરવ વધે છે પરંતુ તમારા જેવી વિષયલુબ્ધ દુષ્ટાઓના બોજથી ભારત લાજે છે અને ભારે છે. જાઓ, ઇશ્વર તમને સન્મતિ આપો. મને તો મારી રંક પણ ધર્મપરાયણ જીંદગી વધુ સુખકર છે અને તેને માટે મને અતિ માન છે. દેવમતીનું સંભાષણ સાંભળતાં ઉભય તરૂણીઓ ઝંખવાણી પડી ગઇ અને લજ્જીત મુખે રસ્તો માપી ત્યાંથી ચાલી ગઇ.

ચતુર્થ પરિચ્છેદ.

લક્ષ્મીને લાત.

हारहारकं हिरण्य भूषणै स्तोषमेति गणिका धनैषिणी ।
प्रेमकोमल कटाक्ष वीक्षणै रेव तुष्यति कुलाङ्गनो जनः ॥

ધનને ઇચ્છિનારી ગણિકા, હીરાના હાર, તથા સુવર્ણના આભુષણોથી સંતોષ માને છે. પરંતુ કુલવાન લલના પતિના પ્રેમયુક્ત કોમળ કટાક્ષ જોવાથીજ સંતુષ્ટ થાય છે.

વાચકવૃંદ—ગત પ્રકરણમાં આપણે જોયું કે સતિએ પુનર્લગ્નને ધિક્કાર્યું. અત્યારે પણ નિત્ય નિયમ પ્રમાણે સતિનો સમય કેવળ પતિ પરાયણમાંજ વ્યતીત થાય છે. શશંકે તેના જીવનનું સત્યાનાશ વાળ્યું છે. કિન્તુ દેવમતીના દીલમાં શશંકનો દોષ જરા પણ વસતો નથી. એ તો એમજ સમજી બેઠી છે કે તેની આ સ્થિતિનું કારણભૂત ઋષિ શશંક નથી કિન્તુ તેનું ભાગ્યજ છે. વિધિના લેખ પ્રબળ છે, કોઇથી મિથ્યા થઇ શકે તેમ નથી. શાપ આપવામાં તો ઋષિ શશંક માત્ર નિમિત્તજ થયા છે. જીવનને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે પરંતુ તેનું નિમિત્ત જ્વર, મરકી, વિષુચિકાદી રોગો છે. આંતરિક તપાસ કરતાં ચોખ્ખું જણાશે કે જ્યાં આયુષ્ય દોરીનો તાર તુટયો ત્યાં કોઇ પણ શું કરે. હાથમાં પત્થર લઇ ઝવેરીને ત્યાં જઇ રત્નનું મુલ્ય માગે શું મળવાનું હતું ? કૃષ્ણ કાજળને સોમણ સાબુ લઈ ધોવાથી શું તે કદી પણ શ્વેત બનવાનું હતું ? જલનું અગાધ સિંચન થવા છતાં પણ પાષાણ પિગળવાનો હતો ? કદીજ નહિ. એમ થાય

તો પ્રકૃતિદેવીનો નિયમ તુટે—જગતપિતાનો ભાવ કોઇ ન પૂછે. ઘેરજ જો ગંગા આવતી હોય તો કાશી ક્ષેત્રમાં કોણુ જનાર હતું ? કેવળ વાર્તાલાપથી ક્ષુધાની તૃપ્તિ થતી હોય તો પછી ભોજનની દરકાર કોને હોય. તેમજ જેનું જીવન ખુટયું છે તેને માટે અન્યને દોષિત ઠરાવવાનો વ્યર્થ પ્રયત્ન કરવો તે શું ઊચીત છે? સુખી યા દુઃખી થવું તે પ્રત્યેક જીવાત્માની કરણીને આધારે છે. વિધિનો જે અંક છે તે સિદ્ધજ છે માટે શશંકનો દોષ કાઢી મારા હૃદયના શાપનો ભોક્તા હું તેને કેમ કરૂં. એવા એવા વિચાર કરતાં દેવમતીએ પોતાના મનનું સમાધાન કર્યું. ધન્ય છે પવિત્ર પ્રૌઢ હૃદયવાળી દેવમતી ત્હારી દેવ તુલ્ય મતિને ધન્ય છે. ધન્ય છે ત્હારી પ્રૌઢતાને ધન્ય છે. ત્હારી ધૈર્યતાને !

વાગ્યામાં પુનઃ પુનઃ વાગે છે. ધનનો ક્ષય થવા માંડે તો લક્ષ્મી ચોમેરથી જાય છે અને આપત્તિમાં વૈર પ્રગટે છે. એ સુત્ર બિચારી દેવમતીને અનુભવવું પડે છે. બિચારીના સુખનું સુખ, લ્હાવાનો લ્હાવો નાશ પામ્યો છે. તેના આનંદ ઉદ્યાનમાં દાવાનળ પ્રગટ્યા છતાં હજુ તેમાં વધારો થવાનાં ચિહ્ન જણાય છે. ગામમાં, શેરીએ અને ચૌટે, ઘેરેઘેર, પ્રત્યેક મનુષ્યને મોહોડે વાત ફેલાઇ ગઇ છે કે દેવ સ્વરૂપ દિવ્યાંગના દેવમતી અત્યારે પતિહીન થઇ છે. અને તેથી આપણે ગત પ્રકરણમાં વાંચ્યું. તેમ પુનર્લગ્નની હિમાયતી વ્યક્તિઓ વગેરે બિચારીને ઝંપી બેસવા દેતાં નથી. દિવસમાં એકાદ એની તો મુલાકાત ખરી ને ખરી જ. અત્યારે ચાર પાંચ યુવકો શરીર ઉપર પોતાના ગજા પ્રમાણે દાગીના પરિધાન કરી કેટલીક રોકડ સાથે લઇ સતિ દેવમતીની પર્ણકુટીના દ્વારમાં પ્રવેશ કરતાં આપણને દષ્ટિગોચર થાય છે. પુરૂષ વર્ગને પોતાના ઘરમાં પ્રવેશ કરતાં દેખી દેવમતી ચમકી અને વળી કાંઇક નવી આફત આવી સમજી, છતાં સતિએ હિંમત ધરી આવકાર આપી આસન

આપ્યાં. પાંચે માણુસો બેઠા પછી તરતજ પ્યારેલાલ નામના વણીકે બોલવા માંડયું, " સુંદરી, અમોએ તમારા રૂપની પ્રશંસા અન્યદ્વારા જેવી સાંભળી હતી તેવીજ બલકે તેથી પણ વધારે અમોને પ્રત્યક્ષ જણાય છે. આ તમારી કોમળ કાયા શુષ્ક કાષ્ટથી બાંધેલી આ ભાગી તુટી પર્ણકુટીને લાયક નથી. ખરેખર, તમારૂં આ દિવ્ય સ્વરૂપ સુરલોકના સુરપતિને છાજે તેવું છે. માટે શોકને પરહરી અમો આ પાંચ પાંડવો રૂપ શ્રીમંત બાળકોમાંથી કોઇને પણ પસંદ કરી ભાગ્યશાળી કરો. " પ્યારેલાલને અનુમોદન આપતાં વીરકાંતે કહ્યું " સહુણી, જે સુખ, જે આનંદ મહાલયો આપે છે તે આ તમારી ભાગીપર્ણકુટી નહિ આપે. જે તૃપ્તિ અને જે સંતોષ નાના પ્રકારના ભોજનથી મળે છે તે શુષ્ક ભાખરીયાશાળથી નહિ મળે. આ તમારા દિવ્ય સ્વરૂપની શોભા અમુલ્ય અલંકારો પહેરવાથી વધશે, તેટલી આ પ્રકારે રહેવાથી નહિજ વધે. " વગેરે વગેરે શબ્દોમાં પાંચે જણાએ પોતાના હૃદયોદ્‌ગાર દેવમતીને જણાવ્યા. દેવમતીએ દરેકનું કથન એકાગ્ર ચિત્તે શ્રવણ કરી જ્યારે સર્વે બોલી રહ્યા ત્યારે ગંભીરપણે બોલવાનું શરૂ કર્યું " ભ્રાતાઓ! પ્રથમેવ તમોએ મારા રૂપની પ્રશંસા કરી તેના પ્રત્યુત્તરમાં હું પુછીશ કે જે રૂપમાં તમોને મોહ ઉત્પન્ન થયો છે તે રૂપ તમોને શું ગુણ આપનાર છે? રૂપવતુ સોમલ સ્વરૂપનો નાશ કરે છે. દીપકના રૂપ પર મોહ પામેલા પતંગીયાને દીપક પોતાની જ્યોતિથી એક પળમાં ભસ્મીભૂત કરે છે. દુર દેખાતો રળિઆમણો અરે સ્વરૂપવાન મેરાણુ જીવાત્માની કંઇક ધારણાઓનો સત્યાનાશ કરે છે. કહો તે સ્વરૂપ શા કામનું? આ મારૂં સ્વરૂપ, અરે કારીગરની ચતુરાઇના નમુના ઉપર, તમને મોહ ઉત્પન્ન થયો છે, પરંતુ તમોને ક્યાં ખબર છે કે તે સ્વરૂપ ધૂમ્રના બાચકા છે. મૃગજળ છે, જાદુગરનો ખેલ છે.

ત્વચા ગૌર છે છતાં અંદર તો માંસ, મળમૂત્ર સિવાય બીજું શું છે? અરે એ રૂપ પર મોહ પામનાર પતંગીઆઓ, મોહ રૂપ અગ્નિમાં ઝંપાપાત કરતા બચો, નહિ તો એક ક્ષણમાં હતા ન હતા થઇ જશો. લક્ષ્મીના પુજારી શ્રીમંતો તમો મને વૈભવની લાલચમાં લપટાવી લક્ષ્મીનો મોહ ઉપસ્થિત કરો છો કિંતુ કહો કે લક્ષ્મીવાળાઓ ભોજન સમયે હીરામાણેક જમે છે અને ગરીબ શું ધુળ ફાકે છે? તમો શ્રીમંતોની કાયામાં કેસર અને કસ્તુરી ભરેલાં છે? મૃત્યુ થતાં શ્રીમંતો લાકડાં મુકી સુવર્ણમાં બળશે કે? મોહાંધ પુરૂષો, તમો મને શાની લાલચ આપો છો? યૌવન, રૂપ, જીવિત, દ્રવ્ય ઐશ્વર્ય વગેરે સર્વે નાશવંત છે. કોકિલ પક્ષિ આમ્રનો દિવ્ય રસ પીને પણ ગર્વ કરતું નથી. પણ દેડકો કાદવવાળા પાણીમાં પણ મલકાય છે. તેમજ તમો નાશવંત લક્ષ્મીના માલિક દેડકાઓ ધિક્કાર છે તમને. દ્રવ્યે કરી અંધ થએલા મૂઢ, આફતમાં આવેલાની હાંસી નહિ કરો. લક્ષ્મી ચંચળ છે, સ્થિર નથી તે નથીજ. જળ યંત્રીના ચક્રમાં બાંધેલા ઘટોનું સ્મરણ કરો, જેમ તે ક્ષણના ભરેલા છે કિંતુ ખાલીના ખાલીજ દેખાય છે, તેમ તમો આજે લક્ષ્મીવંત કિંતુ અંતે તો ભિખારીજ. કદાચ લક્ષ્મીના અનુગ્રહના પ્રતાપે તમોને ગર્વ છે અને તમો માની બેઠા છો કે લક્ષ્મી મારી છે. કદાચ તમે તેમ સમજો છતાં વિચારો કે યમકિંકરના મુદ્દગળના મારથી તમારી લક્ષ્મી તમોને બચાવશે કે— અરે, આ લક્ષચોરાશીના જન્મ મરણના ફેરથી મુક્ત કરશે કે? આ સંસાર સાગરમાં નાવરૂપ બની તમારા ડગમગતા ક્ષણભંગુર દેહને ડુબતો બચાવશે કે? જો તેમજ હોય તેવુંજ તમારૂં માનવું હોય, તમોને વિશ્વાસ હોય, તો તમારા માથાપર મરણ ભમે છે, કાળનો ઝેરી વંટોળીઓ વાય છે. મૃત્યુરૂપી તમારો પ્રબળ ચોર તમારા

જીવનમાં ઝેર ભેળવશે. તમારા સુખ ઉદ્યાનમાં પાવક પ્રગટાવશે. તમારી લક્ષ્મીની સહાયતાથી શું તે શત્રુને તમે જીતશો ? નેવનાં પાણી મોભે લઇ જઇ શકશો? રશ્મિદેવને કાળાંતરે પણ શીત કરી શકશો ? કદીજ નહિ. કુદરતની સત્તા મનુષ્યઆધીન થશેજ નહિ." સતિએ ખુલ્લા વૈરાગ્યમય ઉદ્ગારે કહ્યું. શું બોલવું તે કોઇને સુઝયુંજ નહિ. અરસપરસ ઉત્તર આપવા અણસારો કર્યો. છેવટે પ્યારેલાલ બોલ્યો, "દેવાંગના આ વૈરાગ્ય શું તમને છાજે છે ? ફાલી રહેલી વેલ તરફથી વીંટળાએલીજ દીપે. મુક્તામાળા તો ઝવેરીનેજ શોભે છે. વૈરાગ્ય વેરાગીને તમો તો વર્ણાગી." વચમાં વીરકાંતે કહ્યું, "તિલોત્તમા, એવું કોણ મૂર્ખ હોય કે અમૃત મુકી વિષને વળગે? મુક્તાહારને તજી કાષ્ટની માળા માગે." દેવમતીએ તેનો ઉત્તર આપતાં કહ્યું; "જેને કુળનું ગૌરવ છે, આર્યશાસ્ત્રનું અભિમાન છે, કલ્યાણની ઇચ્છા છે, આર્યભૂમિનું માન છે. એજ તમારા જેવી દુષ્ટ વાંછનાનો ત્યાગ કરે. તમે મને ગરીબ લેખશો નહિ. હું દુઃખી છું તેમ સ્વપ્ને પણ ધારશો નહિ. હું સુખી છું તેના શતાંશ ભાગે પણ તમો સુખી નથી. જુઓ, પતિનું સ્મરણ તે મારો વૈભવ છે. પતિની સેવા, પતિનો મહિમા પતિવ્રત, શીયળરૂપી મારા ધનભંડારો છે અને તેથી હું સુખીજ છું. દેવમતીનું ઉકત બોલવું સાંભળી દુષ્ટરાયથી સહન થઇ શકયું નહિ અને બોલ્યો, "અરે, એ લક્ષ્મીની ઉપેક્ષા કરનાર, જો તું સુખી છે; તો આવું દહીંથરા જેવું કટાણું મોઢું શા માટે કરી નાખ્યું છે, જોઇ ન હોય તો મોટી સુખી." આ સાંભળતાં દેવમતીએ કહ્યું "ભલે હું દુઃખી છું તે દુઃખ મને મુબારક છે. ક્ષણિક અલ્પ સુખની લાલસાઓ કરતાં દેવને પણ દુર્લભ પતિવ્રતરૂપી સુખ મને અતિ પ્રિય છે. કામાંધો, તમે તમારી દુષ્ટ વાણી બંધ કરો, તમારી માયાવી જાળને સંકેલો. અહીંથી સ્યામ મ્હોં લઇ,

પલાયન કરી જાઓ, નહિ તો ફજેત થશો. " દેવમતીનું આવું બોલવું સાંભળી સર્વ શિથિલ થઇ ગયા અને જાણ્યું કે શુદ્ધ સુવર્ણ દેવમતી આપણા તાપની પરવા કરે તેમ નથી. વધુ ખેંચતાં તુટી જશે. વાત બહાર પડશે અને વધારામાં ફજેતી થશે તેવું સમજી લુખો દમ આપી ત્યાંથી સકલ પ્રયાણ કરી ગયા. બિચારી દેવમતી હવે તો કંટાળી ગઇ અને અહીં રહેવું કે નહિ તે વિચારમાં ને વિચારમાં બિચારી અટવાઇ.

પંચમ પરિચ્છેદ.

પ્રયાણ.

सुखं च दुःखं च भवा भवौ च
लाभालाभौ मरणं जीवितं च ।
धर्मायशः सर्व मेते स्पृशन्ते
तस्मा द्धीरो न च हृष्येन्न शोचेत् ॥

સુખ દુઃખ, ચઢતી પડતી, લાભાલાભ તથા જીવન, મરણ એ સર્વ ક્રમે કરી પ્રાપ્ત થાય છે, માટે ધૈર્યવાન હર્ષ તથા શોચ કરતો નથી.

આ કૃતને પામી કોઇ કાળે વ્યથા પામતો નથી પણ સાવધાન થઇ સમયનો સદુપયોગ કરેજ જાય છે અને વખતે દુઃખ આવે તો સહન કરે છે. તેની ઉપર પડેલી ધુરંધર મહાત્માઓની વિપત્તિ પણ નાશ પામે છે. આ લોકમાં કાપેલું વૃક્ષ પુનઃ ઉગે છે અને ક્ષીણ થએલ શીત રેશ્મા પણ પુનઃ વૃદ્ધિંગત થાય છે તેમ સમજનાર સજ્જન કદી ખેદ પામતો નથી. રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે કે આ સંસારમાં કોઇ ઠેકાણે વિદ્વાનોનો વિદ્યાવિનોદ, તો કોઇ ઠેકાણે મદિરા પીને-મસ્ત થએલાનો કલહ, કોઈ ઠેકાણે વિણાનો નાદ તો કોઇ ઠેકાણે કરૂણાજનક રૂદન કર્ણગોચર થાય છે તે ઉપરથી આ સંસાર અમૃતમય છે કે વિષમય તે કલ્પિ શકાતું નથી.

વાચકગણ:—આ કથાની નાયિકા સતિ દેવમતી આ ગ્રામ્યજનોની દુષ્ટ વાંછનાઓથી તથા ત્રાસથી કંટાળી ગઇ છે. શું કરવું તે

બિચારીને સુઝતું નથી. વિચારસાગરમાં ઘણીવાર ગોથાં ખાધા પછી છેવટે એક નિશ્ચય ઉપર આવી અને તે એજ કે એ ભૂમિનો સર્વથા ત્યાગ હા ત્યાગજ !!! ઉક્ત શબ્દે બિચારીના હૃદય ઉપર આઘાત કર્યો, તેનું હૈયું ભરાઇ આવ્યું. ત્યાગરૂપી સર્પે તેના જીવનને દંશ કર્યો. તે પ્રબળ વન્હિએ તેના હૃદયને ભસ્મીભૂત કર્યું. જે ભૂમિની પરિચર્યામાં પોતાનું જીવન રચ્યુંપચ્યું છે, જ્યાં પોતાની અમર આશા અવલંબાયલી છે, તે શું તુટી જશે; અરે જે પર વ્હાલ, મમતા, તેનો શું સર્વથા ત્યાગ ? જનની જન્મભૂમિથી બહિષ્કાર, ઓ દૈવ આ શી વિપદ્ ! સતિ ઉક્ત વિચારમાં તદાકાર થઇ. ચક્ષુમાંથી દડદડ અશ્રુપ્રવાહનું વહન થયું. વિપત્તિથી ગભરાઇ. આત્મઘાત તેને ઉચિત લાગો. અને તેજ નિશ્ચયમાં એક કૂપ તરફ પ્રયાણ કરે તેટલામાં એક મહાત્માનો ઉપદેશ તેના સ્મરણમાં આવ્યો, તેની મતિ પલટાઇ. મન સાથે બડબડી.

त्याज्यं न धैर्यं विधुरेऽपि काले
धैर्यात्कदाचित्गतिमाप्नुयात्सः ।
यथा समुद्रेऽपिच पति भङ्गे
सायांत्रिको वाञ्छति तर्तुमेव ॥

જેમ સમુદ્રમાં વહાણ ભાગવાને વખતે પણ મુસાફર તરવા ઇચ્છે છે તેમ મનુષ્યે વિપત્તિ સમયે પણ ધૈર્ય છોડવું નહિ. કેમકે ધીરજથી કદાચિત્ તે ગતિને પામે છે. જ્યાંસુધી ભય આવ્યો ન હોય ત્યાંસુધી ભલે તેનો ડર હોય કિંતુ આવ્યા પછી નિઃશંક થઇ, તેને ટાળવાના ઉપાય કરનાર અવશ્ય વિજય પ્રાપ્ત કરી શકે છે. દૈવમતી ત્હારી મતિ તો ફરી નથી અરે તું હૃદય છતાં જડ કેમ થઇ ગઇ છે? સુખ દુઃખ ઘટના સંબંધી છે તે શું તુ નથી જાણતી ? વેળાફરતી છાયા સર્વને માટે સરજીત છે તે શું તું ભુલી ગઇ ? કદાચ તું આત્મઘાત કરીશ,

ત્હારા દેહરૂપી ઘટમાંથી પ્રાણુને છુટો કરીશ, તેથી શું ત્હારાં અધુરાં રહેલાં કર્મથી તું મુકત થઇ શકીશ ? ત્હને ખબર છે કે આ જન્મમાં ભોગવવી પડતી વિપત્તિ પૂર્વ જન્મમાં કરેલાં પાતકનાં ફળ છે અને સુખ તે પૂર્વના તપોબળનું ફળ છે. મૂઢ આત્મઘાત કરે તું કયાં છુટીશ ! કયાં જઇશ ! ઉપર્યુકત તર્ક વિતર્કમાં બિચારી અટવાઇ અને આત્મઘાત મહાન પાપ છે એટલુંજ નહિ કિન્તુ સાત જન્મના ઉચ્છેદનનું બીજ છે લેખી પોતે આત્મઘાત કરવાનું માંડી વાળ્યું. ધીરજ ધારણ કરી શિરપર આવેલા વિપત્તિ વાદળને ફેડવાનો પ્રયત્ન શોધવા લાગી. કોઇ અરણ્યમાં જવું, તપનો પ્રારંભ કરવો, સુર લોકને ડોલાવી પ્રભુનાં દર્શન કરવાં. સ્વર્ગની તમામ લાલચોને ઠોકર મારવી, પતિ સ્નેહચંદ્રના દિદારની યાચના કરવી અને સ્નેહચંદ્રને પામી આ સંસારસાગરથી તરી કલ્યાણ કિનારે પહોંચવું. બસ એજ વિચાર, એજ નિશ્ચય, આજ રાત્રે નગરમાંથી ગુપ ચુપ પ્રયાણ કરી જવું.

સમય તેજ દિવસે રાત્રિના દસ વાગ્યાનો છે. નગરજનો પોતાના કામ ધંધાથી પરવારી નિદ્રાદેવીના પાશમાં ઘેરાવાની તૈયારીમાં છે. વૃદ્ધ ધાર્મિક પુરૂષો ઇશ્વર ચિંતન કરતાં ઉંઘનું આવાહન કરે છે. યુવાન પુરૂષો આખા દિવસની સખ્ત મહેનતથી કંટાળી અત્યારે પત્ની સાથેના વિનોદમાં છે. જ્યારે વેશ્યાઓ દુષ્ટાચારમાં મગ્ન છે. બજારમાં વેપારીઓની દુકાન એક પણ ખુલ્લી નથી. લોભી વણિકોએ પણ ગ્રાહકની અવર જવર બંધ થવાથી દુકાનો બંધ કરી છે. અતિશ્રમથી કંટાળી ગામ બહાર સહેલ માટે નીકળી પડેલા મનુષ્યો પણ ઘેર પાછા આવી ગયા છે. નગર તદ્દન શાંત છે. મધ્ય રાત્રિનો સમય થયો. સતિ દેવમતી રખેને કોઇ જાગ્રત હોય અને માર્ગમાં કંટક રૂપ થાય વિગેરે વિચાર કર્યા પછી ત્યાંથી ઉઠી. પર્ણકુટીમાં એવું કાંઇ નહોતું કે જે તે પોતાની સાથે લઇ લે. માત્ર એકજ ચીજ અને તે પોતાના

પવિત્ર અંતઃકરણથી લેવાતું સ્નેહમૂર્તિ સ્નેહચંદ્રનું નામ તેણે સાથે લઇ લીધું. પરમાત્માનું સ્મરણ કર્યું. પ્રણિપત્ય કરી દ્વારમાંથી નીકળી. દશેક કદમ આગળ પ્રયાણ કર્યું. ઋષિ શશાંકથી સ્મશાનવત્ થએલા મહાલયનું સ્થાન આવ્યું. જોતાંજ હૃદય ભરાઇ આવ્યું. વિહ્વળ હૃદયે મુખમાંથી બોલાઇ જવાયું. વ્હાલી શ્વસુરાલય ભૂમિ, મ્હારા તને છેવટના પ્રણામ છે. દૈવ તારા અને મારાપર રૂઠયું છે. જે ગતિ ત્હારી છે તે પણ મારી છે. જે પિતાએ મારો તારો સંયોગ કરાવ્યો હતો તેજ પિતાએ પુનઃ વિયોગ કરાવ્યો તો તેની મરજી. વ્હાલી હવે હું જાઉં છું. ત્હારૂં હેત મારા હૃદયમાં તાજુંજ છે. તારી સ્થિતિનું ભાન મારા હૃદયમાં પ્રગટતા પ્રબળ વન્હિમાં ઘૃતની માફક રેડાઇ સકળ વપુને બાળી ગમે ત્યારે પણ તારી પેઠે ખાકવાત્ કરશેજ. આ દેહમાં જીવ છે, સમજ શક્તિ છે ત્યાં સુધી તો તારૂં હેત હું ભુલી શકું તેમ નથી. અત્યારે તો તને રખડતી કરી રઝળતી થઇ, ઉંચે આભ અને નીચે ધરતીને આધારે મારી ભાગ્ય દોરી જ્યાં દોરે ત્યાં જાઉં છું. માતા છેલ્લા પ્રણામ " દેવમતીએ ભરાએલા હૃદયે ત્યાંથી રસ્તો માપ્યો.

શ્વશુરાલય ભૂમિ અદશ્ય થઇ. ચૌટું વટાવી પાધરમાં આવી ગ્રામ્ય તરફથી દૃષ્ટિ ફેરવી. જે પાધરમાં પૂર્વે એક સમય પતિ સ્નેહચંદ્ર સાથે હાસ્યવિનોદમાં ફરતાં હતાં. સંસારસુખનો અલભ્ય લાભ લેતાં હતાં. શૃંગાર વાક્પટુતા કરી પોતાના જીવનને કૃત કૃત્ય માનતા હતા. તે પાધરમાં અત્યારે દીન થઇ, હાલહવાલ સ્થિતિમાં સર્વથા પરિત્યાગ કરવાનો સમય!!! હા દૈવ.

ષષ્ઠ પરિચ્છેદ.

કાન્તાને ઉપદેશ.

पतिरेको गुरुः स्त्रीणां ।

ચક્રવૃંદ—આપણે વિહંગપુરથી ઇલ્વાપુરી સુધી આવી પહોંચ્યાં છીએ. નગરીનું કાંઇક અવલોકન કરીએ. આ નાની સરખી નગરીમાં ઘણાંખરાં બેઠા ઘાટનાં મહાલયો દૃષ્ટિગોચર થાય છે. નગરીની પશ્ચિમે ઇરાવતી નામક કલ્યાણકારી સરિતા ખળખળ કરતી વહે છે. ઉત્તર ભણી નજર કરતાં એક મનોહારક સરોવર દૃષ્ટિએ પડે છે. પાસેજ પુષ્પપરાગથી બહેકી રહેલો સુંદર ઉદ્યાન ચિત્તને ઠંડક આપે તેવો છે. અંદર નગરજનોના સુખને માટે બેસવાને ઠેરઠેર બાંકડાઓ ગોઠવી દેવામાં આવ્યા છે. મધ્યમાં એક જલયન્ત્ર અલૌકિક કૃતિએ કરીને ઝીણી ઝીણી જલશલાકાઓ ફેંકી રહ્યો છે. સમય મધ્યાન્હનો છે. ઘણા ખરા નગરજનો રશ્મિદેવના ઉગ્રતાપથી આકુળવ્યાકુળ થઇ જીવને શાન્તિ આપવા પોતાના મહાલયોમાં બેઠા છે. નોકરીઆત મનુષ્યો પોતાના માલીકની તાબેદારી ઉઠાવતા અહીં તહીં ભ્રમણ કરી રહ્યા છે. વ્યાપારીઓ ગ્રાહકોની રાહ જોતા દુકાનોમાં બેઠા છે. નગરીની પૂર્વમાં એક ભાગ્યું તુટ્યું ઘર દેખાય છે, તેની સાદી બાંધણી [illegible] થીજ અનુમાન થઇ શકે છે કે તેમાં વસનાર સાધારણ સ્થિતિ[illegible] હોવું જોઇએ. અંદર દૃષ્ટિ નાખતાં એક મલિન વસ્ત્રવાળી શય્યા નજરે પડે છે. તેના ઉપર શ્વાસોચ્છ્વાસ લેતો એક વયોવૃદ્ધ પુરુષ સુતેલો જણાય છે. તેનું હાડપિંજર શરીર તથા સમીપમાં પડેલ પીચદાની

વગેરે સાહિત્યથી અનુમાન થઇ શકે છે કે તે ક્ષય જેવા જીવલેણુ રોગથી પીડાતો ભાગ્યહીન મનુષ્ય છે. અતિશય ખાંસીથી બિચારાને દમ ચડેલો લાગે છે. બોલવાથી રખેને ખાંસીનું પુનરાગમન થાય તેવા ભયથી બિચારો બિછાના પર શુન્ય પડી રહ્યો છે. બિછાનાની ડાબી બાજુએ એક દ્વાર દેખાય છે. ત્યાં દષ્ટિ નાખતાં એક નવોઢા અશ્રુપ્રવાહ કાઢતી કંઇક ખલમાં ઘુંટતી હોય તેમ જણાય છે. કોઇ કોઇ વખત બિચારીના બંને હાથ ખલમાં ને ખલમાં સ્તબ્ધ થઇ જાય છે. હૃદયમાં હીંમત રાખી વિપત્તિનાં વાદળાં વિખેરવાનો પ્રયત્ન ઘણી વખત કરતી જણાય છે કિંતુ છેવટ નિરાશાજ. બિચારી અબળા શું કરે. હૃદયના ઉભરા કોની સમીપ કાઢે. રૂદન વડેજ તેને કાંઇક શાંતિ વળતી હતી. હૃદય ખાલી થતું હતું, ડંખતા હૃદયને સહનશીલતા વડેજ શાંત્વન આપતી—છતાં કુદરતનો કોપજ. જે નમેલી લતા તરૂની હુંફથી રળિઆમણી દેખાય, જે સરિતા પિયુ રત્નાકરથીજ ભાગ્યશાળી દેખાય, જે રજની શીત રશ્મિથીજ આહ્લાદજનક લાગે તે લતા એક શુષ્ક કાષ્ટને પાને પડી છે, તે સરિતા એક મલિન પુંજથી ભરેલા કુપ તરફ ઢળી છે, તેજ રજની અમાસને પાને પડી છે. અહા ! બિચારીનું કેટલું દુર્ભાગ્ય! ખલ પરના કર સ્તબ્ધ થયા, ઉંડી કંઇક સિદ્ધાન્ત પર આવી હોય તેમ જણાઇ. કોઇને શાપ આપતી હોય, કોઇ પ્રતિ તિરસ્કાર દર્શાવતી હોય તેવા ચાળા કરવા લાગી. એકાએક તેના મુખમાંથી વાણી નીકળી, “પિતા, અરે ઓ રાક્ષસી પિતા, પુત્રીના માંસના ભોક્તા, ગરીબડી ગાયને રેંસનાર સ્વાર્થી કસાઇ પિતા ! તમને આ શું સુઝ્યું. પોતાના સ્વાર્થને માટે પરાયા જીવનનું બલિદાન આપતાં અરે સર્વ નાશ કરતાં તમને જરા પણ વિચાર ન આવ્યો, ઓ રાક્ષસ, દીકરીના દામ કાચો પારો છે, હળા-

હળ વિષ છે, ધગધગતો પાવક છે. તેજ પાવક તમારી ક્ષણભંગુર કાયામાં રગેરગ પ્રદીપ્ત થઇ તમને ભસ્મીભૂત કરશે. તે વિષ તમારી રક્ત-વાહિનીઓને પુરી દેશે, તેમજ કાચો પારો તમારી રગોમાં પ્રસરી આખા શરીરે દ્દષ્ટિગોચર થશે. દામની લાલચે દીકરી વેચનાર, ઓ દુષ્ટ પિતા, તમે પિતા નહિ, કિંતુ પૂર્વ જન્મના કટ્ટા શત્રુ છો. રૌરવ નર્કમાં પણ તમને સ્થાન મળશે કે કેમ તે પ્રશ્ન છે. તમારા સાતે ભવ નર્કના થજો એજ મારી બળતી આંતરડીનો તમને શાપ છે." અબળા નિઃશ્વાસ મુકી દ્રવતા હૃદયથી રડી પડી. વિચાર સાગરમાં ગોથાં ખાવા લાગી શું કરવું, આત્મઘાત કે ખુન ? એકજ. આત્મઘાત હું શાને કરૂં ! બીજાનું પ્રાયશ્ચિત્ત હું શાને કરૂં. અપરાધીને જ શિક્ષાઃ એજ ઉચિત. પ્રથમ શિક્ષા પતિને ને પછી પિતાને. ઉક્ત ઠરાવ પર આવતાં અબળા રોગીનું ખુન કરવાના નિશ્ચય પર આવી. હાથમાં છરી લઇ ત્યાંથી ઉઠી, રોગીના બિછાના આગળ આવી અને ધુનમાં ને ધુનમાં રોગીના શરીરમાં છુરી ભોંકે તેટલામાં તો તેને કુદરતે અટકાવી. વિચારગ્રસ્ત થઇ. હૃદયમાં તર્કવિતર્ક કરવા લાગી અને ગંભીર શબ્દે બોલી, કાન્તા, અરે નિષ્ઠુર હૃદયવાળી દુષ્ટા તું શું કરે છે, તું કોને શિક્ષા કરે છે ? શું મૃત્યુ બિછાને પડેલો આ તારો વૃદ્ધ પતિ ત્હારો અપરાધી ? કાન્તા વિચારગ્રસ્ત થઈ. કાંઇક ઠરાવ કરતો હોય તેવાં ચિહ્ન તેની મુખમુદ્રાપર જણાયાં. વધુ શંકા ઉત્પન્ન થાય તેટલામાં તો તેના મુખમાંથી વાણી નીકળી " અપરાધી ? હા અપરાધી. પાપનો ભંડાર, પાપનો સાગર, એકવાર નહિ પણ લાખવાર અપરાધીજ. વિષયની લાલસાવાળા કામાંધ ચિત્તના સ્વામી દુષ્ટાત્મા લાલદાસ, તું મારો સ્વામી થયો ત્યારથીજ મારો ભવ એળે ગયો. અભાગી ઝેરી સાપણને સોડમાં ધરતાં તને કંઇ વિચાર ન સુઝયો. ખરેખર નજ

સુઝે. કેમકે સ્વાર્થને ચક્ષુ હોતાં નથી. આ અવનિપર સ્વાર્થાંધ મનુષ્યો ખેદાન મેદાન કરવા કદી પણ પાછી પાની કરતાજ નથી. બસ એજ વિચાર, એજ નિશ્ચય, ખુનીને ફાંસીની શિક્ષા, ચામડાના દેવને જુતાંનો માર, વ્યંડળના કર્મમાં સાડી અને ચુડાનોજ શણગાર" લાલદાસને સંબોધી કહ્યું, "ઓ ચિતાના સ્વામી, ત્હારા દિદાર પર તો નજર કર, ત્હારાં ગાત્રો શિથિલ થઇ ગયાં છે, રક્ત વાહિનીઓમાંથી રક્ત સુકાવા લાગ્યું છે, ત્વચા લટકે છે, મુખમાં દાંતનું નામ પણ નથી, ચક્ષુમાં કૂપ સમ ખાડા પડયા છે, નુરનું નિશાન સરખું પણ નથી, મુખ અને નાસિકામાંથી મલિન પદાર્થો વહ્યાજ કરે છે, કાયા ધ્રુજે છે, આંખને જોવી ન ગમે, મનને પણ કંટાળો આવે એવી આ તારી જર્જરિત કાયામાં વરણાગી કામદેવે કેમ સ્થાન કર્યું હશે, અભાગી વિષયાંધ, ત્હારી આંખ ઉઘાડી દીર્ઘ દૃષ્ટિથી જો કે કોમળ પુષ્પની પાંખડી જેવી તરૂણ બાલિકાનો ભવ બગાડનાર તને કેવી શિક્ષા થાય છે, બાર મહીનાના મંદવાડરૂપી પાપની શિક્ષા તને થઇ છે, છતાં તે બસ નથી. મૃત્યુ તારે માટે તલસી રહ્યું છે, નર્ક તારી રાહ જોઇ બેઠું છે, આ છુરી મૃત્યુદેવની અનુચર છે, તને હમણાંજ નર્કમાં લઇ જશે, બસ હવે થોડીજ પળ." આટલું બોલતાં કાન્તાએ હાથમાંની છુરીને એક વખત જોઇ લીધી. બરાબર તીક્ષ્ણ ધારવાળી છુરી છે એવી ખાત્રી થતાંજ ભૈરવી સ્વરૂપ ધારણ કરી ભોંકવાની તૈયારી કરી હાથ ઉંચો ઉપાડી નીચે લાવે છે, છુરીને અને શરીરને સ્હેજજ છેટું છે, વળી કંઇક બબડી લાલદાસ તું હતો ન હતો હમણાંજ થઇ જનાર. આ છુરી આવી, યમદૂત નજીક આવ્યા. છુરી નીચી ઉતરી, પરંતુ, "સબુર" શબ્દ બહારથી સંભળાયો, કાન્તાને દ્વાર આગળ નજર નાખતાંજ એક ભવ્ય યોગિનાં દર્શન થયાં.

પ્રિય વાચકવૃંદ—કાન્તા અને લાલદાસનો રંગ જોયો, તેઓ દંપતી છે એવું તો પ્રથમથીજ આપણે સમજ્યા હતા. પાપી પિતાની પૈસાની લાલચના પ્રભાવે સ્વરૂપવાન, ગરીબ કાન્તાનું પાણિગ્રહણ ઘરડા, ખોખંદર પાષાણ લાલદાસ સાથે થયું છે. અધુરામાં પુરૂં આજ બાર માસથી લાલદાસ ક્ષય રોગથી પીડાય છે. તેનું શરીર ક્ષીણ થઇ ગયું છે. કાન્તાના દુઃખની સીમા રહી નથી. અને તેથીજ કંટાળી બિચારી નિર્દોષ કાન્તા ભયંકર ખુન કરવા ઉત્સુક થઇ છે. પરંતુ ઇશ્વરની ગતિ અકળ છે. તરણાનો મેરૂ કરવાને તેજ શક્તિમાન છે. અણી વખતે ભગવતી યોગિનીને દ્વાર સમીપ લાવી બિચારા લાલદાસનું ખુન અટકાવનાર પણ તેજ દયાસાગર છે. આ યોગિની કોણ હશે. વિખરાયલી કેશલતા, ભગવું વસ્ત્ર, કંઠમાં તુલસીની માળા, કપાળમાં ભસ્મરેખા, તથા હાલતા અધરોષ્ટ ઉપરથી આપણને અનુમાન થાય છે કે તે ઇશ્વરના નામનો મંત્રનો જાપ કરતી કોઇ મહાભવ્ય નવયોગિનીજ છે. મુખમુદ્રા ઝાંખી પડી ગઇ છે. ચ્હેરો દયામણો, વિરાગી દેખાય છે, અને વૈરાગ્યનાં વસ્ત્રો પરિધાન કરેલાં છે છતાં તેમાં છુપાયલું સૌંદર્ય કવચિત્ કવચિત્ દ્રશ્યમાન થાય છે. વાંચક, આ યોગિની અન્ય કોઇ નહિ કિંતુ સતિ દેવમતી પોતેજ. અહીં આ વિહંગપુરનો ત્યાગ કરી ઇન્દ્રપુરીમાં આવી ચઢી છે. ભિક્ષાર્થે અટન કરતાં કાન્તાનું કૌતક દૃષ્ટિએ પડતાં ' સબુર ' શબ્દથી અટકાવનાર, ઇશ્વર પ્રેરિત દેવી દેવમતી પોતેજ છે.

કાન્તાની દૃષ્ટિ આ યોગિની પર પડતાંજ તેના ક્રોધની પરિસીમા રહી નહિ. અને એકદમ ગુસ્સે થઇ કટાક્ષ કરતી બોલી, "ભિખારિણી મારા કાર્યમાં કંટકરૂપ થનાર તું કોણ છે, જા અહીં મનુષ્ય માંદુ છે કોઇ ભિક્ષા આપતું નથી, ચાલી જા અહીંથી." કાન્તાની ઉપર્યુક્ત વાણી સાંભળતાં સતિ દેવમતીએ કહ્યું, " બ્હેન, તમારા કાર્યમાં વિઘ્ન નાખવાના અપરાધ માટે મને ક્ષંતવ્ય કરશો. તમે જાણો

છો કે અમને કોઇ પણ જાતનો સ્વાર્થ નથી, અમે તો યોગીઓ, અમને સંસાર વાસના શામાટે જોઇએ! અષ્ટ સિદ્ધિ અને નવનિધિ પ્રભુના નામથી અમને પલકમાં મળે છે. પછી અમોને શાની ન્યુનતા? પરોપકાર એજ અમારૂં પરમ દૈવત સમજી પારકાનું કલ્યાણ કરવા માટે જ અમે જગતમાં ભ્રમણ કરીએ છીએ. જે લક્ષ્મીને તમો સંસારી જનો વ્હાલી ગણો છો તે અમારે દાવાનળરૂપ છે, જે તમને પ્રિય છે તે અમને અપ્રિય છે, તમને જે લાભ આપે છે તે અમને નુકસાન આપે છે, જેથી તમારા હકમાં ગેરલાભ થાય એવું મારૂં આચરણ છે એમ તમે સ્વપ્ને પણ ન માનતાં. બ્હેન આ રોગ પીડિત મનુષ્ય તમારા કોઇ સંબંધી છે ? " દેવમતીએ વિનયપણે પ્રશ્ન કર્યો.

છે,–તેનું તારે શું! કાન્તાએ બેપરવા જવાબ આપ્યો. 'બ્હેન, જો કહેશો તો તમોને લાભ છે, પછી તમારી મરજી! દેવમતી શંકાશીલ વાણી બોલી.

' હેં મ્હને લાભ છે! શું લાભ છે? આ મ્હારા સ્વામી છે, કહો દેવી કહો, મને શું લાભ છે? ' કાન્તાએ આતુરતાથી પ્રશ્ન કર્યો. દેવમતી ગંભીરતાથી ઉચરી, ' શું આ રોગી તમારો પતિ થાય છે, અને થોડા સમય પૂર્વે આપ જેનું ખુન કરવાની તૈયારીમાં હતાં તે શું તમારા સ્વામીનું ? ' સતિએ નિશ્વાસ મુકયો.

' હા, હા' ઘાતકી પિતાના પૈસાના સ્વાર્થે માટે અને કામાંધ પાતના વિષય ભોગની તૃપ્તિના સ્વાર્થને માટે મારૂં જીવન ઝેર થયું છે. ઉભયનાં સ્વાર્થાગ્નિમાં બળી ખાક થઇ ગયું છે ' કાન્તાએ ખરી બાબત જણાવી.

' જે થઇ ગયું તે શું કાળાન્તરે પણ મિથ્યા થશે? બેન તને, ખબર છે કે ગજેન્દ્રના દંતુશૂળ એક વખત નીકળી ચુક્યા પછી શું

પુનઃ પાછા જઇ શકે છે? કમાનમાંથી નીકળી ચુકેલું બાણુ શું પુનઃ પાછું વળી શકે છે? કદી નહિ. તો બેન, જે કાર્ય કરવાને માટે, જે સ્વાર્થ સાધવાને માટે આપણે વિચાર સરખો પણ કરી શકીએ તેમ નથી તેની પ્રાપ્તિની ફોગટ ઇચ્છા રાખી, તેને માટે ભગીરથ પ્રયત્ન કરવો શું ઉચિત છે? પાંગળો થઈ પર્વતપર ચઢવાની ઇચ્છા રાખે, બધિર સંગીતનો શોખીન થાય અને અંધ નૃત્યને નીરખવાની આકાંક્ષા રાખે તે શું સ્વપ્ને પણ સંભવિત છે? નહિજ. માટે જે થયું તે થયું. અખિલ વિશ્વના સ્વામીનું ધાર્યું થયું માની જગબત્રીસીએ ત્હારી લગનગ્રંથી ગુંથાઇ છે. તે ગ્રંથી ઘણીજ પ્રબળ છે એમ માની તારૂં તન, મન, ધન ત્યાંજ સમર્પણ કર. પ્રલ્હાદને જેમ લોહના ધગધગતા સ્તંભમાંથી પરમાત્માનાં દર્શન થયાં હતાં તેમ પાષાણરૂપ માની લીધેલો આ તારો પતિ તારી ભાવના પરિપૂર્ણ કરવા સમર્થ થશે. વિષયભોગની અલ્પ લાલસાએ તું તારા કલ્યાણ સ્થાનનું છેદન શા માટે કરે છે? તારી અક્ષય્ય કીર્તિને બાળીને એક પળમાં ખાક કરે છે તેનું તને ભાન છે? તને ખબર છે કે જે સ્ત્રી પતિ પ્રત્યે સારા સ્વભાવ વાળી, મધુર બોલનારી, રૂડા આચરણવાળી, સુખરૂપ દેખાવવાળી, પતિમાંજ ચિત્ત રાખનારી, તથા પ્રસન્ન મુખવાળી, પતિના જીવને શાન્ત કરી પોતે શાન્ત થાય છે, પતિનું શુભ ઇચ્છી પોતાનું કલ્યાણ કરે છે, પતિએ કઠોર વચન કહ્યાં હોય તથા ક્રોધદ્દષ્ટિએ જોયું હોય તોપણ તેના પ્રત્યે જે નારી સારી રીતે પ્રસન્ન મુખથી રહે છે તેજ ખરી પતિવ્રતા કહેવાય છે અને તે પતિવ્રત અષ્ટસિદ્ધિ અને નવનિધિ આપે છે એટલુંજ નહિ કિન્તુ પરમાત્મન્ તેનામાં એવી અલૌકિક શક્તિ મુકે છે કે તે એક વખત સુરલોકના સ્વામિને નમાવી શકે છે. પતિને દેવરૂપ માનનારી પોતે દેવ સ્વરૂપ પામે છે. સ્ત્રીઓને પતિજ દેવ, સ્નેહી તથા ગતિછે અને તેના સમાન પોતાના

કલ્યાણનું પ્રબળ સાધન અન્ય કોઇ નથી.” દેવમતી બોધ આપતાં જરા ધરાથી અધર થઇ, જોતજોતામાં ચારેક કદમ ઉંચી ચડી. કાન્તા તો આ બનાવ જોવામાંજ લીન થઇ ગઇ. આ કોઇ મનુષ્ય નહિ, કિન્તુ કોઇ દેવી છે એવું પોતે નક્કી માની લીધું અને ઉભય કર જોડી દીન વચને ગદગદિત સ્વરે બોલી “ મહા દેવી, આપ કોણ છો, આપ આ સંસારમાં લુબ્ધ થઇ માયાની જાળમાં ફસાએલ કોઇ માનવ નહિ, કિંતુ સુરલોકમાં વસતાં કોઇ મહાદેવી છો એવી મને પ્રતીતિ થાય છે, અહા મારૂં કેટલું મહદ્ ભાગ્ય ” ઉક્ત શબ્દો શ્રવણ કરતાં દેવીએ કહ્યું “ બેન હું સુરલોકમાં વસનારી કોઇ દેવપુત્રી નથી. કિન્તુ જેમ તમે આ માયાવી સંસારની માયાવી પુતળી છો, તેમજ, હું પણ એક છું,” દેવીનું આ વાક્ય શ્રવણ કરતાં કાન્તા શંકાશીળ થઇ અને બોલી, શું આપ કોઇ જાદુગર તો નથી? શું પૃથ્વીથી અદ્ધર રહી શકો છો તે કોઇ સિદ્ધ માયાનો પ્રતાપ તો નથી! બેન માયાએ નથી ને જાદુએ નથી, કાંઇપણ દૈવત, કોઇ પણ પ્રભાવ જો તું મારામાં જોતી હોય તો તે સઘળો પ્રભાવ પતિવ્રતનોજ છે. એજ પતિવ્રતના પ્રભાવે મહા સતિ સુકન્યા, સાવિત્રી, અહલ્યા, અનસૂયા, તારા, દમયંતી અને દ્રૌપદીની નામના અખિલ વિશ્વમાં હજુ તાજીજ છે. બેન તું તારી દુષ્ટ મનોવાંચ્છનાનો ત્યાગ કરી ગૃહિણી ધર્મ બરાબર સમજી મારા બોલ પર, મારા આચરણ પર વિશ્વાસ રાખી, પતિવ્રત કબુલ કરી, પતિવ્રતા થઇશ તો તું અક્ષય નામના—અક્ષય સુખ પ્રાપ્ત કરી મોક્ષ પદવીને પામીશ. સ્નેહભાવે સ્વામીનું ચરણોદક સ્વીકારનાર સેવિકા પત્ની ત્રિલોકને ડોલાવે છે;” સતિએ કાન્તાના મસ્તકે હાથ મુક્યો અને ‘કલ્યાણ મસ્તુ’ શબ્દો બોલી ત્યાંથી ચાલી ગઇ. સતિ તો ગઇ કિંતુ તેના બોલ રૂપ બીજ કાન્તા હૃદયક્ષેત્રમાં રોપાયા અને પોતે

મન સાથે પ્રશ્ન કરવા લાગી, શું પતિવ્રતનો આટલો પ્રભાવ, આટલું દૈવત, પતિના ચરણોદકની આટલી શક્તિ, બસ આજથીજ હું સતિના બોલ પર વિશ્વાસ રાખી પતિવ્રત ધારણ કરૂં છું, આજથીજ મારા તરણતારણ, મારૂં તન, મન, ધન મારા સ્વામી છે. એમનું ચરણોદક તેજ મારી ગંગા યમુના; તેજ મારૂં તપોબળ.” કાન્તાએ સુતેલા સ્વામીના પાદનું પ્રક્ષાલન કર્યું અને ચરણોદક લીધું. પોતાના દેવેશની શાન્તિ અર્થે વાયુ ઢોળવા લાગી અને આજથીજ પતિવ્રતનો પ્રારંભ કર્યો.

સપ્તમ પરિચ્છેદ.

વ્યભિચારિણી વિજયાને બોધ.

रक्षः पतिर्जनकजाहरणेनवालि
तारापहारविधिनाखलकीचकोऽपि ।
पाञ्चालिका प्रमथनान्निधनंजगाम
तस्मात्कदापिपरदाररतिंनकुर्यात् ॥

સીતાનું હરણ કરવાથી રાવણ, તારાને હરી લેવાથી વાલિ અને દ્રૌપદીની છેડ કરવાથી કીચક મરણ પામ્યો તેથી કોઇ પણ કાળે પરસ્ત્રીમાં પ્રીતિ કરવી નહિ.

કહ્યું છે કે નીચ મનુષ્યોએ એકાંતમાં કરેલું જારકર્મ લસણની માં ક લોકમાં પ્રસિદ્ધ થઇ જાય છે. માટે બુદ્ધિમાન સકળ જનોએ તેવું નિંદિત કૃત્ય કરવું નહિ. કેમકે ક્ષણ માત્રના સુખને વાસ્તે બધી પ્રતિષ્ઠા તથા ધનનો નાશ થાય છે. જેમ જન્માંધ દેખતો નથી તેમ કામાંધ, મદોન્મત્ત તથા મતલબી દોષને જોતાંજ નથી.

સમય રાત્રિનો છે. સર્વત્ર અંધકાર છવાઇ ગયો છે. સાયંકાળનો સૂર્ય અનુરાગવાન્ સુખરૂપ વપુને ધારણ કરનાર છે તથાપિ કિરણ રૂપી ધન વિનાનો હોવાથી પશ્ચિમ દિશા રૂપી ગણિકાએ વ્યોમ રૂપી ગૃહમાંથી બહાર કાઢી મુકયો છે. કૃષ્ણપક્ષ હોવાથી રશ્મિદેવના આવાગમનની આશાજ નથી. કિંતુ નભો મંડળમાં દષ્ટિ નાખતાં તારા મંડળની તેજસ્વિતાની ચઢાઇ પૃથ્વી ભણી આવતી હોય તેમ જણાય છે.

ઇન્દ્રપુરીની એક બાજુએ આપણને એક ધર્મશાળા દૃષ્ટિગોચર થાય છે. તેની આગળના ભાગમાં આવી રહેલા એક વિશાળ ચોકમાં એક યુવાન યોગિની પદ્માસન વાળી કંઇક જાપ જપતી દેખાય છે. વાચકવૃંદ—તમે સ્હેજે અનુમાન કરી શકશો કે આ યોગિનીને આપણે થોડા સમયથી ઓળખીએ છીએ. ગત પરિચ્છેદમાં પતિના મૃત્યુમાં કારણભૂત થતાં બચેલી કાન્તાને બચાવનાર મહાદેવી દેવમતીજ આ છે. પ્રાતઃકાળ થતાંજ કોઇ અન્ય સ્થળે જવાશે અને સ્ત્રીઓ માટે રાત્રિ જોખમકારી છે એમ સમજી તેણે અહીંયા નિવાસ કર્યો છે. કહ્યું છે કે સ્વતંત્રતા, પરઘેર વિશેષ નિવાસ, મનુષ્યના મેળાવડા, તથા ઉત્સવમાં એકલું જવું, પરપુરૂષ સાથે છાની વાતો, પતિના પરદેશ વાસ વખતે ખરાબ સ્ત્રીની સોબત, ભરણપોષણમાં ન્યૂનતા, પતિની વૃદ્ધાવસ્થા તથા ઇચ્છા પ્રવાસ એટલાં વાનાં સ્ત્રીઓને ભ્રષ્ટ થવાનાં કારણો છે. રાત્રિને વિષે પર્યટન કરવું શ્રેય નથી એવું ધારી દેવમતીએ આજની રાત્રિ આ ધર્મશાળામાં ગુજારવાનું ઉચિત લેખ્યું છે. અલ્પ સમય વ્યતીત થયો નહિ તેટલામાં દેવમતીને એક કોતક નજરે પડયું. કોઇ મંગળ જોડું આવતું દીઠું. રખેને પોતા પર કંઇ નૂતન આપત્તિ આવી હોય તેમ માની પોતે સાવધાન થઇ. કિંતુ તેની ધારણા ખોટી પડી. અલ્પ સમયમાં યુગલ આ સ્થાનનાં પગથીયાં સુધી આવી પહોંચ્યું. અને વિદ્યુતના ચમકારાની પેઠે તેઓએ દ્વારમાં પ્રવેશ કીધો. દીર્ઘકાળ પછી ઉભય દ્વારમાંથી બહાર આવ્યાં અને કંઇક વાક્‌પટુતા કરતાં જણાયાં. પ્રથમેવ ઉભયમાંથી પુરૂષના મુખમાંથી વાણી નીકળતી સંભળાઈ. “ વ્હાલી, તારૂં મારા પર કેટલું “ અદ્વૈત વ્હાલ છે. મારા પ્રેમમાં તેં તારૂં સકળ જીવન કૃતાર્થ લેખ્યું “ છે. ત્હારા માથે તારા પતિ જેવો પ્રબળ શત્રુ ગાજી રહ્યો છે તેની

" યત્કિંચિત્ પણ પરવા નથી અને તે માટે હું જન્મોજન્મનો તારો
" કેટલો ઉપકૃત છું. પ્રિયા, વિધિ પણ કેટલો નિષ્ઠુર છે. તારૂં વિમળ
" હૃદય મારૂં છતાં ક્રુર વિધિએ તને મારા અને તારા શત્રુ રૂપ પતિના
" હાથમાં સોંપી તેણે શું લાભ લીધો હશે ?" વાચક બંધુ પ્રથમેવ આપણે આ સ્ત્રી પુરૂષને ઓળખવાનો પ્રયાસ કરીએ. પુરૂષ આ નગરનો રહીશ છે. જાતનો ખવાસ છે કામાંધ છે, તેનું નામ જસ્સો છે. અને સ્ત્રી આ નગરના નગરશેઠ પુનમચંદની સ્ત્રી વિજયા છે. પતિ પુનમચંદના નિદ્રિત થયા પછી દુષ્ટ જસ્સા સાથે આજ વર્ષો થયાં વ્યભિચારમાં પડેલી વિજયા આજે પણ અહીં આવી છે. પ્રતિ રાત્રે કાળા કૃત્યમાં મસ્ગુલ રહી હંમેશની માફક આજ પણ છુટા પડતી વખતનો હાસ્યવિનોદ કરી રહ્યાં છે. બંધુ, અત્યારે ઘોર રાત્રિમાં એક ખાનદાન કુટુંબની અબળા જાતિને એક હલકા ખવાસના પ્યારમાં પડેલી જોઇને તું અજાએબ તો થઇશજ. કિંતુ તને ખબર તો હશે કે સ્ત્રી ભલે નામથી અબળા છે કિંતુ સમય આવે પ્રબળ હૃદયવાળી પ્રબળા થઇ જતાં વાર લાગતી નથી. સમરાંગણમાં એક વીર પુરૂષથી ન થઇ શકે તેવું વીરત્વનું અનુપમ સાહસ સ્ત્રીના હાથથી થએલું આપણે વારંવાર સાંભળ્યું છે. અબળાએ તપોવીર્યના તપનો ભંગ સ્હેજમાં કરી મુનિઓનાં માન ઉતાર્યા છે; ભલભલાં કપટબીજ કપટીઓને છેતરી તેઓની ધારણા ધુળ મેળવી છે. ત્રિલોકને ડોલાવનાર, ફૂંકે પર્વત ફાડનાર વીર યોદ્ધાઓની વીરતાને ભુલાવી દીધી છે, તેને વિશ્વ ભલે અબળાથી સંબોધે. કહેવાની તે બળ રહિત હશે કિંતુ તે પ્રબળ બળવાળી પ્રબળા જ છે, બિચારા નિર્મળ બુદ્ધિવાળા સીધા પુનમચંદ ઉપર વિજય મેળવી પ્રતિ રાત્રિએ કામક્રીડા માટેજ છાની છુપાતી આવતી વિજયાને જરાપણ ખબર નહોતી કે ઇશ્વરદત્ત પતિને

મુકીને એક નીચ ખવાસના પ્રેમમાં પડવું અને તે પણુ માત્ર વિષય-લાલસા માટેજ એ કેટલું ઘોરતર પાપ છે. બિચારા પુનમચંદને જરા-પણુ માલમ નહોતું કે પોતે નિદ્રસ્થ થયા પછી જેને તે પોતાની હૃદયવિભૂતિ ગણુતો હતો તે દુષ્ટા વિજયા કયાં જતી હતી. જસ્સાના પ્રેમમાં પડયા પછી વિજયાને ધામ, ધર્મ અને ધન કરડવા આવતાં હતાં. રખે કોઇ તેની વાત જાણુશે એ ભયથી તેનું શરીર શોષાતું હતું. અને જસ્સાની સાથે કોઇ તરફ પલાયન કરી જઇ ભય ફેડી નાખવા તે વિચાર કરતી હતી, છતાં હજુ તેનામાંથી કુલીનતા છેકજ નષ્ટ થઇ નહોતી. પુનમચંદને તજીને જવાથી દુનીયાની વાણીનો તેને વિશેષ ભય હતો અને એટલા માટેજ મધ્ય રાત્રે જ્યારે સર્વ નિદ્રસ્થ થતાં હતાં ત્યારે ગુપચુપ એકલીજ નીકળી આવતી હતી. જસ્સો તથા વિજયા વિષયલુબ્ધ રહેતાં હતાં અને થોડી વાર મીઠી ગોષ્ટિ કરી દ્રવતા હૃદયે છુટાં પડતાં હતાં. આજે પણુ આપણે આગળ જોયું તેમ જસ્સાને વિધિ પ્રતિ તિરસ્કાર દર્શાવતો સાંભળી તેના પ્રત્યુત્તરમાં વિજયા બોલી, "પ્રિયતમ, તું ધીરજ ધર, તારે અને મારે માટે દૈવ "વાંકો હશે. પરંતુ દૈવના હાથમાં મારૂં ભવિષ્ય છે, મારૂં હૃદય નથી. "મારા શરીરની સુપરત પેલા જડ પુનમચંદને થએલી છે છતાં મારૂં "હૃદય તે જીતી શકયો નથી. જીવન ભલે પુનમચંદને સોંપાયું છે, છતાં "હૃદય તો મેં સ્વહસ્તે તનેજ સોંપેલું છે." વિજયાએ હૃદયોર્મિ કાઢતાં જસ્સાના મનનું સમાધાન કર્યું.

"વ્હાલી, સર્પના દરમાં, સિંહની ગુફામાં, કાંટાના બિછાનામાં શું શાન્તિ છે? સર્પને છુપા છુપા ફરવું, ભયમાં ને ભયમાં જીવન ગાળવું કયાં "સુધી બનશે. હવે તો એકે નિશ્ચય પર આવે તો સારૂં. અને તે એજ "કે તારા સ્વામીના લક્ષ્મીના ભંડારમાંથી મનમાનતો ખજાનો ઉઠાવી

લઇ કોઇ એકાંત નિર્ભય સ્થાનમાં વસી મોજમજામાં જીવન ગુજારીએ તો ઠીક. રાત્રિના ઉજાગરા, માથે નગરશેઠ જેવાનો ત્રાસ, અને લોકલજ્જાના ભયથી હું તો કંટાળી ગયો છું" જસ્સાએ મનનો ભેદ જણાવ્યો.

"પ્રાણેશ, તેની મને ક્યાં ના છે, આ તો શું પરંતુ તું કહે તો "તારા પ્રેમને માટે અગ્નિમાં પ્રવેશ કરી સાબીતી આપું. કહે તો જળમાં "ઝંપાપાત કરી વિશુદ્ધ હૃદયની ખાત્રી કરી આપું અને તું કહે તો વિષ "પાન કરી તારૂં શ્રેય કરૂં. માત્ર તારા પ્રેમનીજ ભિખારી છું. મારૂં "તન મન, ધન સર્વ તારૂંજ છે—બદલામાં કેવળ મૃદુ, મિષ્ટ, પ્રેમયુક્ત વાણીની ભિક્ષા માગું છું." વિજયાએ શુદ્ધ ભાવ દેખાડ્યો.

ઉભયની ઉપર્યુક્ત વાક્પટુતાથી પાસે બેસી સાંભળતી સતિ દેવમતીને જણાયું કે આ ઉભય યુગલ કામદેવનું પુજારી છે, એક ઉત્તમ વણિક કન્યા છે, જ્યારે બીજો ખવાસ છે. ઓ કામદેવ ત્હારી બલિહારીજ છે. ભગવાન ત્રિલોચન શિવજી તમે તેને તૃતીય નેત્ર ખુલ્લું કરી ભસ્મીભૂત કર્યો છતાં સતિ પાર્વતીએ અલ્પ નખમાં છુપાવ્યો તે અત્યારે આટલો પ્રબળ છે. ઓ કામદેવ, તું અત્યારે નખ રૂપ છે છતાં તારી આટલી શક્તિ છે તો જો તું અમારા જેટલો હોત તો તો શું શું કરત. તું ભસ્મીભૂત થયો તે ઠીકજ છે. આવા વિચારમાં ને વિચારમાં સતિ ઉઠી અને ઉભયના રંગમાં ભંગ પાડ્યો. સતિએ નમ્ર ભાવે ધીમેથી બોધ કરતાં કહ્યું "અરે ઓ કામદેવના પુજારીઓ તમો ઉભય વાક્ચાતુર્યથી જે વાત તમે છાની રાખવા માગો છો તે સર્વે મેં જાણી લીધી છે. તમે કોણ છો, અહીં શા માટે આવ્યા છો, શું કરો છો અને ભવિષ્યમાં શું કરવાના છો તે સર્વે હકીકતથી હું માહિતગાર થઇ છું. વિષયના લાલચુઓ,

તમને ખબર છે કે "વિષય તો વિષ છે, તમોએ તેનું પાન કર્યું છે તે વિષની તમોને ઉલટી થવી જોઇએ છે, નહિ તો નક્કી માનજો કે તમારા ઉભયના જીવનની પુર્ણાહુતી છે." જસ્સાજી તરફ ઉતરતાં બોલી, "એ વિષયાંધ, જો તને વધુ જીવવાની ઇચ્છા હોય તો એકદમ આ તારા દુષ્ટ આચરણનો ત્યાગ કર, કેમકે હરિણી સરખાં નેત્રવાળી સીતા નિમિત્ત લંકાપતિ રાવણનાં દશ મસ્તિષ્ક ચગદાઇ–ખુંદાઇ ગયાં છે; દ્રૌપદીમાં મોહ પામનાર કીચક કચડાઇ ગયો છે. નારી હરણ કરનાર વાલીની દુર્દશા કેવી થઇ છે તેનું તને ભાન નથી. કેતકીના પુષ્પમાં અથાગ પરિમલ છે તેના લોભે તણાયલા, એ મૂઢ ભ્રમર, તે લોભનો ત્યાગ કર, નહિતર તે પુષ્પનો આસ્વાદ લેતાંજ પુષ્પમાં બીડાઇ જવું પડશે અને તેજ તારૂં મોત છે. પરસ્ત્રીની અપ્રાપ્તિ જાણવા છતાં તેમાં મોહ રાખનાર મૂર્ખ નિશ્ચય તું નર્કનો ભોક્તા થાય છે." સતિનું ઉક્ત સંભાષણ સાંભળતાંજ જસ્સો ઠંડોગાર થઇ ગયો અને પોતાનું પાતક આ યોગિની જાણી ગઇ અને વાત પ્રભાતે ફુટી જશે તે ભયથી બિચારાને ઠંડી ચઢી. તેનાથી એક શબ્દ સરખો પણ બોલાયો નહિ. સતિ દેવમતી હવે વિજયા તરફ નમી અને તેને કહેવા લાગી, "અરે એ વિષયભોગી લાલચુ વિષયાંધ અબળા, ધિક્કાર છે તને, શતકોટિ ધીટકાર છે. સ્ત્રીના ધર્મથી વિમુખ રહી, વિષયમાં રચીપચી રહેલી કામદેવની દુષ્ટ સેવિકાઓની કેવી બુરી ગતિ થાય છે તેનું તને ભાન છે? ભુંડી, આ અસાર સંસારમાં સ્ત્રીઓને પતિજ દેવ, સ્નેહી તથા ગતિ છે ને તેના સમાન બીજું કોઇ દૈવત નથી. સ્ત્રીનું પરમ ભૂષણ તેનો પતિ છે.

कार्येषु मन्त्री करणेषु दासी भोज्येषु माता शयनेषु रम्भा।
धर्मानुकुला क्षमया धरित्री गुणैश्चभार्या कुलमुद्धरन्ती॥

માહાત્મા ભર્તૃહરિએ સ્ત્રીઓને આપેલો ઉત્તમ બોધ તું ભુલી ગઈ. કાર્ય કરવામાં પતિને મંત્રીની માફક સલાહ આપનાર, કામ કરવામાં દાસી સરખી, જમાડવામાં માતાની સમાન ચાહ રાખનાર, શયનને વિષે પ્રીતિ ઉત્પન્ન કરનારી રંભા સમાન, ધર્મ કાર્યમાં અનુકુળ અને ક્ષમા કરવામાં પૃથ્વિ સમાન એ પતિવ્રતાના ગુણ છે. વિષયાંધ પતિ એ તારા સરખી અંધની લાકડી છે, તારા સરખા ગરીબનું ધન છે. તારૂં દૈવત, તારૂં પરમ કલ્યાણ પતિવ્રત છે, પતિરૂપ મુક્તાહારનો ત્યાગ કરી આ ઝેરી નાગ સમાન પરપુરૂષને કંઠે વીંટાળતાં તને અહેરાટ છુટતો નથી. આમ્ર જેવા મધુર રસને પરહરી મલિન કીચડથી ભરેલા ખાબોચીઆનું પાણી તું શી રીતે પી શકે છે. પતિની દ્રોહી, પત્ની, તારો નર્કમાં પણ છુટકારો નથી." દેવમતીનું બોલવું સાંભળી વિજયાના ક્રોધની પરિસીમા રહી નહિ અને તિરસ્કાર યુક્ત વાણી ઉચરી, " અરે ઓ પતિવ્રતાની પુતળી, તારા ભાગવતને હવે બંધ કર, જાનમાં કોઇ જાણે નહિ, અને વરની મા થવા આવનાર તને વચમાં ડહાપણ કરવાનું કોણે કહ્યું, જોયાં ન હોય તો મોટાં સતી, જો પતિવ્રતાની મગજમાં રાઇ છે તો પતિને મુકી જોગટી શીદ થઈ? મારૂં સુધારતાં તું તારૂંજ સુધારને એટલે બસ." હવે જસ્સાજીને પણ હીંમત આવી અને તે પણ બોલ્યો, પતિવ્રતા પાપની, ચાલ જા અહીંથી માપ રસ્તો, નહિતો ધુળ ભેગી થઇ જઇશ, લાખની મટી રાખની બનીશ."

બસ ઉપદેશનો અર્થ કંઇજ નહિ. સઘળું પત્થર ઉપર પાણી. દેવમતીને સતિત્વ પ્રગટયું અને છેવટના ઉપાય તરીકે તેઓની મતિ સુધારવાને અર્થે પ્રભુનું ધ્યાન ધર્યું. તેઓને પરચો બતાવવાને અર્થે એક વિષયાંધ જોડાંને શ્રી પરમાત્માએ કરેલી ભયંકર શિક્ષા દેખા-

ડવાની મનમાં ભાવના કરી. અચાનક એક ધડાકો થયો. જોત જોતામાં આ સ્થાનના બે ભાગ થયા, અંદર કાંઇ ઝાંખુ ઝાંખુ જણાવા લાગ્યું. જેમ જેમ સમય વ્યતીત થયો તેમ તેમ બરાબર સ્પષ્ટ થયું. જોતાંજ હૃદયને કંપારી છુટી. એક યક્ષ કિંકર એક સ્ત્રીની ત્વચા ઉખેડતો દેખાયો, તે સ્ત્રીનો કરૂણ રવ હૃદયદ્રાવક હતો. બીજી તરફ એક પુરૂષને બીજો યક્ષ કિંકર તેના મસ્તકમાં ખીલા ભોકતો જણાયો અને તેની આજીજી, તેના કરૂણાજનક રવે તો હદ કરી. વિજયા ને જસ્સાજી બંને આ ચરિત્ર જોવામાં તદાકાર થઇ ગયાં. તેઓના પાદ કંપવા લાગ્યા. એકાએક તેમનાથી ચીસ પડાઇ ગઇ, ઉભયની સ્થિતિ જોઇ દેવમતી શિક્ષા ભોગવતા જીવાત્માઓમાં અવલોકન કરાવતાં બોલી.

" કામને વશ થનાર ઓ કામિની, જો અને ચેત કે પતિનો દ્રોહ કરનારી, પતિથી છુપો વ્યભિચાર કરનારી, શિયળનો ભંગ કરનારી સ્ત્રીની દશાનું અવલોકન કર, તારી પણ આજ દશા છે. માટે ચેત અને પતિના દ્રોહનો ત્યાગ કરી વિષયને વિષરૂપ માની પતિવ્રત ભાવનાવાળી થા અને ઓ વિષયાંધ નર્કગામી જસ્સાજી, પરસ્ત્રીમાં રમણ કરનાર તારા જેવા વિષયાંધની કેવી સ્થિતિ થાય છે તે તું જો. " એટલું બોલી સતિ ત્યાંથી પ્રયાણ કરી ગઇ. ચિત્ર અદૃશ્ય થઇ ગયું. ઉભય વિચારમાં ગરકાવ થઇ ગયાં. કરેલાં પાતકનો પ્રશ્ચાત્તાપ કરતાં બન્ને ત્યાંથી ચાલ્યા ગયાં.

અષ્ટમ પરિચ્છેદ.

સતિપર આફત.

સુખ દુઃખ ચડતી પડતી, લાભાલાભ તથા જીવન મરણ એ સર્વ ક્રમે કરી પ્રાપ્ત થાય છે. માટે ધૈર્યવાન કદાપિ હર્ષ અથવા શોચ કરતો નથી.

આ લોકમાં છેદાયલું વૃક્ષ પણ પાછું ઉગે છે અને ક્ષીણ થયેલો ચંદ્ર પણ પાછો વૃદ્ધિ પામે છે. એમ વિચાર કરનાર સજ્જનો ખેદ પામતા નથી.

આ અસાર સંસારમાં દીર્ઘદૃષ્ટિ કરતાં શાન્તિનું કોઇ પણ સ્થાન નથી એ નિઃશંક વાત છે. એક કવિતા.

"કયાં છે મઝા, કયાં છે મઝા, કહેતો મુસાફર ખલ્કનો,
દુનીયાં મહીં કયાં છે મઝા, માની લઉં શામાં મઝા."

વગેરે શબ્દો સંસારની નિઃસારતાનું આપણને ભાન કરાવે છે.

દરિદ્રતાનો પુજારી લક્ષ્મીની ઇચ્છા કરે છે; દૈવયોગે તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે; કિંતુ લક્ષ્મીમાં પણ તેને શાન્તિ નથીજ, કેમકે લક્ષ્મી પ્રાપ્ત થતાં અનેકાનેક અણધારી આફતો શિરેપણ થાય છે. રખેને કોઇ છેતરી જશે, રખે કોઇ લુંટી જશે, રખે કોઇ ફોસલાવી જશે, વિગેરે તર્કવિતર્ક હૃદયમાં ઉઠે છે, જેથી સિદ્ધ થઇ શકે છે કે ધનવાન થવાથી પણ શાન્તિ તો નથીજ મલતી. એક શેર અનાજની જરૂરવાળો મનુષ્ય પાંચ મળતાં પચીસની ઇચ્છા કરે છે, પચીસ મળતાંજ સોની, સો મળતાં હજારની અને હજાર મળતાં લાખની ઇચ્છા કરવામાં પાછી પાની કરતો નથી. કહ્યું છે કે—

इच्छति हाती सहस्रं स सहस्रं कोटिमीहते कर्तुं ।
कोटि युतोऽपि नृपत्वं नृपोऽपिषत चक्रवर्तित्वम् ॥

તેવીજ રીતે સપુત્ર હમેશાં પુત્ર લાલસામાં ઇશ્વર જપ, યજન, યાજન વિગેરે કર્યેજં જાય છે. ઇશ્વિરની ગતિ ગહન છે. એ મનુષ્યને ચાર પુત્ર સાંપડયા, પરંતુ ચારેમાંથી એક પુત્ર પિતાના મતને અનુમોદન આપી અનુસરણુ કરતો નીવડયો નથી. પિતાની અનુમતિ નિયમિત રીતે કરકસરે સંસારશકટ વહન કરવાનું છે ત્યારે આધુનિક સમયને ભાવતાં ઉછાંછળા, અજ્ઞ પુત્રો ધર્મને ધતીંગ કહી અપ-ટુ-ડેટ બની ઘરમાં ટંકની જોગવાઇ હોય કે નહિ તેનું ભાન નહિ રાખતાં પોતાનું નિર્બળ પોઝીશન જળવાઇ રહે તે ઉપાય યોજી તમાચો મારી મોં લાલ રાખી જેમ તેમ સંસાર ચલાવે છે.

હે માનવ ! ગમે તેમ હો આ સંસારને જો તું શાંતિનું સ્થાન લેખતો હોય તો લેખીશ નહિ. જગત્ મિથ્યા છે, સુતરની દોરીને રાત્રિને સમયે જેમ સર્પનું રૂપ અપાય છે તેવોજ આ સંસાર છે. સંસાર માયાની જાળ છે, તેમાં ફસાતાં વાર લાગતીજ નથી. તેમાંથી છુટવું દુષ્કર છે, છુટનાર મહદ ભાગ્યવાન ગણાય છે.

હે મનુષ્ય ! તારૂં ધાર્યું શું થાય છે. તારી મરજી તો આ જગતમાં અમર રહી અવનવા ભોગવિલાસો ભોગવી સર્વોપરિ સત્તાધીશ બની સંસાર સુખનો લ્હાવો લેવાની છે ત્યારે તારે માથે ભમી રહેલો કૃપાણુ ધારી કાળ તારૂં ભક્ષણુ કરી તૃપ્ત થવાની તૈયારીમાં છે. તારૂં ધાર્યું સિદ્ધ થતું નથી અને અંતે તારે કાળને વશ થવુંજ પડે છે. મનની મનમાંજ રહી જાય છે. જે જીવાત્મા અતિ વ્હાલથી જેમાં રચીપચી રહેલો છે. માયાના મોહપાશમાં અતિ સ્નેહથી ગુંથાઇ ગયેલો છે તે જીવાત્માને પોતાની કલ્યાણુ વાટિકામાં આગ લાગે છે

તેનું ભાન નથી તો હે મન ! તારાથી જે કાંઇ બને તેટલું સત્કાર્ય કરી તારા જીવનનું સાર્થક કર. ભલે અત્યારે નિર્ભયપણે તે તારી બાજી જમાવી છે કિંતુ તે અચાનક ક્યારે ઉથલાવવી પડશે તેનું તને ભાન નથી.

આવા વિચારો કરતી બિચારી ગરીબ દેવમતી આજ પ્રાતરૂષામાં આ ઇરાવતી સરિતામાં નિત્ય નિયમ પ્રમાણે 'સ્નાનાર્થે આવેલી છે. અંગ ઉપર માત્ર એકજ ધવલ વસ્ત્ર પરિધાન કરેલું છે. શરીરનો બાંધો મજબુત અને તરૂણ અવસ્થા તેથી તેના પ્રતિ નજર નાખતાં તેનું યૌવન ગમે તેવા બ્રહ્મચારીનું બ્રહ્મચર્ય ચુકાવવા બસ હતું. બિચારી નિર્દોષપણે જલમાંથી અંજલિયો ભરી સૂર્યદેવને અર્ધ્ય આપતી હતી ત્યાંથી ઉત્તર તરફ વીસેક કદમ દૂર એક પ્રબોધરાય નામનો યુવક પણ સ્નાન કરતો હતો. અંજલિ આપી રહ્યા પછી સતિ સ્નાન કરતી હતી તેવામાં માથેથી વસ્ત્રનો છેડો ખસી પડયો અને અચાનક ઠેઠ કટી સુધી આવી પડયો. સતિના ખુલ્લા અવયવો ઉપર પ્રબોધરાયની માઠી નજર પડી અને તે મોહ બાણથી વિંધાઇ ગયો. પોતાની સ્થિતિનું ભાન ભુલી ગયો. સ્નાન કરવું પડતું મુકયું. પોતે અગ્નિહોત્રી છે તે વિચારને સરિતામાં ડુબાવ્યો. દુષ્ટ કામદેવે તેને વિવ્હળ બનાવ્યો. ધીમે ધીમે સતિ સ્નાન કરતી હતી ત્યાં આગળ આવી પહોંચ્યો અને શરમનો ત્યાગ કરી સતિ પર એકી ટસે વિકારી દૃષ્ટિએ જોઇ રહ્યો. કહેવાની જરૂર નથી કે સતિએ અત્યારે વસ્ત્ર બરાબર ઓઢી લીધું હતું. પરંતુ જે થઇ ગયું તે થઇ ગયું. એકવાર કણેકમાં પાણી પડી ચુકયું. પ્રબોધરાયની ચેષ્ટા સતિ જાણી ગઈ અને ઝટપટ સ્નાન કરી કાર્યથી પરવારી ધર્મશાળા ભણી રસ્તો માપ્યો. પ્રબોધરાય પણ ભાન ભુલી સતિની પાછળ પાછળ ધર્મશાળામાં ગયો. પ્રબોધરાયને ત્યાં

જોતાજ સતિ વિસ્મય પામી વિચારી વિચારમાં મુંઝાઇ. પ્રબોધરાય બેસીજ રહ્યા છે એમ જોઇ સતિએ તેને સમજાવવા એક પતંગને ઉદ્દેશી કહ્યું "હે મોહધારી પતંગ દીપકની જ્યોતિથી અંજાઈ તેના ઉપર તું મોહ પામ્યો છે અને પ્રેમાંધ બની તું તારી કાયાની પુર્ણાહુતિ કરવાને તત્પર થયો છે પરંતુ નક્કી માનજે કે તારા ગમે તેવા પ્રેમની પણ દીપકને પરવા નથી માટે તેની પાછળ ભમતો બંધ થઇ જા. ચેતાવું છું છતાં નહિ સમજે તો ભલે તારે તારી કાયા દીપકને સમર્પણ કરવી પડશે અને તું છેતરાઇશ. અરે, આશામાં તલ્લીન બનેલા પતંગ, તારી આશાનું નિકંદન થશે, તારી ધારણા ધુળ થશે અને કાયા ભસ્મીભૂત થતાં આ સૃષ્ટિમાં તું હતો ન હતો થઇ જઈશ." સતિના બોલવાનો ભાવાર્થ પ્રબોધ સમજી ગયો અને તે પણ તેવાજ શબ્દોમાં પ્રત્યુત્તર આપતાં બોલ્યો "હે દીપક, હું તારી પાછળ પ્રેમાંધ થયો છું. મારી કાયા ભસ્મીભૂત થશે તેની મને લેશ પણ પરવા નથી. મને તો માત્ર તારા પ્રતિના સ્નિગ્ધ વચનામૃતનીજ અપેક્ષા છે, તેટલી ભિક્ષા આપી મને કૃતાર્થ કર એટલે બસ, પ્રતિ ઉત્તરમાં સતિ પણ તેવાજ રૂપમાં બોલી. "ગાનમાં ગુલતાન થએલા હે મૃગ તું ગાનમાં લુબ્ધ થઇ તારી અગમનિગમ સ્થિતિનું ભાન ભૂલ્યો છે, કિંતુ ચેતી જા અને પલાયન કરી જા, નહિ તો કસ્તુરીની ઇચ્છા રાખનારો પારધિ જાણશે તો એકજ બાણથી તને વીંધી નાખશે. સોમલના રૂપ પર મોહ પામી તેનું પાન કરવા તત્પર થયો છે પરંતુ તે હળાહળ ઝેર છે તેનું પાન કરતાં અવશ્ય તારૂં મૃત્યુ થશે. અરે ઓ મણિધર તું વાદીની મોરલીના નાદમાં ડુબ્યો છે પરંતુ તને ક્યાં ખબર છે કે તે વાદી તને પકડી તારી સ્વતંત્રતાને છીનવી લેશે. તારા વ્હાલાનો વિયોગ કરી તારા ઉપર મનમાની

સત્તાનો ઉપયોગ કરશે" પ્રબોધે જાણ્યું કે વાક્પટુતા કરવી નિરર્થક છે માટે ખુલ્લેખુલ્લું જણાવી દેવાની ઇચ્છાથી પ્રબોધે સતિને ચોખ્ખા શબ્દોમાં કહેવા માંડ્યું "મનોરમા, સરિતા તટપર નિરખેલા તારા અવયવો ઉપર હું મોહ પામ્યો છું. હું તેનો ભિખારી, તેનો યાચક તારી પાસે દીન થઈ યાચના કરૂં છું તો મારી આકાંક્ષા તૃપ્ત કર, ગમે તે પ્રકારે મારી ઇચ્છા પૂર્ણ કર. તારા શરીરનો સ્પર્શ કરતાં મૃત્યુ થવાનો જે ભય તું બતાવે છે તેની મને લેશ માત્ર પરવા નથી. બસ, હું તારા વદનનો ગુલામ છું અને તને પગે પડી વિનવું છું કે મારી આજીજી કબુલ કર."

કામદેવ તારી શક્તિ, તારી સત્તા અજબ છે. તું ધારે તો ભલભલાને પાણી ભરાવી શકે છે. અખિલ વિશ્વના પ્રાણી માત્રને તું તારો ગુલામ બનાવી શકે છે. વીરવર યોદ્ધાઓ સમરાંગણને ધ્રુજાવી પ્રબળ અરિના બળને જીતવાને શક્તિવાન છે કિન્તુ તારી આગળ સાવ નબળાજ છે. ભગવાન ત્રિલોચન શંકરને પણ તેં છોડયા નથી. તારીજ સત્તા વડે તે મહા શંભુ ભીલડીની પાછળ થનગન નાચી ગયા છે. પેલા સંસાર ત્યાગી તપોવનમાં બેસી ધ્યાનસ્થ થએલા ઇંદ્રાસનને ડોલાવવા શક્તિ ધરાવતા મહર્ષિ વિશ્વામિત્રને પણ તારા દાસ બનવું પડયું છે. સાઠ હજાર વર્ષનું તપ એકજ પળમાં નાશ પામ્યું. ચંદ્રને કલંક આપ્યું અને બ્રહ્મ નારદને પણ ન છોડયા. અરે ઓ પ્રબળ કામદેવ તને તો દૂરથીજ નમસ્કાર હો! આવા આવા સમર્થ પુરૂષો પણ તને જીતી ન શક્યા તો ગરીબ બિચારા પ્રબોધનું શું ગજું. એક મનોહર યુવાન બાળાને મેળવવા પ્રબોધ ગમે તે સંકટ સહન કરવાને તૈયાર થાય તેમાં પણ શું નવાઇ.

આટલું છતાં સતિ દેવમતી અડગ વૃત્તિએ હીંમત ધરીને પ્રબો-

ધને કહેવા લાગી, “ વિષયાંધ, હળાહળ વિષ જાણવા છતાં તું વિષનું પાન કરવાને કેમ તૈયાર થયો છે? ખાળનું મલીન જળ જાણે છે છતાં તું તેનીજ ઇચ્છા કેમ રાખે છે? ભુંડા આ અવયવો ઉપર તને મોહ થયો છે તેથીજ તું હૃદય છતાં જડ, કર્ણ છતાં બધિર અને છતાં નેત્રે અંધ થયો છે. હાડ, માંસ અને રૂધિરથી પોષાયલા અવયવો ઉપર તને મોહ ઉત્પન્ન થયો છે તો તેમાં તને એવું શું અજબ દૈવત દૃષ્ટિભૂત થાય છે કે આટલો ઘેલો થયો છે? આ દેહમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી આ માંસ છે, રક્ત છે, હાડ છે, પણ અંતે સર્વે નાશવંત છે, નિઃસ્વાદ છે, નિર્જીવ દેહ, મૃત્તિકા છે, મૃત્તિકાને ફાકવાથી જેમ મૃત્તિકાનો બીલકુલ સ્વાદ લાગતો નથી તેવીજ રીતે મૃત્તિકાના બનનારા આ અવયવોમાંથી તું જરા પણ સ્વાદની આશા રાખતો નહિ. ”

ઘણી આનાકાની કરવા છતાં પ્રબોધના મનનું સમાધાન થયું નહિ. હવે શું કરવું, ધર્મ સંકટ! સતિને વિચાર સુઝયો કે છેવટે નહિજ માને તો જે અવયવો ઉપર તેને મોહ થયો છે તે અવયવ છેદી તેને આપવો. પરંતુ કાંઇક સમજશે તેવી આશાએ ફરીથી એકવાર દીનવાણીથી કહ્યું “ અરે વિષ્ટાના ભોગી કીડા, તું નહિજ માને? નહિજ સમજે? પ્રબોધરાયે આતુર હૃદયે કહ્યું “ મોહનો મહિમા અલૌકિક છે. સર્વ સુખ સમૃદ્ધિનો નાશ થાય તે સહી, કલ્યાણ વાટિકા બળી ખાખ થાય તે કબુલ. છેવટે પ્રાણાન્ત થાય તો પણ પરવા નહિ, પરંતુ મોહ પોતાનું ધાર્યું કરે છે તે શું તું નથી જાણતી? ”

“ તારૂં ભાગ્ય, ઓ નેત્ર રહીત અંધ જીવાત્મા, તારા સમીપ આવતા કુપની તને ખબર આપી; જે રસ્તો શ્રેયસ્કર નહિ હોવાથી

ત્યાગ કરી જવાની તને ચેતવણી આપી, છતાં તું તેજ રસ્તે જવા માગે છે–તેજ કૂપમાં પડવા માગે છે, તો બસ તારૂં નસીબ, હૃદય-પરના જે માંસલ અવયવો ઉપર તને મોહ લાગ્યો છે તે અનિષ્ટ-કર્ત્તા છે તેનું તને ભાન છે? તે મોહ તારૂં જેટલું અહિત કરશે તે કરતાં અધિક મારી કીર્તિમાં ખરેખર લાંછનરૂપ થઇ પડશે. મારા શીયળ વૃતના નાશનું તે બીજ છે. મારી અમર આશાનું નિકંદન કરનાર તે મોહ મારા કલ્યાણનો ભક્ષણકર્ત્તા છે. મારા મોક્ષનો નાશ કરનાર પ્રબળ શત્રુ છે. દુષ્ટ તારો મોહ તારો નાશ કરશે તે વાત બાજુપર મુકીએ, છતાં પણ તેથી મને કેટલું નુકસાન થશે તેનો વિચાર કર. સમજી જા અને મારા પર દયા લાવી, મારા પર કરૂણા કરી, તારી મતિ સુધારી મારા પર અનુગ્રહ કર. હું તને વિનવું છું, પ્રાર્થના કરૂં છું, તારે પાયે પડું છું. "

સતિની દિન વાણીના ઉત્તરમાં પ્રબોધ બોલ્યોઃ "રમણી, તારા ઉક્ત નુકશાનને માટે મારી રિદ્ધિ સિદ્ધિ તારીજ છે. મારૂં જીવન, મારૂં પુણ્ય સર્વ તને સમર્પણ છે. કિન્તુ મારા પર અનુગ્રહ કર મારી આકાંક્ષા તૃપ્ત કર."

પ્રબોધનું આવું બોલવું સાંભળી સતિ સમજી ગઇ કે અક્કલ ગુમાવી બેઠેલા પ્રબોધની અક્કલ ઠેકાણે આવી શકે તેમ નથી. હવે કોઇ પણ રીતે તે માને તેમ નથી. વળી તેને ખાત્રી હતી કે પોતે જ્યાં જશે ત્યાં તે જરૂર સાથે આવશેજ. હવે શું કરવું. સતિ વિચાર-વમળમાં ગુંથાઇ. આજુબાજુ નિહાળતાં એક ગોખ પર દૃષ્ટિ પડી, તેમાં એક છરી દીઠી.

બસ, શિયળનું રક્ષણ કરનાર પ્રબળ હથિઆર મેળવવા માટે સતિ વિદ્યુતના ચમકારાની માફક ગોખ પાસે ગઇ અને તે માંહે પડેલી છરી

ઉપાડી લીધી. પછી પ્રબોધ પાસે આવીને ઉભી રહી, સતિને સતિત્વ પ્રગટ થયું. હૃદયમાં સ્વામીનું ધ્યાન ધર્યું. હૃદયપટ પર આવી રહેલું વસ્ત્ર અળગું કર્યું. માંસલ અવયવો ખુલ્લાં થતાંજ પ્રબોધની દૃષ્ટિ ત્યાં પડી અને સ્પર્શ કરવા ધસે તેટલામાં તો સતિએ તેને 'સબુર' કહી થોભાવ્યો અને બોલીઃ "પાપાત્મન્, કામાંધ, સબુર જેના ઉપર તું મોહ પામ્યો છે અને જે મારા શીયળના ભંગનું કારણભૂત થાય છે તે માંસલ અવયવોજ તને પ્રિય હોય તો મારા હાથમાં રહેલી આ છરી વડે તે દૂર કરી હું તારા હાથમાં મુકું છું. વિષ્ટાના કીડા, વિષ્ટા મેળવી તૃપ્ત થા. જોત-જોતામાં સતિએ અવયવ ઉપર છુરી ફેરવી. રક્તની ધારા વહેવા લાગી. શરીર રક્તથી તરબોળ થઇ ગયું. ધવલ વસ્ત્ર શોણિતથી રક્તવર્ણું થઇ ગયું. પાપની પરિસીમા આવી પહોંચી. આથી વિશેષ આગળ વધવા પ્રબોધની ઇચ્છા થઇ નહિ. અગ્નિહોત્રી પ્રબોધરાય નરમ થઇ ગયો. તેને એકદમ કંપારી છુટી, ગાત્રો શિથિલ થયાં, આંખે ચક્કર આવવા લાગ્યાં, આંખમાંથી પાણી વહેવા લાગ્યું અને એકદમ હૃદયદ્રાવક ચીસ પાડતાં બોલ્યોઃ "क्षमस्व जननी, क्षमस्व" માતા, ભગિની બસ કરો. પાપનું પ્રાયશ્ચિત્ત કરતો પ્રબોધ સ્ત્રીના ચર્ણોમાં પડ્યો. સતિ સ્વામીની ભાવનામાં તદાકાર થઇ.

નવમ પરિચ્છેદ.

સતિએ પારધિને આપેલો બોધ.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसागिरा ।
अनुग्रहश्चदानंच सतां धर्मः सनातनः ॥

મન વાણી તથા કર્મ વડે પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, દયા રાખવી તથા ઉપકાર કરવો એ સત્પુરૂષોનો સનાતન ધર્મ છે.

અહિંસા આદિ નવ ધર્મનાં સ્વાભાવિક સાધન છે એમ ન્યાયી પુરૂષોના અનુભવમાં આવે છે, કેમકે કોઇ પણ સ્ત્રી વા પુરૂષને પોતાને માટે એ સર્વ પ્રિય છે. જેમકે હિંસા કરનારને પણ પોતાની વા પોતાના પ્રિયની હિંસા રૂચતી નથી. અસત્ય બોલનારને પણ પોતાની પાસે અસત્ય બોલનાર પર રીસ ચઢે છે. ચોરને પણ પોતાની વસ્તુ ચોરનાર પર ક્રોધ આવે છે. મલિન રહેનારને પણ બીજાથી પોતાને થતું મલિનપણું ગમતું નથી. ઇંદ્રિયો વશ નહિ રાખનારને પણ પોતાના ઉપર બીજાની વશ નહિ રહેલી ઈંદ્રિયો સહન થતી નથી. પરોપકાર ન કરનારને પણ પોતાના ઉપર બીજાના ઉપકારની ઇચ્છા રહે છે. નિર્દયને પણ પોતાના ઉપર બીજાની દયા ગમે છે, મન વશ નહિ રાખનારને પણ પોતાના ઉપર બીજાનું શાંત મન રૂચે છે. અને ક્ષમા નહિ રાખનારને પણ પોતાના ઉપર બીજાની ક્ષમા ગમે છે. એ ઉપરથી એ અહિંસા આદિ નવ ધર્મનાં સ્વાભાવિક સાધન સિદ્ધ થએલાં છે, માટે એ સર્વ સ્ત્રી પુરૂષોએ અવશ્ય આચરવાં. સૃષ્ટિમાં એક બીજાનું ભક્ષણ કરી પ્રાણીઓ જીવે છે એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જે પ્રાણીઓમાં ન્યાયાન્યાય જાણવાનો વિવેક નથી

તે ભલે પોતાના જીવિતનો નિર્વાહ બીજી રીતે શોધી કાઢવા અશક્ત હોવાથી જંગમ જીવોનું ભક્ષણુ કરે. પણુ જેમનામાં ન્યાય અન્યાય જાણુવાનો વિવેક ને પોતાના જીવિતનો નિર્વાહ બીજી રીતે શોધી કાઢવાની શક્તિ છે એવા મનુષ્ય જો ઘાતકી પ્રાણીઓની પેઠે નિરપરાધિ જંગમ જીવોના દેહનો ઘાત કરી તેમના માંસથી પોતાનો નિર્વાહ ચલાવે છે તો તે મનુષ્ય અને ઘાતકી પ્રાણીઓમાં શું ફેર સમજવો–અર્થાત્ કંઇ નહિ કહ્યું છે કે—

आहार निद्रा भय मैथुनं च
सामान्यमेसद्पशुभिर्नराणां ।
एको विवेकोह्याधिको मनुष्ये
विवेकहीनाः पशुभिः समानाः ॥–ચાણુક્યનીતિ.

આહાર, નિદ્રા, ભય, મૈથુન એ ચારે પશુ તથા મનુષ્યોમાં સામાન્ય છે પણુ એક વિવેકજ મનુષ્યમાં અધિક છે માટે જે વિવેકથી હીન હોય તે પશુ સમાન જાણુવા.

કાપેલા રતનની કેટલાક દિવસ પીડા ભોગવ્યા પછી સતિના ઉપર ઇલ્વ ભૂમિમાં આફતનાં વાદળ તુટી પડવાથી આ ભૂમિનો ત્યાગ કરવાનું ઉચિત લેખી આ નગરના ઉદય શ્રૃંગ ભણી વિજયનગર નામના ગામની આજની પ્રાતરૂષામાં સતિએ વાટિકા પકડી છે. પતિનું ચિંતવન કરતી પરોઢની નીકળેલી અત્યારે સાયંકાળના સમયે વિજયનગરથી માત્ર ત્રણેક કોસ દૂરના જંગલમાં છે. માર્ગમાં આવતી સરિતાને ઓળંગી સામા કિનારે પહોંચી, આગળ પ્રયાણુ કરે તેટલામાં તો તેના હૃદયમાં એક નૂતન વિચાર ઉદ્‌ભવ્યો. અને તે એ જ કે વસ્તીમાં જવા કરતાં આ અરણ્ય વધુ સુખકર છે. કારણુ કે સંસારના ક્રીડાઓનો પોતાને અનુભવ મળવામાં ન્યુનતા રહી નથી. જે માર્ગમાં

લુંટાઇ છે—જે માર્ગનો ભય છે તે માર્ગનો ત્યાગ કરવો શ્રેયસ્કર લેખી સતિ પ્રયાણ કરતાં અટકી અને સરિતા કાંઠે કોઇ ગુફાની શોધ માટે વિચારમાં પડી. સતિ અહીંથી વીસેક કદમ પર દેખાતા ગીરિ તરફ વળી, ત્યાં તપાસ કરી કિંતુ કોઇ ગુફા હાથ લાગી નહિ. અહીં તહીં ફરતાં સતિને એક વડ દૃષ્ટિએ પડ્યો અને આ વડ વૃક્ષ તળે નિવાસ કરવાના વિચાર પર આવી. કેમકે આ વૃક્ષની જથાબંધ વડવાઇ પૃથ્વી પર લટકતી હતી, તેના ઉપરના પલ્લવોનો સમુહ એટલો તો હતો કે વ્યોમ ભણી દૃષ્ટિ નાખતાં ભગવાન અર્ક દેવનું એક કિરણ સરિખું પણ દૃષ્ટિભૂત થતું ન હતું. વળી પાસે ખળખળ કરતી સરિતા પણ અનુકુળ હતી. કેમકે આ વૃક્ષથી માત્ર વીસ કે પચીસ કદમજ દૂર હતી. મતલબ કે આ વૃક્ષ આ સરિતાના કિનારા ઉપરજ હતું. દેવીએ અહીં મુકામ કર્યો. પાસેનું એક વસ્ત્ર આ વૃક્ષની વડવાઇ ઉપર લટકાવી દીધું. આખા દિવસનું સ્નાન નહિ કરેલું હોવાથી સતિ સ્નાનાર્થે સરિતા ભણી ગઇ, સ્નાન કર્યા પછી આ વૃક્ષ નીચે બેસીને કંઠમાં પરિધાન કરેલી માળા કરમાં લઇ પતિનો જાપ જપવામાં નિમગ્ન થઇ. થોડો સમય વ્યતીત થયો એટલામાં તો એક સુસવાટ કરતું હરિણ દોડી જતું દૃષ્ટિએ પડયું. અને તે અદૃશ્ય થયું એટલામાં તો એક હૃષ્ટપુષ્ટ કૃષ્ણવર્ણી કામઠા પર ચડાવેલા શર સહિત આવી ચઢ્યો. આ સરિતાના કાંઠા ઉપર વૃક્ષની ઘટા આવેલી હોવાથી હરિણ કયાં પલાયન કરી ગયું તેનું ભાન રહ્યું નહિ. પારધિ વિમાસણમાં પડ્યો. આખા દિવસના અથાગ પરિશ્રમને અંતે એક હરિણ હાથ લાગેલું તે પણ ગયું. મારો બાર વર્ષનો બાળક, મારી નાદાન પાંચ વર્ષની બાલિકા અને મારી ભાર્યા મારી રાહ જોઇ બેસી રહ્યાં હશે. હું કાંઇ લાવીશ તે આશામાં સકળ લીન થયાં હશે. પરંતુ હું અહીંથી ખાલી હાથે જઇશ અને તેઓ મને

જોશે તો તેઓના હૃદયમાં કેટલો આઘાત થશે. અરે બિચારાંઓને આજના દિવસનો ઉપવાસ કરવો પડશે. ઓ પ્રભુ ! બળી આ રંક અવસ્થા ? ખાવાના વાંધા, પહેરવાના સાંસા અને સુખનું સ્વપ્નુંએ નથી. બળ્યું આ જીવન ! બળ્યો આ સંસાર ! તે કરતાં તો મૃત્યુ શું ખોટું છે. અત્યારે વધુ સમય પણ નથી કે હું બીજા શિકારની પણ તલાસ કરૂં. શિકારથી નિરાશ થએલા પારધિએ ઉંડો નિશ્વાસ મૂકયો અને અતિ પરિશ્રમથી કંટાળી અહીં બેઠો. ચક્ષુમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. થોડી પળ વ્યતીત થઇ તેટલામાં તો તેણે સામા વડવૃક્ષ ઉપર એક બગલી ઉડીને બેસતાં દીઠી. પોતે ઉઠયો અને ચાંપ ઉપર શર ચઢાવ્યું અને તે બગલી ઉપર તાકયું. અને છોડે એટલામાં તો આ વૃક્ષ નીચે બેઠેલી સતિ દેવમતીએ 'હાં' કહી અટકાવ્યો. પારધિ ચમકયો, અત્યારે સાયંકાળે આ અરણ્યમાં સ્ત્રીજાતિ કોણ હશે ! કોઇ રાક્ષસી કે વનદેવી ? પોતે તેની તરફ એકી ટસે જોઇ રહ્યો—અને પાસે જઇ જોતાં તેને ખાત્રી થઇ કે આ સ્ત્રી કોઇ યોગિની છે. પોતે ઘણાઓને મુખે સાંભળ્યું હતું કે ખરા યોગીઓનો નિવાસ અરણ્યમાં હોય છે. જેથી તેણે તર્કવિતર્ક કરવા છોડી દીધા, તાકેલું શર ચાપ પરથી ઉતારી નાખ્યું અને બોલ્યોઃ—મારા કાર્યમાં વિઘ્ન નાખનાર તમે કોણ છો ? મારી વચ્ચે આવવામાં તમને શું લાભ છે ? પારધિનું ઉક્ત સંભાષણ શ્રવણ કરતાં સતિ બોલીઃ "બંધુ, હું આ વિશ્વની વિશ્વવાટિકામાં ભુલી પડેલી પતિવિરહી એક દુઃખી અબળા છું.

"ગમે તે હો, તું દુઃખી હો કે સુખી, તે સાથે મને શું સંબંધ ! મારા સ્વાર્થની આડે આવવાથી તારો સ્વાર્થ સાધ્ય થાય તેમ છે શું ?" પારધિએ પ્ર કર્યો.

"બંધુ, હું મારા સ્વાર્થસાધ્યની અભિલાષી નથી. હું ડુબતાં,

અન્યને ડુબાવવા ચાહતી નથી. હું નિર્ધન તેથી અન્ય શ્રીમંત પર ખાર કરવાનું મને ગમતું નથી. સુખી યા દુઃખી થવું તે પ્રારબ્ધને વશ છે. અન્યની ઉજ્વળ જ્યોતિ પર અદેખાઇ કરી ત્રાપ મારનારની નિસ્તેજ ઝાંખી શું તેજોમય થાય તેમ છે ? નહિજ. પ્રત્યેક જીવાત્મા ની પોતાની દોરી પોતાના હાથમાં નથી. ભવિષ્ય પર આધિન છે. ધરાપર પડેલી ઘાસની સળી સરખી પરમાત્માના હુકમ વિના ઉપાડી શકવાને કોઇ પણ સમર્થ નથીજ; અર્થાત્ પોતાના સ્વતંત્ર મનની બજાવણી એક રતિ સરખી થઈ શકવાની નથી. તો મિથ્યા નિમિત્તનો ભાર શિરપર શાને વહન કરવો જોઇએ, ” સતિએ કહ્યું.

“ આટલી બધી ધર્મની ખાં છે તો મારા કાર્યમાં વિઘ્ન નાખવાનું તારૂં પ્રયોજન શું ? મુખમાં ભલે રામનામ હોય પણ તારા ભીતરની તો રામજી જાણે. ” પારધિ કટાક્ષ કરતાં બોલ્યો.

“તે જેવી તારી સમજવાની શક્તિ, જેવી તારા હૃદયની ધારણા. પણ પ્રથમ કહે, તું આ વૃક્ષ પર તીર શાને માટે છોડતો હતો ? પેલી બગલી બેઠી છે તેના ઉપર તો નહિ ? ” સતિએ પુછ્યું.

“ તેનાજ ઉપર—તે બગલીના ઉપરજ હું તાકતો હતો અને મારી એવી તો નજર બેઠી હતી કે મારૂં નિશાન બરાબર પડત પણ તેં મારી નાહક જીતી બાજી હરાવી નાખી. ” પારધિએ કંટાળો કરતાં કહ્યું.

“ ભ્રાતા, તું તારી જીતી બાજી હાર્યો નથી કિન્તુ હારી બાજી જીત્યો છે. એક મહાન ભયંકર કૂપમાં પડતો અટકયો છે. ઓ સ્વાર્થ અંધ પારધિ, કહે, તું એક નિર્દોષ પ્રાણીને હણતો હતો નહિ વારૂ ? બિચારા અબોધા પ્રાણીની આશા દોરીને તોડતો હતો ખરૂં કે ? ભુંડા ! પોતાના સ્વાર્થને માટે પરનાં ગળાં રેંસતાં શું પરમાત્મા તારા ઉપર રાજી છે તેમ તું માને છે ? જો માનતો હોય તો આજથી

૫

માનીશ નહિ. તું સ્વપ્ને પણ સુખી થાય તેમ લેખીશ નહિ. નક્કી માનજે કે તે નિર્દોષ પ્રાણીની હાય તારા સુખોદ્યાનનું નખોદ વાળશે," સતિએ કહ્યું.

"આહાહાહા !!" પારધિ હસતાં હસતાં બોલ્યો. "બેવકુફ ! આવી હજારો બગલીઓને રેંસતાં તો હું આ પચાસ વરસનો બુઢ્ઢો થયો અને વળી બીજાં જશે.

જે દિવસો ગયા તે પુનઃ નહિ મળશે તે નહિજ. તને ખબર છે કે જેમ પોતાના પ્રાણ પોતાને પ્રિય છે તેમ પ્રાણીઓને પણ હશે. જે પારકાના માંસથી પોતાના માંસને વધારવા ઇચ્છે છે તે ઘાતકીને નર્ક પણ સંઘરતું નથી. પોતાના અલ્પ સુખને વાસ્તે નિરપરાધિ જીવોનું જીંદગી પર્યંત સુખ તોડી નાખવું તે પાપાચરણ સિવાય બીજું કાંઇ નથી. વપુમાં માંસ તથા વીર્ય વધારવા માટે માંસાહારની જરૂર છે એ વિચારથી નિર્દોષ પ્રાણીઓને કતલ કરવાં યોગ્ય નથી. કેમકે ઘરમાં બેસી રહેનાર માંસાહારી કરતાં મહેનત કરી શરીરને કસનાર અન્નાહારીમાં વિશેષ બળ તથા વીર્ય જોવામાં આવે છે. એ ઉપરથી જણાય છે કે શરીરને કસવાથીજ બળ તથા વિર્યની પ્રાપ્તિ થાય છે. ભાઇ પારધિ, પ્રાણ જેવા પ્રાણને હણવાનાં કલ્પાંતનો નિસાસો શું ઓછો છે ? તેઓના વહાલાઓથી છુટા પાડનાર ઉપર તેઓના વહાલાઓની હાય શું શ્રેયસ્કર છે ? નહિજ. તેઓની હાય તેઓની બળતી આંતરડીનો શાપ પ્રભુના ન્યાય મંદિરમાં ન્યાયાધિશની આંતરડી ઉશ્કેરે છે અને રૌરૌ કુંડમાં ઝંપલાવે છે, ધગધગતા અગ્નિમાં હોમે છે. યમકિંકરના હાથે જીવતાં ચામ ઉખેડાવે છે. ભાઇ જેવું વાવીશ તેવું લણીશ—જેવું કરીશ તેવુંજ પામીશ. તે સિદ્ધ જાણી આ ઘાતકી ધંધાનો ત્યાગ કરી કોઇ નિર્દોષ ધંધાને પકડ, જેથી તું સુખી થઇશ. આ સંસાર કેવળ સ્વાર્થી છે.

યમકિંકરના મુદ્દગળ મારથી બચાવવા કોઇ આવનાર નથી તેવું સમજી હવેથી આ તારાં અઘોર પાતક કૃત્યનો ત્યાગ કર. ” સતિનું ઉક્ત બોલવું સાંભળી પારધિ વિચારમાં પડયો. કંઇક અંશે યોગિનીનું કહેવું સત્ય છે; પરંતુ છેવટના નિર્ણય ઉપર એ આવ્યો અને ગદ્દગદ કંઠે બોલ્યો, “ દેવી, તમારૂં કહેવું ખરૂં છે, પરંતુ હું શું કરૂં ? નથી મારી પાસે એ અક્ષરનું જ્ઞાન કે જે વડે મારો નિર્વાહ કરૂં. નથી કોઇ ધંધાની સમજણ કે જે ધંધામાં પડું. આ હાથે હજારો પ્રાણીઓ કતલ થયાં છે. આ દેહ તે માંસથી ભરેલો છે. ઘણુંએ સમજું છું કે જીવતા જીવને રેંસવો તે ઓછું પાતક નથી પણ શું કરવું આ પાપી પેટ કયાં મુકવું ? ધુળ નાખી આ પેટ ઉપર. પાટુ મારી તેને ફોડી નાખું. પણ મારો દીકરો, દીકરી અને ત્રીજી મારી વહુનો આધાર મારા ઉપર છે; હાલ સર્વે મારી રાહ જોઇ બેઠાં હશે. અને આશામાં એવાં તો તલ્લિન હશે કે મારી, મેઘ બાપાને આવવાની રાહની માફક ટળવળતા હશે. પણ આજે એવા કોઇ અકકર્મીનું મોં દીઠામાં આવ્યું છે કે આજની મારા આખા દીવસની મહેનત બરબાદ ગઇ. ” પારધિએ પોતાની સઘળી હકીકત કહી દીધી.

“ ભાઇ, તારૂં કુટુંબ તારી રાહ જોઇ બેઠું હશે તે ખરૂં. તે સઘળાનો આધાર તારા ઉપર છે તે ખરૂં. પરંતુ તે સર્વે સ્વાર્થી છે. તારી સ્ત્રી કેમ મહેનત કે મજુરી કરી તને મદદ કરતી નથી ! ક્યાંથી કરે—પોતાના સ્વાર્થમાં પરનું હિત ક્યાંથી દેખે. ભાઇ તું ભલે તેમના ઉપર મરી ફીટે છે. તેં તેઓને તારાં માન્યાં છે. પરંતુ તેઓ તારા દુઃખમાં બેલી થાય તેમ નથી. તેઓ તારાં થાય તેમ નથી. જ્યાંસુધી તેઓનું પોષણ કરવાની તારામાં સત્તા છે ત્યાંસુધી તેઓ તને મારો કહેશે. પછી તો વારિ વિના સરવરનો ત્યાગ જેમ મીન કરે

છે તેમ તારી પાસેથી સ્વાર્થ સાધનારૂં તારૂં કુટુંબ જ્યારે તું આથી વધુ વયોવૃદ્ધ થઇશ, ચાલતાં તારા પાદ ધ્રુજશે–કાયા કંપિત થશે–ચક્ષુમાંથી નુર ચાલી જશે–શરીરમાંથી શક્તિ પલાયન કરશે ત્યારે તે સ્વાર્થીઓ તારો ત્યાગ કરશે. માટે તું તારી કાયાનું સાર્થક કર. હું તને આ સંસાર ત્યાગ કરવાનું કહેતી નથી પરંતુ સંસારમાં જળ કમલવત્ રહી નિર્દોષ ધંધો કરી તેઓનું પોષણ કરતો જા—હરિને ઓળખતો જા " સતિ બોલી રહી.

" તે કહેવું ખરૂં, પણ હવે આટલી ઉમ્મરમાં સારો ધંધો શીખવા મારે કયી નિશાળમાં જવું. બાઇ મારૂં ગમે તે થાય. મારૂં કર્યું હું ભોગવીશ. તારે તે શીદને પીડા જોઇએ. નાહક પારકી પીડે તારે શાને અજમો ખાવો જોઇએ. તને તારા સંસાર ઉપર કંટાળો ઉપજ્યો છે અને તારા કહેવા પ્રમાણે તને તારા કુટુંબીઓનો અનુભવ મળ્યો હશે. જેથી તારૂં કુટુંબ સ્વાર્થી એટલે મારૂં પણ તેવુંજ મારે સમજવું તે કેમ બને ? ભલે મારો પુત્ર બાર વર્ષનો છે પણ મારે માટે પ્રાણ કાઢે તેવો છે, તો વૈરી કાઢે તેમાં નવાઇજ શું ? " પારધિએ કહ્યું.

" તારૂં કુટુંબ તારે માટે વફાદાર છે તે મને શું ખાત્રી ? પાપાચરણના પ્રતાપે યમકિંકરના મુદ્દગળ મારથી તને ભાગ કરાવશે તે હું કેમ માનું. અને જો તેમ હોય તો હું તો તેને દેવ માનું ભાઇ, " સતિએ કહ્યું.

" તારે જોવું હોય તો ચાલ મારી સાથે તને ખાત્રી કરાવું " પારધિએ કહ્યું.

" મારે ખાત્રી કરીને શું કામ છે. મારે તો આ તારા પાતકી ધંધાનો પરિત્યાગ કરાવવાની મરજી છે. હું યુક્તિ બતાવું તે યુક્તિ તારા કુટુંબ પર અજમાવ અને જો તું તેમાં પારંગત થાય તો હું

માનું કે તું જેને પાતક કહે છે તેમાંથી તું અર્ધા પાતકનો જ ભોક્તા છે તેમ હું લેખું અને જો તેમાંથી નિષ્ફળ નીવડે તો કબુલ કર કે હું ભુખે રીબાઇ મરૂં તે સહી, ક્ષુધા પીડિત સર્વ કુટુંબને નિભાવું તે સહી, કિન્તુ પ્રાણીઓને કતલ કરવાનો ધંધો તો નહિજ કરૂં." સતિનું ઉક્ત બોલવું સાંભળી પારધિ વિચારમાં પડયો અને કબુલ કરી સતિને તે કઇ યુક્તિ છે તે બતાવવાનું કહ્યું.

"ભાઇ જો, પ્રથમ તારે ઘરે જવું અને તારે ઓચિંતું પેટમાં દુખે છે કહી મરી જવાનો ડોળ કરવો. ત્યાં તારૂં કુટુંબ તારા શબ આગળ એકઠું થશે અને રડારોળ કરશે, એટલામાં હું આવીશ અને મારી યુક્તિની ત્યાં અજમાશ કરીશ. પછી જે હશે તે જણાશે, ઉભય ઉક્ત ઠરાવ કરી વિજયનગર તરફ પ્રયાણ કરી ગયાં.



દશમ પરિચ્છેદ.

કરણી તેવી પાર ઉતરણી.

વાચકવૃંદ—અતિશય તરશથી પીડાતા મનુષ્યના હાથમાંથી મહા મહેનતે મળેલો પાણીનો પ્યાલો ઢોળી નંખાવવો; લાંબા વખતની ક્ષુધાથી પીડા પામતા મનુષ્યના હાથમાં આવેલો સુકો રોટલો તેના દુશ્મનને સોંપી દેવો; ટાઢથી કડકડતા મનુષ્ય પાસેથી મહા મહેનતે મળેલો કામળીનો એક ટુકડો ખુંચાવી લેવો એ શું યોગ્ય કહેવાશે, કદીજ નહિ. કદાચ શંકા થશે કે ભુખથી તરફડતાં બાળ બચ્ચાંઓ તથા પત્નીને માટે આહાર લેવા નીકળેલા પારધિના હાથમાં મહા મહેનતે આવેલો શિકાર દેવમતીએ પડાવી નાખ્યો એ શું યોગ્ય કર્યું કહેવાય, કોઇનો અંતરાત્મા દુભાવવા તેવું કૃત્ય કરવામાં સતિ દેવમતીએ શું લાભ જોયો ? અયોધ્યાપતિ મહારાજ હરિશ્ચંદ્રને નીચને ઘેર વેચાવાની ફરજ પાડવામાં ઋષિ વિશ્વામિત્રે શું ધર્માચરણ કર્યું ? બ્રહ્મા વિષ્ણુ, અને મહેશ્વરે, સતિ અનસૂયાની પરિક્ષા લેવાને બહાને નગ્નાવસ્થામાં આતિથ્ય સત્કારની યાચના કરી તેમાં તેમણે શું ડહાપણ વાપર્યું ? દુષ્ટ દુઃશાસનને હાથે ભર સભામાં પાંચાળીની લાજ લુંટાવી શું ઇશ્વર નહોતો જોતો ? સતિ સીતાનું કામાંધપણે હરણ કરી જનાર રાવણનું એકજ પળે વિધ્વંસ કરવાની શક્તિ પિતૃ વત્સલ રામચંદ્રમાં શું નહોતી ? વાંચક જરા વિચાર કર. સતિ દેવમતીનું કાર્ય કોઇ પણ રીતે અયોગ્ય નહોતું, મહર્ષિ વિશ્વામિત્રે હરિશ્ચંદ્રની કસોટી કરી

તોજ તેનું નામ જગદ્ વિખ્યાત થયું. તેજ પ્રમાણે સતિ અનસૂયા, સતિ દ્રૌપદી, સતિ સીતા, ભક્તરાજ સુધન્વા, રાજર્ષિ મયુરધ્વજ તથા શેઠ સગાળશા વગેરેનાં દૃષ્ટાંતો આપણને એવાજ પાઠ શીખવે છે. કોઇ પણ ઉપાયે પારધિની મતિ સુધરે અને તેના હાથે ભવિષ્યમાં હજારો નિર્દોષ પ્રાણીઓ કતલ થતાં બચે તેજ રસ્તો શ્રેયસ્કર જણાવાથી આપણે પાછળ જોઇ ગયા તેમ પારધિની સાથે રાત્રિને સમયે દેવમણી ગ્રામ્યમાં ગઇ છે.

જે ધંધો કોઇના સ્વાર્થને હાનિ પહોંચે તેવા ધંધામાંથી બચાવવા સતિએ અત્યારે હામ ભીડી છે. સરિતા પરથી પ્રયાણ કરતાં ઉભય નગ્રના પાદરે આવી પહોચ્યાં. અને સતિએ પારધિને કહ્યું, "ભાઇ, અહીંયા કોઇ ધર્મશાળા હોય તો મને બતાવો; આજની રાત્રિ હું ત્યાં ગુજારી સવારમાં તમારે ત્યાં આવીશ. પારધિ પણ રાત્રિ છે અને પોતે પારધિ તેથી યોગિનીનું આતિથ્ય કરી શકે તેમ નથી તેવું સમજી, સતિને ધર્મશાળા બતાવી પોતે પોતાને ઘેર ચાલ્યો ગયો.

પ્રાતઃકાળમાં સતિ સ્નાનાદિ કર્મથી પરવારી સ્વસ્થ થઇ. અહીં પારધિ પણ ગત રાત્રીની વાતને ભુલી ગયો હતો નહિ. મળત્યાગ, દંતધાવન આદિથી પરવારી હુંગો કરી લીધો, તેમ કરતાં, આઠ નવ વાગ્યાનો અમલ થયો અને સતિના બતાવ્યા પ્રમાણે ઢોંગની શરૂઆત કરી બિછાના વશ થયો. તેની સ્ત્રી તેની તહેનાતમાં પડી. બાર વર્ષનો સમજણો બાળક પણ પિતાની અસ્વસ્થ પ્રકૃતિના પ્રતાપે વિમાસણમાં પડયો. ત્યારે પાંચ વર્ષની નિર્દોષ બાલિકા માત્ર ટગર ટગર નિહાળવા મંડી. પારધિની સ્ત્રી પોતાની ગુંજાશ પ્રમાણે સ્વામીને દવા દારૂ કરવામાં ગુંથાઇ. તેમ કરતાં એક કલાક વ્યતીત થયો. પારધિ મનમાં યોગિનીની રાહ જોવા લાગ્યો, તેટલાં પોતે યોગિની ત્યાં આગળ આવી ચઢી.

યોગિનીને જોતાંજ પારધિએ શ્વાસોશ્વાસ ગતિને બંધ કરી અને શબવત્ શૂન્ય થઇ ગયો. પારધિની સ્ત્રી સમજી ગઇ કે આ સંસારમાં તેનું સુખ તેનો લ્હાવો, તેનું ઐશ્વર્ય, તેનું સૌભાગ્ય નષ્ટ થઇ ગયું. પુત્ર સમજી ગયો કે તેનો આધાર ભાગી પડ્યો. બિચારી શું થાય છે તે સમજી શકી નહિ. ઘરમાં રડારોળ થઇ ગઇ. પડોશમાંથી પાડોશીવર્ગ આવી ત્રણેનાં દુઃખ પર આંસુ સારવા લાગ્યાં. કુદરતી નિયમ પ્રમાણેજ પારધિની સ્ત્રીના હૃદય પર વધુ આઘાત થયો. તેણે હૃદયદ્રાવક રૂદન ચાલુ કર્યું. જીવને કંપારી છુટે તેમ ધડાધડ પૃથ્વી ઉપર માથું કુટવા લાગી. બાજુ પર ઉભી ઉભી જોતી સતિએ જાણ્યું કે વાત વધી જશે, માટે હવે માયાને સંકુચિત કરવી શ્રેયાસ્પદ છે. સતિ ખુલ્લી પડી અને સર્વને વિલાપ કરવાનું કારણ પૂછ્યું. કોઇ વધાવડીએ જવાબ આપતાં કહ્યું, જાને બાઇ અહીંથી, અમે શાને માટે રૂદન કરીએ છીએ તે તું શું નથી સમજતી? આ બાઇનો સ્વામિન્ આ બેઉ નાંનાં કુમળાં બાળકોને વિલાપ કરતો મૂકી મરી ગયો છે, તે તું નથી જોતી? ઉક્ત સાંભળતાં સતિએ સર્વને ધીરજ આપતાં કહ્યું "બ્હેનો, મારી એક વાત સાંભળો તો હું તમને કહું. આ તમારા મૃતક મનુષ્યને હું સજીવન કરૂં" સતિનું આ બોલવું શ્રવણ કરતાં પેલી બાઇએ જવાબ આપ્યો, "રહેવા દે તારૂં ડહાપણ, આ વાત જેવી મને કહે છે તેવી કોઇને કહીશ મા. નહિ તો નાહક મૂર્ખમાં ખપીશ. આ કળી કાળના વખતમાં દેવમાંથી દૈવત ચાલી ગયું છે. પૃથ્વી રસ હીન થઈ ગઈ છે. મનુષ્યોની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ છે. કુડ કપટ અને જુઠતો પોતાનાં હૈયા હાર છે. વિપ્રો વેદને વેચતા થયા છે. ક્ષત્રીઓએ દાસત્વ સ્વીકાર્યું છે. વૈષ્યોએ વ્યાપારને સમુદ્રમાં નાખ્યો છે. આજકાલ તો ઘેરે ઘેર શૂદ્રો પુજાય છે. તેઓનો મહિમા ગવાય છે. જો તારા કહેવા

પ્રમાણે સ્મશાન ગએલાં મુડદાં પાછાં ફરતાં હોત તો પછી બીજું પુછવુંજ શું?" સતિએ કહ્યું, "બેન તમે ગમે તેમ માનતાં હો તેની સાથે મારે કાંઈ સબંધ નથી. જે સત્યની તમે ગેરહાજરી લેખો છો તે મારા હૃદયમાં વ્યાપી રહ્યું છે. જે વાત તમે અસંભવિત માનો છો તેને હું સંભવિત કરી શકુ છું. રસ્તે ચાલતાં મનુષ્યો ઉપર ઉપકાર કરવો એ અમારો યોગીઓનો ધર્મ છે. મારૂં માનવું છે કે આ વિધવા થએલી બાઇને હજુ પણ સૌભાગ્ય પ્રાપ્ત થઇ શકે તેમ છે. તમે તેને પુછી જુઓ, તેની ઇચ્છા હોય તો ભલે, નહિ તો મને કાંઇ પરવા નથી. પેલી બાઇએ આ બધી વાત પારધિની સ્ત્રીને કહી. પારધિની સ્ત્રી આ સાંભળી તરતજ હર્ષઘેલી થઇ ગઇ અને યોગીની પાસે આવીને બોલી "માતા, દેવી, જો આ મારા મૃતક પતિ સજીવન થતા હોય તો તમે કહો તેમ કરવા હું તૈયાર છું. આ પ્રાણ પણ આપવાને ચુકું તેમ નથી" બાર વર્ષનો ચબાવેલો બાળક આગળ આવીને બોલ્યો "સાધુડી, મારા પિતા જો સજીવન થતા હોય તો અમો અમારા પ્રાણને માટીને મુલે વેચી નાખવા તૈયાર છીએ." એક પછી એક પારધિનાં જેટલાં નિકટનાં સંબંધી હતાં તેટલાં બધાંએ પોતાના મત દર્શાવ્યા. સર્વેનું બોલવું સાંભળી, સતિએ પારધિની સ્ત્રીને સંબોધી કહ્યું, "બધાં કહે છે તે ઠીક છે પણ તમારે તથા તમારા પુત્રે મને વધુ ખાત્રી આપવી પડશે. જે બોલો તે વિચાર કરીને બોલજો. બોલેલો બોલ મુખમાં પાછો ન જાય તે ધ્યાન રાખજો. વચન ભંગ થશે તો લોકોમાં તમારી હાંસી થશે. લોક તમને વગોવશે. હજુ બાજી હાથમાં છે. તમારી મરજી હોય, તમારા સ્વામી ઉપર તમારી પૂર્ણ ભક્તિ, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ પ્રેમ હોય, તમારૂં હૃદય કબુલ કરતું હોય તોજ હામ ભીડજો. આ કાર્ય કાંઇ ફરજીયાત નથી. સ્મશાન

ગએલાં મુડદાં પાછાં આવતાં નથી એમ બધાં જાણે છે. તમારા ઉપર ઉપકાર કરવાનુ આજ મને મન થયું છે માટે જ આ સાહસ આ જોખમ મેં માથે લીધું છે. એક વાર પૂર્ણ વિચાર કરી છેવટનો જવાબ આપો કે તમે તમારા સ્વામીને માટે જરૂર પડે તો તમારો પ્રાણ આ- પવા તૈયાર છો ?" પારધિની સ્ત્રી મનમાં વિચાર કરવા લાગી, આ સાધુડીથી કાંઇ થવાનું નથી. નાહક મારી કસોટી કરે છે. આખરે તેજ જુઠી પડવાની છે, માટે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તો' હું શીદને મ્હોં ધોવા જાઉં? વગર મહેનતે હુંજ જશ શા માટે ન ખાટું? એવો વિચાર કરી તેણે સતિને જવાબ આપ્યો " સાધુડી ઝાઝી શેખી ન કર. જો તારાથી બને તો હા કહે નહિ તો રસ્તો માપ. શું તું એમ કહેવા માગે છે કે મારા સ્વામીના મૃત્યુથી મને આઘાત થતો નથી ? હુ શું કરૂં કે મારૂં હૃદય ખુલ્લું થઇ શકતું નથી, નહિતો બતાવી આપત કે મારા સ્વામીનું મૃત્યુ મારા શરીરમાં કેવું ડંખ દે છે. મારા નાથ, મારા પ્રાણના મૃત્યુથી મારો શણગાર, મારૂં સુખ, મારૂં જીવન લુટાઇ ગયું છે. હુ નિરાધાર છું, હું પતિ વિનાની પત્ની જીવતાંજ મૃત સમાનજ છું, તે હું સારી રીતે સમજું છું" માતાનું ઉક્ત બોલવું સાંભળી તેનો પુત્ર અશ્રુપાત કરતો ડુસકાં ખાતો વચમાં બોલ્યો, અરેરે મારા તાતની ગરજ કોણ સારશે, મારા લાડકોડ કોણ પુરા કરશે? ઓ પ્રભુ મારા તાતને છીનવી લીધો તે કરતાં મારૂં હરણ કાં ન કર્યું? આ બંનેનું બોલવું સાંભળતાં સતિને લાગ્યું કે તેઓ કસોટીમાંથી પારંગત થાય તેવો સંભવ છે ખરો. પારધિ કહેતો હતો તે ખોટું તો નહિજ.

ત્યાર પછી સતિ પારધિના શબ પાસે ગઇ, શબ ઉપર હાથ ફેરવ્યો અને ધ્યાનાવસ્થ થઇ, ત્યારે અત્રેનાં સકળ જનો યોગિની

શું કરે છે તે તરફ જોવા લાગ્યાં. ચાર એક પળ વ્યતીત થતાં સતિ પારધિની સ્ત્રી પ્રત્યે બોલી, "બ્હેન ધ્યાન ધરી જોતાં મને મારો રામ એમ જણાવે છે કે આ મૃત્યુ પામેલા મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થઇ ગયું છે અને તે ફરીથી સજીવન થઇ શકે તેમ નથી, કિન્તુ એક ઉપાય છે અને તે ઉપાયનો જો તમે ઉપયોગ કરો તો તમારો સ્વામી સજીવન થશે. હું ઉપાય બતાવું પણ તે તમારે માટે ઘણોજ ભયંકર ઘણોજ ગેરલાભમાં છે. આ ઉપાય જોખમી છે બોલો તે જોખમ ખેડશો"? પાસે ઉભો રહી સાંભળતો પારધિ પુત્ર બોલ્યો, "માતાજી અમો ખુશીથી તમારા કહેવા પ્રમાણે વર્તીશું. જણાવો શું છે તે ? પારધિ પુત્રનું બોલવું સાંભળી સતિ બોલી, ભાઇ તુંજ આવ, કેમકે હું ધારૂં છું કે હજુ તારૂ જીવન નિર્દોષ છે. સંસારનો મોહમધુ હજુ તેં ચાખ્યો નથી માયાના ઝુલણે તું ઝુલ્યો નથી–માટે આવ. એ નિર્દોષ બાળક જો તને આ તારા મૃત્યુ પામેલા પિતા ઉપર પૂર્ણ પ્રેમ હોય અને તેને તું પુનઃ સજીવન કરવા માગતો હોય તો તું જો તારા શેષ આયુષ્યનો સંકલ્પ તેના હાથમાં મુકીશ તોતે સજીવન થશે અને તું તત્કાળ મૃત્યુ પામશે. બોલ છે કબુલ ? સતિનું ઉક્ત બોલવું સાંભળી પારધિ પુત્ર તો શું કિન્તુ સર્વે ઠંડાગાર થઇ ગયાં. એક એકની સામું ટગરટગર જોવા લાગ્યાં. સતિનું આગ્રહપૂર્વક બોલવું થતાં પારધિ પુત્ર લથડતા ધીરા સ્વે બોલ્યો "મારા તાતને સજીવન કરવા માટે તે શીવાય અન્ય ઉપાય શું આપની પાસે નથી ? મારા આયુષ્યને બદલે બીજું કંઇ આપતાં મારા તાત સજીવન થાય તેમ નથી ? માતા હોય તો બતાવો. જન્મ પર્યંત હું તમારો ઋણી રહીશ" પારધિ પુત્રનું બોલવું સાંભળી સતિ પારધિની સ્ત્રી પ્રત્યે બોલી "બાઇ તારો શું મત છે ? હજુ થોડાં વર્ષ તારૂ આયુષ્ય છે તો તારૂં શેષ આયુષ્ય તું આપવા તૈયાર છે ? ભલે

તારો પુત્ર ફરી ગયો પણ મને ખાત્રી છે કે તું ફરીશ નહિ. કેમકે આ અસાર સાર સંસારમાં સ્ત્રીનું જીવન, સ્ત્રીનું ભુષણ, સ્ત્રીનું દૈવત, સ્ત્રીનું માન તેનો પતિ છે. પતિ વિનાની સ્ત્રીનું દુનીયામાં માન નથી. તે કદી પણ સુખી નથી. તેનું કલ્યાણ નથી. તેનો મોક્ષ નથી. વળી તારા પ્રાણપતિ માટે તારા પ્રાણ આપીશ તો આ લોકમાં અને પરલોકમાં તારી કીર્તિની નોબત વાગશે. એક નીચ પારધિની સ્ત્રીની ગણના દેવ લોકમાં થશે. વ્રતથી ઉપવાસ અને ભક્તિથી જે અલભ્ય લાભ દેવતાઓને પણ દુર્લભ મોક્ષ રહેજે મળી શકતો નથી તે તને સ્હેજે પ્રાપ્ત થશે. બોલ શું ઇચ્છા છે?" પારધિની સ્ત્રી તો બોલેજ શું. સતિની ઘણી રકઝકથી તેણે પ્રત્યુત્તર આપ્યો. હું મારા સ્વામીને માટે મારો પ્રાણ અર્પણ કરૂં તેથી એ સજીવન થાય, પરંતુ આપ કહો છો તેમ હું મરી જાઉં તો મને શું ફાયદો? લોકો મારી કીર્તિ કરશે કે નિન્દા કરશે તે મારે ક્યાં સાંભળવું છે. વખતે દેવ પણ આડા થઈ પારધિ જાતી જાણી મારો અસ્વીકાર કરે અને ગુસ્સે થઇ મને નર્કમાં ઠેલે તો ત્યાં હું તમને ક્યાં શોધું? વળી પ્રભુ કૃપાથી મારૂં કાંઇ નખ્ખોદ જતું નથી. પરમાત્માએ મને આ પુત્ર આપ્યો છે તેના આધારે મારૂં બાકી રહેલું જીવનજ વ્યતીત કરીશ. કોઇનું મોત કોઇએ લીધું જાણ્યું નથી. કલ્યાણની ઇચ્છા હશે તો પ્રભુ ભક્તિ કરીશ, મારા સ્વામીને લગભગ પચાસ ઉપર થયાં છે. પાકાં પાન જતન કરે પણ જળવાય નહિ. આ અવનિમાં માન્ધાતા સરખા મહીપતિ અમર થયા નથી તો શું મારો સ્વામી થવાનો હતો—વહેલા મોડા સર્વને એક વખત જવાનુંજ છે. આયુષ્ય આવી રહેશે એટલે રહેવું હશે તો પણ રહી શકાય તેમ શું છે? અને જો તેમ છે તો મૃતક માણસને સજીવન કરવાનો તું દાવો કરે છે. તેમ સૌ કોઇ કરે અને સજીવન કરી શકે તો આ

દુનિયામાંથી મૃત્યુનો ભયજ રહે નહિ, પણ આ બધો તારો ડોળ છે. અને કદાચ તે સત્તાનો તું દાવો કરતી હોઇશ પરંતુ મને તે વાત પાલવતી નથી એમનું જીવન આટલુંજ હશે તો એટલેથીજ પરવાર્યા. કોઇનું દુઃખ દેખ્યા વિના પોતેજ પહેલા જાય છે એ અમારે મન સંતોષજ છે. પારધિ જાત એટલે આ હાથે કોણ જાણે કેટલાંએ પાપ થયાં હશે તો નર્કનો હમારે હક સ્વાધીનજ છે. અમે તો નહિ આ જન્મે સુખી કે નહિ પેલે જન્મે સુખી. અમારા નશીબે સુખ ક્યાંથી? અમે તો જ્યારથી આને પાને પડયા છીએ ત્યારથી મરેલાંજ હતાં. તેના પાને પડી અમોએ ક્યાં સુખ માણ્યાં? જેવાં આવ્યાં તેવાં જઇશું. માટે જે સુખ જે મોજમજા ખાધું પીધું તેજ ખરૂં. બાઇ અમારે સજીવન કરવાની જરૂર નથી. માટે જે રસ્તે આવ્યાં છો તેજ રસ્તે સીધાવો." શબ રૂપ પડેલો પારધિ પોતાની સ્ત્રીનું આ સંભાષણ સાંભળતાંજ વિસ્મય થયો. યોગિનીએ કહ્યું, "બ્હેનો, અમારૂં જીવન હંમેશાં પરદુઃખ ભંજનાર્થે હોય છે, અમે હંમેશાં પારકાનું દુખ નષ્ઠ કરવા અમો યોગીઓનો ધર્મ છે માટે જો તમો સર્વની ઇચ્છા હોય તો મારૂં શેષ આયુષ્ય આપી આ તમારા સંબંધીને જીવતો કરૂં. મારૂ તો જે થશે તે ખરૂં. અમારી પાછળ તથા આગળ ઇશ્વરનેજ રાખીને અમે ફરીએ છીએ. બ્હેન એવું કોણ જડ સરખું હોય કે ગંગાનાં જળનો ત્યાગ કરી ખાળનાં જળનું પાન કરવા ઇચ્છા કરે? અમૃત મૂકી વિષને ગળે. આંખો ફોડી અંધાપો વેઠે. બાઇ આવી બેદરકારી ભરી વાણી તમોને છાજતી નથી. ગમે તેમ લુલો લંગડો, કાણો બોબડો વયોવૃદ્ધ અરે ચિતાને લાયક થએલો પણ તમારો સ્વામિ છે, તે તમારૂં સૌભાગ્ય, તમારૂં ભૂષણ છે. આ સમય તમારે માટે અમુલ્ય છે, સાધો તો ઠીક. પછી તમારી મરજી બાઇ. ઉક્ત સંભાષણ સાંભળતાં પારધી

સ્ત્રીને રોમાંચ થયો અને યોગીનીને તિરસ્કારયુક્ત વાણીથી ગંભીર અપમાન કર્યું. ઉક્ત સંભાષણ સાંભળતાંજ પારધિ એકદમ ઉભો થયો અને બોલ્યો, "ઓ યોગિની આજથી તમેજ મારાં માતા, મારાં ગુરૂ છો. મને ખાત્રી થઇ છે કે આ સંસાર કેવળ સ્વાર્થનોજ સગો છે, મને પસ્તાવો થાય છે કે માયાના પાસમાં ફસાઇ, ધર્મને ધિક્કારી આ પાપીઓનાં પેટ ભરવા માટે, નહિ કરવાનાં કાર્યો કર્યાં. કેટલાક નિર્દોષ પ્રાણીઓને રેંસ્યાં. કેટલાક મનુષ્યોને વિશ્વાસઘાત કરી છેતર્યાં, કેટલાકોને લુટારૂ થઇ લુંટયા, તસ્કર થઇ કેટલાકનાં ઘર ફાડયાં, તથા કેટલાકોનાં ખુન કર્યાં. ઓ પ્રભુ મને ગભરાટ થાય છે, મારાં કરેલાં કુકૃત્યો મારી આંખ આગળ તરે છે. મહાદેવી સતિ શિરોમણી યોગિની આ અસાર સંસાર સાગરમાંથી મને ડુબતો બચાવો, મને અંધને કુપે પડતો બચાવો, સત્ય માર્ગનું ભાન કરાવ્યું છે તો તે માર્ગમાં મને દોરો, મહાદેવી મને દીક્ષા આપો. પારધિએ સંસારનો ત્યાગ કરી યોગી થવાનું ઇચ્છયું. પારધિનાં સ્ત્રી પુત્ર તથા તેનું સર્વ કુટુંબ ઝંખવાણું પડી ગયું. આવેલાં સર્વે પલાયન કરી ગયાં. સતિએ કહ્યું, " ભાઇ સંસાર ત્યાગી યોગી થવાથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી. યોગીના નિયમ, યોગીનાં બંધન અતિ વિકટ છે અને સંસાર ઉપર અભાવ થવાથી થયેલા તારા જેવા વિરાગીથી તો તે નિયમ પાળી શકાયજ નહિ, વળી, સંસાર ત્યાગ કરવા કરતાં સંસારી જો સંસારમાં રહીનેજ પ્રભુ ભક્તિ કરે છે તો તે પ્રભુની પ્રાપ્તિ સત્વર કરી શકે છે. માટે મારી સલાહ છે કે સંસારમાં રહી કુટુંબનું ભરણપોષણ કરતાં પ્રભુ ભક્તિનું આચરણ કર, જેથી તારૂં કલ્યાણ થશે. " પારધિએ સતિની આજ્ઞાને શિરારોપણ કરી. પરમાત્માની મુર્તિને ઘટમાં સ્થાપી. સતિએ જવાની ઇચ્છા દર્શાવી અને કહ્યું આ ઉદાહરણથી તારી સ્ત્રી

પુત્ર ઉપર દ્વેષની નજરે નહિ જોતાં સ્નેહની નજરે જોજે. સર્વેને સમાન દૃષ્ટિએ જોવાં. આત્મા પ્રમાણેજ. પારકાનો આત્મા લેખવો, કામ ક્રોધ લોભ મોહ માયા વિગેરેનો ત્યાગ કરનાર સંસારી ઉપર શ્રી વિશ્વંભરનાથ અમી દૃષ્ટિ રાખે છે. અને તેને ઇચ્છાનુસાર દર્શન આપી મનના મનોરથ પુરે છે. અસ્તુ. સતિ ત્યાંથી ચાલી ગઇ. પારધિ સતિના ગુણાનુવાદ ગાતો સંસારી સાધુ બન્યો. પોતાના ધંધાનો ત્યાગ કર્યો અને ઠીક રોજીથી સારી પ્રવૃત્તિમાં જોડાયો. તેનું સર્વ કુટુંબ માંસાહારી મટી જઇ અન્નાહારી થયું. વાંચક ધર્મની આવીજ બલિહારી છે.

એકાદશ પરિચ્છેદ.

સ્ત્રીઓનો ધર્મ.

नास्ति भर्तृसमो नाथो नास्तिमत्समंसुखं ।
विसृज्य धनसर्वस्वं भर्ता वैशरणं स्त्रियाः ॥

સ્ત્રીને પતિ સમાન કોઇ પાળનાર તથા બીજું સુખ આપનાર નથી માટે ધન આદિ સર્વ વસ્તુ જતાં પણ સ્ત્રીઓએ પતિનુંજ શરણુ લેવું જોઇએ.

આજે વટસાવિત્રીના વ્રતનો દિવસ છે. નગરના પાધરે આવેલાં એક મહાન વડવૃક્ષના પુજનાર્થે કેટલીક સન્નારીઓ અત્ર આવેલી છે. પતિનું આયુષ્ય વધે, પતિનું માંગળિક થાય તે ઇચ્છા રાખી આર્ય બાળાઓ અનેકાનેક વ્રત નિયમો પાળતી આપણે જાણીએ છીએ. કેટલા હર્ષની ને દીલગીરની વાત છે કે યુરોપાદિ દેશોમાં પુરૂષો સાથે સમાન હક્ક માગતી સ્વતંત્રતાની હીમાયતી લલનાઓ લડત ચલાવી રહી છે. તેના છાંટા ભારત વર્ષને કંઇક ઉડેલા છે તેવું આપણને જણાય છે. આજની યુરોપી પ્રજા સ્ત્રીને પોતાની સમાન લેખી પોતાના સુખ દુઃખમાં સરખી ભાગીદાર લેખે છે. જે માન, જે સત્તા પુરૂષ વર્ગને છે તેજ સ્ત્રી વર્ગને પહેલાં આપે છે. તેથી જણાય છે કે પુરૂષના હૃદય પ્રવાહની ગણુના સ્ત્રીથી ન થઇ શકે એવું સ્ત્રીનું હૃદય જડ નથી. સ્ત્રી પુરૂષનું અર્ધું અંગ છે. જે સત્તા, જે માન પુરૂષોને ઘટે છે તેજ સત્તા અને તેજ માનની અધિકારીણી સ્ત્રી છેજ એમ કહેવામાં યુરોપી પ્રજા ભૂલ કરે છે એમ કહેવું મુશ્કેલ છે. પછી

અતિ સ્વતંત્રતાના પ્રતાપે કે દેશના રીત રીવાજે તે દેશમાં કુંવારી બાળાઓ વરસે હજારો બાળકોને જન્મ આપે છે તેવું ભારત વર્ષને અનુકરણ કરવે પાલવે તેમ છે શું તે મારો વાંચકબંધુ ખ્યાલ કરશે. ભારત વર્ષની ભાર્યાઓ એક વખત મર્યાદારૂપી આભૂષણોથી સુશોભિત હતી, જાણે અજાણે પર પુરૂષને સ્પર્શ થવાથી પોતાને પતિત માનતી હતી તેવી શીયળવતી પ્રમદાઓના હૃદયમાં જે પવિત્ર સત્તા હતી, તે આધુનિક મર્યાદાહીન ગમે તેમ બોલતી અને ચાલતી તથાં પુરૂષ સ્પર્શનો દોષ ન સમજનારી મહિલાઓમાં છે શું? અરે ઓ આર્ય મહિલાઓ, જે કામાંધો તમારી પૂર્વ બ્હેનો તરફ કુદષ્ટિ કરતાં તેઓની આંખો તેઓના શીયળના પ્રભાવથી ફુટી જતી હતી. તેજ પ્રભાવથી તેઓનાં શરીર ભસ્મીભૂત થતાં હતાં. શું તે દૈવત અત્યારે તમારામાં છે કે? જે શીયળના પ્રભાવે સુરલોક પણ ડગમગી જતા હતા. દેવ પણ નમી જતા હતા. યમ જેવાને ધ્રુજાવી જીવનદોરી પાછી ઝુંટાવી લેતી હતી. તે સત્તા તમારામાં અત્યારે છે? સતિ સાવિત્રીની પેઠે પોતાના પતિના આયુષ્યમાં વધારો કરાવનાર કોઇપણ મહિલા અત્યારે તમને દૃષ્ટિગોચર થાય છે? નહિજ. તે જમાનો ગયો, તે જમાનાનાં મનુષ્યો ગયાં અને તેની સાથે તે જમાનાના વિચારો પણ ગયા. આચરણ બદલાયા અને સાથે દૈવત પણ ગયું.

આ ઉપરથી વાંચક બંધુ તારે શું તોડ કહાડવો તે તારી વૃત્તિનો આધાર છે, પણ મારા મત પ્રમાણે તો આપણા ઋષિ મુનીઓ જે સાહિત્ય મુકી ગયા છે, જે માર્ગ દર્શાવી ગયા છે, જે મર્યાદા બાંધી ગયા છે, તે ખરેખર આપણા ભારતવર્ષની ઉન્નતિનાંજ બીજ છે. પછી ભલે તું સુધરેલા વિચારનો થઇ મર્યાદા લોપે. જાતિ બંધન તોડ, પ્રિયાને ઋષિમુનિઓનાં મીઠાં સાહિત્યોનું પાન કરાવવાને બદલે

અત્યારના નાટક ચેટકનાં "**મ્હેરી ચોળી લટકાં મટકાં**"નાં ગીતોનું પાન કરાવી તું પોતાને ભાગ્યશાળી લેખે.

આજની સુધરેલી પ્રજા સ્ત્રીઓની સ્વતંત્રતા માટે જે લડત ચલાવી રહી છે, તે કેટલેક અંશે ઠીક છે કિન્તુ આર્યશાસ્ત્રોનું મનન કરવાથી ચોખ્ખું જણાશે કે શાસ્ત્રો પણ પોકારી કહે છે કેઃ—

कार्येषु मन्त्री करणेषु दासी भोज्येषु माता शयनेषु रम्भा।
धर्मानुकुला क्षमयाधरित्री गुणैश्च भार्या कुलमुद्धरन्ती ॥

સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ છે, પુરૂષ ગૃહનો નૃપ છે. સ્ત્રી તેની મંત્રિણી છે, પુરૂષની સુખ દુઃખની સમાન ભાગીદાર છે. ધર્મ કાર્યમાં તેની મદદ વિના ઘડી ચાલતું નથી. આપણે સાંભળ્યું છે કે કેટલાક પુરૂષોને સ્ત્રીની ગેરહાજરીમાં ધર્મ કાર્ય વખતે જળનું પાત્ર અથવા સુવર્ણની પ્રતિમા કરીને કાર્ય કરવું પડયું છે. સ્ત્રી એક બાલોત્પાદક યંત્ર નથી, કેવળ ઘરમાં મજુરી કરી જીવન વ્યતીત કરવાને માટે સરજી નથી, વગેરેથી આર્યશાસ્ત્રો કંઇ આડે આવતાં નથી. વળી શાસ્ત્રો કહે છે કે આર્ય મહિલાઓ તમે તમારા હક્ક મેળવો, તમે માન ખાટો, તમો સુખના શિખરે ચઢો, કિન્તુ તમો તમારી મર્યાદાનો કદી પણ ભંગ કરશો નહિ. સાંસારીક સુખ ક્ષણિક છે, જીવન નિશ્ચિંત નથી, કરેલા કર્મનું ફળ અવશ્ય મળે છે એમ સમજી ચોરાશી લક્ષ જન્મના ફેરામાંથી બચવું હોય, કલ્યાણ સ્થાનને મેળવવું હોય, મોક્ષ પથને પામવું હોય તો આધુનિક જમાનાના પ્રવાહમાં નહિ ઘસડાતાં જે તમારી આર્યનીતિ છે તેને વળગો.

જે જગાએ સ્ત્રીઓ વટપુજન કરતી હતી ત્યાં સતિ દેવમતી આવી પહોંચી. સાધ્વી ધારી અબળાઓએ તેને બોલાવી આદર-સત્કાર કર્યો, અને યોગિની માતા તરફથી કંઇક બે શબ્દરૂપી પ્રસાદીની વિનંતી કરી. નગરની ઘણીખરી સ્ત્રીયો સતિને ઓળખતી હતી,

કારણુ પારખિની મતિ સુધારનાર, તેની દુર્બુદ્ધિને ઠીટાડનાર આ એકજ રત્ન હતું. સતિએ અબલાઓની વિનંતીનો સ્વીકાર કરી સ્ત્રી ધર્મ ઉપર વિવેચન કરવાનો પ્રારંભ કર્યો.

" વ્હેનો, પતિના આયુષ્યને વધારનારૂં આ તમારૂં વ્રત જોઇ " હું ઘણી પ્રસન્ન છું; પરંતુ તમારા અનેકાનેક લાભને માટે બે શબ્દો " કહું છું તે શ્રવણ કરી કૃતાર્થ થાઓ. આર્ય મહિલાઓ, તમોને ખબર " છે કે જે વ્રત, તપ અને નિયમથી તમો તમારા પતિનું મંગળ કરી " શકતાં નથી તે માત્ર તમો તમારા પતિના ચરણોદકના પ્રતાપે કરી " શકો છો. જે સમય એક જડ વૃક્ષ ઉપર વિશ્વાસ રાખી વ્યતીત કરો " છો તે તમને તથા તમારી ભાવનાઓને ફળદાયક થશે કિન્તુ તમોને " તાત્કાલિક ફળ લેવું હોય તો તમો તમારા પતિની શુશ્રુષા કરો હું " તમોને જે ધર્મ સમજાવું છું તે ધર્મનું મનન કરો કે જે ધર્માચરણ વડે " સતિ સુકન્યાએ પતિની વૃદ્ધાવસ્થાને યૌવન પ્રાપ્ત કરાવ્યું હતું, જે " ધર્માચરણે સતિ સાવિત્રીએ પોતાના મૃતક પતિ સત્યવાનનું આયુષ્ય " યમરાજા પાસેથી મેળવ્યું હતું, જે ધર્માચરણે સતિ સીતા અને દ્રૌપદી " અગ્નિમાં સ્નાન કરી શકતાં હતાં તે ધર્માચરણ પતિવ્રત છે. પતિની " અનુજ્ઞામાં રહી પતિની મૂર્તિ હૃદયમાં ચીતરી, પતિના ચરણોદકનું પાન " કરી પતિના નામનો જાપ જપનારી મહિલા સ્વર્ગને પણ ડોલાવે છે. " વ્હેનો, શુક્રનીતિમાં પણ કહ્યું છે કે—

" સ્ત્રીએ પતિની પહેલાં ઉઠી દાતણ પાણી કરી મુખ ધોઇ પથારી " ઉપાડી ઘરને સાફ કરી તથા રસોડાનાં વાસણ સારી રીતે માંજી " ચુલાને લીંપવો અને તેમાં રસોઇ માટે કાષ્ઠ સહિત અગ્નિ મુકવો. " પછી ગૃહમાં વાપરવાનાં બીજાં વાસણો, ઘી તેલ વિગેરે રસ, ધાન્ય " તથા નિત્ય ખર્ચ માટેના પૈસા તપાસવા. એ રીતે સવારનું કામ

"કરી નાહી ધોઇ સ્વચ્છ થઇને તેણે સાસુ તથા સસરાને પગે
"લાગવું. પછી સ્વામીએ માતપિતાએ તથા ભાંઇ મામા વગેરે સંબંધી-
"ઓએ આપેલાં વસ્ત્ર તથા અલંકાર ધારણ કરવાં—અને સદા મન
"વાણી અને કર્મથી શુદ્ધ રહી પતિની આજ્ઞા પાળવી. છાયાની પેઠે
"તેને અનુસરવું. તેના હિતકાર્યમાં મિત્ર સમાન થવું તથા હુકમ ઉઠા-
"વવામાં દાસી સમાન થવું. પછી રસોઇ તૈયાર કરી પતિને સાસુ,
"સસરા વગેરેને જમાડવા, પછી પતિની આજ્ઞા લઇ બાકી રહેલા અન્ન-
"માંથી પોતે ભોજન કરવું. ત્રીજે પહોર ઘરમાં જોઇતી વસ્તુ સ્વચ્છ
"કરવા તથા ઘરની આવક જાવકનો વિચાર કરવામાં કાઢવો. એ રીતે
"રૂડી સ્ત્રીએ હંમેશાં સાંજ સવાર ગૃહને શુદ્ધ કરી, રસોઇ કરીને
"સસરા આદિ સહીત પોતાના પતિને જમાડવો. પછી પોતે જમી સારી
"શય્યા બીછાવીને પતિની સેવામાં હાજર થવું. પતિ નિદ્રાવશ થાય
"ત્યારે મન રાખી તેજ શય્યા ઉપર નિષ્કામ તથા જીતેન્દ્ર થઇ સાવધાન
"રહી વસ્ત્ર સહિત સુવું. તેમજ જેનો પતિ પરદેશ ગયો હોય તે સ્ત્રીએ
"વિશેષ ઘરેણાં પહેરવાં નહિ પણ માત્ર સૌભાગ્ય ચિન્હો ધારણ કરવાં
"ને સ્વામીના હિતમાં પ્રીતિ રાખી તેના આરાધનમાં રહેવું. વળી તેણે
"રમત ગમત, શરીર શૃંગાર, માણસોના મેળાવડા વગેરે ધામધુમ જોવી
"નહિ. અતિ હાસ્ય તથા પારકે ઘેર જવું નહિ.

भर्यादिमहिमंनार्याः शोभना भुषणादिना ।
पर्त्रादि रहिता तेम शोभना ऽपिन शोभना ॥

"સ્ત્રીઓને ભૂષણ વિના પણ પતિજ પરમ ભૂષણ છે કેમકે
"પતિ વિનાની શોભતી હોય તો પણ તે શોભતી નથી. બ્હેનો સ્ત્રી-
"ઓના ધર્મ ઘણા છે. સમય વ્યતીત બહુ થયો છે. પ્રભુ ઇચ્છાએ કાળે
"ફરી તમોને બીજી વખત બોધ આપીશ. હાલ તો મેં તમને જે આર્ય

"શાસ્ત્રનો બોધ આપ્યો છે તેનું સ્મરણ કરતાં શીખજો અને તેમાં
"જણાવેલા નિયમ પાળી તમારા પોતાના સુખનું કારણ થજો."
"અત્રે આવેલી સઘળી સન્નારીઓ સતિના ગુણાનુગાન કરતી પોતાના
"ઘર સુધી પ્રયાણ કરી ગઇ. ત્યારે સતિ આ ગ્રામ્યની ધર્મશાળામાં ગઇ.



દ્વાદશ પરિચ્છેદ.

યશોદેવી.

સતિના મુખે સાંભળી આવેલી યશોદેવી નામની અબળા કે જે તપના પ્રતાપે રિદ્ધિસિદ્ધિ મળે છે. તપના પ્રતાપે બળ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તેમજ તપના પ્રતાપે નિજનું કલ્યાણ પણ થાય છે તો નિરર્થક પતિની શુશ્રૂષા શા માટે કરવી જોઇએ અને તપ શાને માટે નહિ કરવું જોઇએ તે વિચારમાં અટવાઇ. સતિના બોલ તેના હૃદયમાં ખુંચી રહ્યા છે, સતિના બોલ તેના મુખમાં પુનઃ ઘાલી તપમાં શું દૈવત છે તે બતાવવા તેણે પોતાના પતિ નહિ જાણે તેમ તપનો પ્રારંભ કરવા વસ્તીનો ત્યાગ કરી અરણ્યમાં નિવાસ કર્યો. ભોગ વિલાસ મુકી વનનાં ફળફુલનું પ્રાશન કરવા લાગી. વસ્ત્રાલંકારોને તજી તેણે વન ફુલને પરિધાન કર્યાં. મનોનિગ્રહ વડે પરમાત્માનો જાપ જપવામાં લીન થઇ. જેમ દિવસો વ્યતીત થતા ગયા તેમ તે તપશ્ચર્યામાં પોતાનું મન વધુ ને વધુ પરોવતી ગઇ. અંતે તેની ખરી ભાવનાનું ફળ તેને પ્રાપ્ત થયું. છ માસના તપના પ્રભાવે તપિની ઇચ્છાનુસાર ગમન કરવાને શક્તિમાન થઇ. આજે તપનું ગૌરવ ધરી સતિને તપનું દૈવત દર્શાવવાની ધારણાએ આ ધર્મશાળામાં પોતે સતિ પાસે આવી છે. આ વખતે સતિ નિત્ય નિયમ પ્રમાણે વૈરાગ્ય વૃત્તિએ પોતાના પતિનું આરાધન કરતી હતી. યશોદેવીને સતિએ આવકાર આપ્યો અને આવાગમન કારણ પૂછ્યું. યશોદેવીએ પ્રણિપત્ય કરતાં કહ્યું " સતિ ! આજથી છ માસ પૂર્વેનું વટ સાવિત્રી વ્રત

પ્રસંગનું આપનું સંભાષણ આપને યાદ છે ? આપે સ્ત્રીનો ધર્મ સમજાવતાં કહ્યું હતું કે સ્ત્રીએ પતિની આજ્ઞામાં રહેવું અને જપ તપ કે વ્રત કરવું તે પણ પતિની આજ્ઞાએજ. જો પતિની મરજી વિના કરે છે તો તે સ્ત્રી નર્કગામી થાય છે. તે તમારૂં કહેવું કંઇક અંશે સત્ય હશે ખરૂં કિન્તુ હું આપના બોલવાથી વિરૂદ્ધ છું. હું તો એમજ માની બેઠી છું કે કંઇ પણ કુકર્મ કરવું તે વખતે પતિની સલાહ લેવી; નહિ કે આજ્ઞા ! કેમકે પતિ જે અખિલ વિશ્વ પિતાનું બાળ છે તેજ વિશ્વ પિતાનું બાળ શું પત્નિ નથી ? જે ઇન્દ્રિઓ તે પિતાએ પતિને આપી છે તેજ ઇન્દ્રિયો પત્નિને પણ આપી છે. જે બુદ્ધિ પતિને બક્ષી છે તેજ પત્નિને પણ બક્ષેલી છે અને બુદ્ધિને કેમ ખીલવવી તે મનુષ્યની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. એક ચિત્રકાર જેટલાં ચિત્રો ચિતરે છે તેટલાંજ તે દામ મેળવી શકે છે. કૃષિકાર ખેતરમાં જેટલાં બીજ નાંખશે તેટલો તેને લાભ મળવા સંભવ છે. જેથી ખેતર લાભ આપતું નથી તેમ કહી શકાય નહિ. ચિત્રકાર ચિત્ર ચિતરી શકતો નથી તેમ માની શકાય નહિ. તેમજ પરમાત્માએ પુરૂષને અને સ્ત્રીને બુદ્ધિનો ભંડાર સરખો આપ્યો છે. બુદ્ધિને ખીલવી કેટલો લાભ લેવો તે મનુષ્યનું કર્તવ્ય છે. જેમ દીપકની જ્યોતિ જે કાચમાં મુકશો તેવો પ્રકાશ આપશે. કાચમાં મુકાયલો દીપક કૃષ્ણ દેખાશે, તેમ લાલમાં લાલ અને લીલામાં લીલો દેખાશે. જેમ કાચના પાત્રમાં દીપક છે ખરો કિન્તુ તેનું સ્વરૂપ જેમ કાચના રંગ ઉપર રહેલું છે તેમજ મનુષ્યમાં, પછી પુરૂષ હો કે સ્ત્રી હો, તેનામાં બુદ્ધિ છે ખરી કિન્તુ તેને ખીલવવાનું કામ મનનું છે. તેને જે ભાવનાએ ખીલવશો તે ભાવનાએ ખીલી તેનો લાભ આપશે. તો સ્ત્રી અને પુરૂષ સમાન ગુણવાળાં, સમાન સત્તાવાળાં છતાં આપ સ્ત્રીએ પતિને તાબે રહેવું એમ કેમ જણાવો

છો ? જો સ્ત્રી જપ, તપ, વ્રત નિયમ કરવાને શક્તિમાન છે તો તેમાં પતિની આજ્ઞા લેવાનું શું પ્રયોજન ?"

યશોદેવીનું ઉક્ત સંભાષણ સાંભળીને સતિએ પ્રત્યુત્તર આપવાનો પ્રારંભ કર્યો ને બોલી, "બ્હેન ! તને ખબર છે કે જેવો સ્ત્રીનો "પતિ પ્રભુનો બાળક તેવીજ સ્ત્રી પણ છે. જે બુદ્ધિ પતિમાં છે તેજ "પત્નિમાં છે. તારા કહેવા પ્રમાણે માત્ર તેને ખીલવવી તે મનુષ્યનું "કર્તવ્ય છે. તો તેના જવાબમાં હું તને કહીશ કે જેમ સમુદ્રમાં એક "નાવ છે. નાવને ભાર વહન કરવાની શક્તિ છે, તે તરી શકે છે કિન્તુ "તે સુકાની વિના નિયત સ્થાને જઇ શકશે ખરૂં કે ? તેને તરવાની "ગમે તેટલી શક્તિ છે કિન્તુ તેને નિયત સ્થાને લઇ જવાને જેમ "સુકાનીની જરૂર છે તેમજ સ્ત્રીની જીંદગી નાવ વત્ છે. સ્ત્રી નાવ "પતિ સુકાની વિના નિયત સ્થાન રૂપી મોક્ષ મેળવી શકતી નથી. પુરૂષ "સંસારમાં સ્ત્રીનો ગુરૂ છે. અને સ્ત્રી તેની શિષ્યા છે. પુરૂષ આકાર "છે અને સ્ત્રી તેની છાયા છે. જેમ આકાર વિના છાયા નથી અને "ગુરૂ વિના જ્ઞાન નથી તેમજ સ્ત્રીના કલ્યાણનું સાધન તેનો પતિ છે. "સૌભાગ્યવતી સ્ત્રીએ પતિ વિના કલ્યાણની આશા રાખવીજ નહિ. "પતિ દ્રોહી પ્રમદાનો સ્વર્ગમાં ક્યાંય પણ સ્વીકાર થતોજ નથી. તેનું "કોઇ સાંભળતું નથી. તેને કોઇ માન આપતું નથી."

સતિનું બોલવું સાંભળી યશોદેવીએ કહ્યું, "ત્યારે શું આપનું કહેવું એમ થાય છે કે સ્ત્રીનું પતિવ્રત વિના અન્ય ધર્માચરણ નિરર્થક છે. તેના ઉત્તરમાં સતિ બોલી "વિધવા સ્ત્રીના ધર્મ જુદા છે બાકી "સૌભાગ્યવંતી સ્ત્રીનો ખરો એજ ધર્મ છે કે તેણે પતિવ્રત પાળવામાંજ "અહોરાત્ર મગ્ન રહેવું. જે સ્ત્રી પતિની આજ્ઞાનું પાલન કરતી નથી "તેના વિરૂદ્ધ તેની મરજી વિના ગમે તેવું ઉત્તમ ધર્માચરણ કરતી

"હોય તથાપિ તે નિરર્થક છે, એટલુંજ નહિ પણ તે નર્કમાં પડે છે, "દેવો તેના ઉપર કોપે છે.

" ત્યારે શું તપનું ફળ સ્વામીની મરજી વિરૂદ્ધ તપશ્ચર્યા કરનારી સ્રીને મળતું નથી ? " યશોદેવીએ પૂછ્યું.

સતિએ ના કહેવાથી યશોદેવીને રોમાંચ ખડો થયો અને ધ્યાનાવસ્થા થઇ સ્વર્ગગમન કરવાની ઇચ્છા દર્શાવી. વ્યોમમાંથી એક દેવગણ વૈમાન લઇને આવ્યો અને કર જોડી ઉભો રહ્યો. યશોદેવીએ તેને સ્વર્ગમાં લઇ જવાની આજ્ઞા કરી. દેવગણે કહ્યું. " હું તમોને સ્વર્ગમાં લઇ જાઉં કિન્તુ ત્યાં તમારો સ્વીકાર થાય કે નહિ તેનો હું જોખમદાર નથી. યશોદેવી કબુલ કરી વૈમાનમાં બેઠી અને સતિ પ્રતિ બોલી ! ઓ સતિ જુઓ મારા તપનો પ્રભાવ ! તપના પ્રભાવે દેવોને હું વશ કરી શકું છું. ઇચ્છાનુસાર વ્યોમમાં ગમન કરી શકું છું અને જુઓ સ્વર્ગમાં જાઉં છું અને આજથી હું સ્વદેહે સ્વર્ગમાંજ વાસ કરીશ. સતિએ તેના જવાબમાં કહ્યું " તું ભલે જાય છે કિન્તુ ઓ પતિદ્રોહી પ્રમદા સ્વર્ગમાં તારો સત્કાર કદી પણ થશે નહિ. વૈમાન ધીમે ધીમે ઉપર ચઢવા માંડયું અને જોતજોતામાં અદૃશ્ય થયું.

૨.

યશોદેવીનો સ્વર્ગમાંથી તિરસ્કાર.

યશોદેવી સ્વર્ગમાં ગઇ કિન્તુ સુરપતિએ તેનો તિરસ્કાર કરતાં કહ્યું " ઓ પ્રતિદ્રોહી પ્રમદા, તું તારો ખરો ધર્મ ભૂલી છે. ખરો "માર્ગ મુકી ઉંધે માર્ગે ચઢી છે. સપ્તપદીમાં જે કરારથી તું બંધાએલી " છે તે કરાર તેં તોડયો છે. તે કરાર તે અમારી આજ્ઞા છે. અમારી "આજ્ઞાનું તેં ઉલ્લંઘન કર્યું છે. જેથી તું અમારી પણ દ્રોહી છે. પતિ-

"ને નહિ માનનારી, પતિદ્રોહી પ્રમદાઓ માટે આ સ્થાનમાં જગા "નથી માટે હું તને આજ્ઞા કરૂં છું કે તું અવનિ ઉપર જા અને "પતિવ્રતને ધારણ કર. તારા પતિને રીઝવી અહીં આવીશ તો "અમો તારો ખુશીથી સ્વીકાર કરીશું.

ઇન્દ્રનાં ઉક્ત વાક્યો સાંભળતાં યશોદેવી ઠંડીગાર થઇ અને નમ્ર વચનો ઉચરી " સુરેશ ! શું હું મારા તપનું ફળ નહિ પ્રાપ્ત કરી શકું ?

" તારા તપના પ્રતાપે તેં અમને રીઝવ્યા છે કિન્તુ ન્યાયને "રીઝવ્યો નથી, સુરેશ એ ન્યાયનો બંધનકારક છે, તેનો સેવક છે જે "રસ્તે ન્યાય દોરશે તેજ રસ્તે આ સુરપતિ દોરાશે. તેં મને રીઝવ્યો. "મેં તને સત્તા આપી કિન્તુ તે સત્તાના પ્રભાવે તને સ્વર્ગમાં સ્થાન "આપવું કે નહિ તે કામ ન્યાયનું છે. ન્યાય તને ધીક્કારે છે અને "સૂચવે છે કે, જો સ્વર્ગની ઇચ્છા હોય, મોક્ષની મરજી હોય તો તારા "પતિના નામના તપનો પ્રારંભ કર. તે દેવની શુશ્રૂષા કરી તેને રીઝવ; "જેમ કરવાથી ન્યાયને તું જીતીશ. તારી ઇચ્છાનુસાર પામીશ.

સુરપતિનાં વચનોથી યશોદેવી નિરાશ થઈ પાછી પૃથ્વી ઉપર આવી અને સતિ દેવમતીને પ્રણિપત્ય કરી પોતાની ભૂલનો પસ્તાવો કરવા લાગી. સતિએ તેને દિલાસો આપ્યો અને પતિ ધર્મનું અવલોકન કરાવ્યું. યશોદેવીએ પતિવ્રત ધારણ કર્યું. પતિનો મહિમા ગાવા લાગી. તપિનો જાપ જપવા લાગી અને ત્રણ વર્ષમાં સતિ દેવમતીના પ્રતાપે પતિની યશોદેવીની ગણના સતિમાં ગણાવા લાગી અને પતિસહ સ્વર્ગમાં ગઇ જયાં તેનો માન સહિત સ્વીકાર થયો.

ત્રયોદશ પરિચ્છેદ.

અંધ નર્મદને નેત્ર.

कुरंग मातंग पमंममीना । मृंगाहताः पंचभिरेयपंच ।
एकः प्रमादी सकयंहतोन । मसेयंते पंचभिरेवपंच ॥

હરિણુ, હસ્તિ, પતંગ, મત્સ્ય તથા ભ્રમર એ પાંચ પ્રાણી ક્રમથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, તથા ગંધ-રૂપ પાંચ વિષયમાં અતિ આસક્ત થવાથી તે વડે હણાય છે, તો એકજ ગાફલ મનુષ્ય જે પાંચ ઇંદ્રિય વડે પાંચ વિષયને અતિ આસક્તિથી સેવે તે કેમ ન હણાય.

વાચકગણ ! આપણે દેવમતીને હાલ વિજયપુરમાં મુકી આપણે જરા ઇલ્વપુરી તરફ દૃષ્ટિ નાંખીશું. અહા ! કહ્યું છે કે સત્સંગ શું હિત નથી કરતો. પારસમણિના સંગથી લોહ કંચન થાય છે. વારિના સત્સંગથી મલિન વસ્ત્ર શ્વેત થાય છે. શીત રશ્મિના પ્રતાપે અંધાર રજની દેદિપ્યમાન બને છે. સત્સંગથી પાતકીઓના પાપ નષ્ટપ્રાય થઇ તેઓની કાયાનું કલ્યાણ થાય છે. છતાં સત્સંગને ઇચ્છનાર થોડાકજ ભાગ્યશાળી મહાશયો હોય છે.

કાન્તા ! વાચકગણુ કાન્તાને તું ભુલી તો નહિ ગયો હોય. કાન્તા કે જે મદન તાપથી તપેલી, રોગી પતિથી કંટાળેલી કાન્તા, એક સમય પૂર્વે પતિનું ખુન કરવાને તલપી રહી હતી. દૈવયોગે સતિ દેવમતીનું ત્યાં જવું અને સુકૃત્ય કરતાં તેને અટકાવવી. સતિએ પરચો બતાવી અબળાનો ધર્મ સમજાવી તેની ગએલી મતિ ઠેકાણે આણેલી

પતિવ્રતને ધારણ કરનારી તે કાન્તા આ પોતેજ છે. એક સમય પૂર્વે જેનું મન વિષયવાસનામાં રગદોળાએલું હતું. કામદેવના તીવ્ર તાપના પ્રભાવે ઉકળતું હતું. એકેલું ચાટી જવાની તૈયારીમાં હતી. અરે જેના પ્રાયશ્ચિતના પ્રભાવે જન્મ મરણના ઉંડા ભવકૂપે પડતી હતી તેમાંથી સતિના પ્રતાપે બચેલી આ કાન્તા પોતેજ છે. મનોનિગ્રહતાએ કાન્તા પતિ સેવામાં લીન છે. કામને ઝેરરૂપ લેખી તેને અળગો કર્યો છે. ક્રોધાગ્નિને મહાસાગરમાં ઝંપલાવી શીત કર્યો છે. લોભને સહનશીલતારૂપી કાઠીથી પ્રહાર કરી વશ કર્યો છે. મોહ અને માયાને પતિભકિતરૂપી દોરીથી જકડી બાંધ્યાં છે. કાન્તા અરે ઓ મહદ્ ભાગિની કાન્તા તેં તારૂં જીવન સફળ કર્યું છે કેમકે વિષયમાં રમણ કરનારી, મોહમાં મસ્તાન, લોભમાં ડુબેલી, મદમાં બાવરી, માયામાં ફસાએલી, કાન્તા તેં અત્યારે તેં પ્રબળ ષડરિપુને જીત્યા છે. તારી જીવન વાટિકા નિર્ભય કરી છે. એક તૃણવત્ કાન્તા અત્યારે અમુલ્ય કિમતી કાન્તા તું બની છે. એક સાધારણ સંસારની પુતળી તું સતિ થઇ છે. તે સકળ પ્રતાપ સતિ દેવમતીનોજ છે. કહ્યું છે કે કૃષ્ણ કાજળનું ટીપું ધોયેલ વસ્ત્રની મનોહરતાનો નાશ કરે છે. અથાગ કાપુસના પુંજને એક અંગાર ભારમભૂત કરે છે. સોમણ પયને એક દહીંનું ટીપું બગાડે છે. તેમજ એક દુર્જન કોટિ સજ્જનોનું ખેદાન મેદાન કરે છે. કિન્તુ લાખો અંધને એક નેત્ર વાળી વ્યકિત કોટિ કોસની મજલ કરાવે છે. અઘોર બયંકર રાત્રિને એક ચંદ્ર તેજોમય કરે છે. જીવલેણ હત્યારા રોગનું જડમુળ એક ઔષધ કાઢે છે તેમજ એક સજ્જન લાખોની જીંદગી સુધારે છે. પોતે તરે છે અને બીજાને તારે છે, સતિ શિરોમણી દેવમતીએ આ કાન્તાને સુધારી છે. કાન્તા અત્યારે સ્વામીનું પાદ પ્રક્ષાલન કરે છે. ક્ષયરોગવાળો તેનો પતિ

લાલદાસ અત્યારે નિરોગી બન્યો છે. નિત્ય નિયમ પ્રમાણે કાન્તા અત્યારે પતિ પુજનમાં છે. સ્વામીનુ પાદ પ્રક્ષાલન કરી પતિના ચરણોદકનું પાન કર્યું. થોડું પોતાના માથાપર ચઢાવ્યું.

ચંદન, અક્ષત કર્યાં, પુષ્પહાર પહેરાવ્યો, ધુપ દીપ અને નૈવેદ્ય આદિ પછી આરતિ કરી. બાદ મંત્ર–પુષ્પાંજલિ કરી. કાન્તાએ પતિ સ્તુતિનો પ્રારંભ કર્યો. સ્તુતિ કર્યા પછી કરમાં માળા લઇ પતિનો જાપ જપતાં પતિની પ્રદક્ષિણાની શરૂઆત કરી 'કાન્તાએ સાત વાર પ્રદક્ષિણા કરી' તેટલામાં તો પોતે ચમકી અને કાંઇ જોતી હોય અને કોઇ તેજોમય દ્રષ્ય થતું હોય તેવાં ચિહ્નો તેની મુખાકૃતિપર જણાયાં. તેના સ્વામિ લાલદાસની નજર કાન્તા પર પડી, કાન્તાને થતો આઘાત જોતાં પોતે વિચારગ્રસ્ત થયા, તેમનો જીવ ઉડી ગયો. લાલદાસ અત્યારે કાન્તાથી જે સુખી હતા તેવા પૂર્વે કદી પણ ન હતા. કાન્તા જેવી સુશીલ રમણી પામવાને પોતે કૃત્ય કૃત્ય થતા. કાન્તાને જરા પણ ઉદાસી થએલી જોવાને પોતાને પાલવતું ન હતું. અણચિંતવી કાન્તાને શૂન્યગ્રસ્ત જોતાં પોતે હાફળા ફાંફળા થયા અને આતુરતાથી પૂછ્યું, "કાન્તા, મારી વ્હાલી કાન્તા, અચાનક આમ કેમ? તને શું થાય છે? તારૂં શરીરતો સ્વસ્થ છે ને?"

"નાથ! આપ વિમાસણ કરશો નહિ, આપથી હું કાંઇ પણ છાનું રાખીશ નહિ. મને કાંઇ થતું નથી. મારૂં શરીર સ્વસ્થ છે. કાન્તાએ નમ્ર વચને કહ્યું."

"ત્યારે આ તારી મુખમુદ્રાપર ફેરફાર શો? મારા સમ, કહે, તને કાંઇ જોઇએ છે?" લાલદાસે કહ્યું.

"પ્રાણેશ! મારે કાંઇ જોઇતું નથી. મને મહેલ મહાલયની પરવા નથી. શ્રીમંતાઇની લાલસા નથી. નવનિધ ભોજનની ભુખ

નથી. હું તો આપની પ્રણય ભાખરીનીજ ભુખી છું. નિભાવો વિશ્વેશ સદૈવ આપણી તે પ્રણય ભાખરી." કાન્તાએ કહ્યું.

"જે પતિને સુલક્ષણા નારી મળી તેનો ધન્ય અવતાર છે.
"પત્ની એટલે પતિની સહચારિણી. પતિની જીંદગી સુખી કરે તે
"પત્ની. પતિની જીંદગી ઉચ્ચ બનાવે તે પત્ની. પતિને મદદગાર થાય
"તે પત્ની. પતિનો સારામાં સારો મિત્ર તે પત્ની. પતિના ઝુંપડાને
"મહેલ બનાવે તે પત્ની. પતિના સુખ-દુઃખ અને વિચારોમાં ભાગ
"લે તે પત્ની. પતિના દોષ નમ્રતાથી સુધારે તે પત્ની. પતિના ગમે
"તેવા સંકટોના મેરામણ પત્નીની સદ્વૃત્તિ-સદાચરણ પલકમાં ફેડે છે."
લાલદાસે પત્નીનો ધર્મ જણાવી પ્રશંસા કરતાં કહ્યું.

"પ્રભુ! પતિના ચરણોદકમાં આટલું દૈવત છે? પતિના કલ્યાણનું આવું પ્રબળ સાધન છે તેનું મને સતિ શિરોમણિ દેવમતીના પ્રતાપે અત્યારે ભાન થયું. નાથ, મને વિજયનગર દષ્ટિભૂત થાય છે. કાન્તાએ કહ્યું.

"શું વિજયનગર જે આ ઇલ્વપુરીથી ૨૫ કોસ છેટે છે તે નગર તને દષ્ટિએ પડે છે." લાલદાસે પુછ્યું.

"હા નાથ, મને તે નગર દેખાય છે એટલુંજ નહિ કિન્તુ તેના પાદરપર આવેલા એક કૂપ પર કોઇ પુરૂષ દેખાય છે અને તે પુરૂષ અંદર ઝંપાપાત કરવાની તૈયારીમાં છે. જો કોઇ તેને નહિ બચાવશે તો તે પોતાની અમુલ્ય જીંદગીનો નાશ કરશે. બિચારો આ ભવમાં હતો ન હતો થઈ જશે." કાન્તાએ કહ્યું.

"શું કાન્તા આ સત્ય છે? તને સ્વપ્ન તો નથી? નગર શું, કૂપ શું? અને કોઇ પુરૂષની તેમાં પડવાની તૈયારી શું?" લાલદાસે આતુરતાથી પ્રશ્ન કર્યો.

"સત્ય કહું છું નાથ, જુઓ એ કૂપ ઉપર ચઢયો. અરે પાછો ફર્યો. બિચારાને ઠેસ વાગી. કૂપથી પગથી ઉપર પડયો. મને સમજાય છે કે તે અંધ છે. નાથ અનુકંપા કરો. મને આજ્ઞા આપો તો હું ત્યાં જાઉં અને તેને કૂપમાં પડતો બચાવું." કાન્તાએ સ્વામીની પાસે વિજયનગર જવાની આજ્ઞા માગી.

"ખુશીથી જા, સત્વર જા. જો તને સત્ય લાગતું હોય તો તેને બચાવ, પણ કાન્તા તું ઘેલી તો નથી થઇ? ૨૫ કોસ દુર વિજય નગર તે તને દેખાય છે અને વળી ત્યાં જવાની તારી ઇચ્છા? ગાંડી, ત્યાં જઇ વખતસર પહોંચીશ કેમ?" લાલદાસે કહ્યું.

"નાથ, આપની સેવાના પ્રતાપે—આપના જાપના પ્રતાપે હું પચીસ કોસ નજર નાખવાને શકિતવાન થઇ છું. અને તેજ પ્રતાપે હું ત્યાં જઇ શકીશ. નાથ, ખાત્રી ન થતી હોય તો જુઓ તે નગરને અને હું કહું છું તે ચરિત્રને." કાન્તા લાલદાસનો કર પકડી બતાવવા લાગી. સતિ કાન્તા સતિત્વના પ્રતાપે પોતાના સ્વામીનાં દિવ્ય ચક્ષુ કરી શકી. લાલદાસને નગર દૃષ્ટિએ પડયું. કૂપ પણ જોયો. અને કૂપમાં પડવાની તૈયારીમાં અંધને પણ નીરખ્યો. લાલદાસ આ કૌતક જોતાં વિસ્મય થયો અને તેને ખાત્રી થઈ કે કાન્તા સતિ છે. અને તે સતિત્વના પ્રભાવે પોતે જઇ શકશે. લાલદાસે આતુરપણે કહ્યું "પ્રિયે કાન્તા, જા સત્વર જા તે અંધને બચાવ. નહિ તો બિચારો કૂપમાં પડી આત્મઘાત કરશે." પતિની આજ્ઞાએ કાન્તા ત્યાંથી પ્રયાણ કરી ગઇ. વિશ્વપિતાની કૃપા પ્રસાદીએ કાન્તા વિજયનગર કે જ્યાં અંધ કૂપમાં પડતો હતો ત્યાં આવી પહોંચી.

૨.

આ અંધ પુરુષ તે એક નર્મદ નામનો વિપ્ર છે. નેત્ર વિના

કષ્ટપીડિત આ વિપ્ર જીંદગીથી કંટાળી ગયો છે, પરાધીન જીંદગી ગુજારવાં કરતાં જીંદગીનો અંત તેને ઉચિત લાગવાથી અત્યારે કૂપમાં પડવા આવ્યો છે. કૂપમાં પડે તેટલામાં તો કાન્તાએ તેનો હાથ પકડ્યો; અને પડતો અટકાવતાં બોલી.

"અજ્ઞાની ! આ તું શું કરે છે. માનવ દેહ કે જે આ સંસાર સાગર તરવાનું નાવ છે, પ્રભુના ગુણોનું ગાન કરવાનું સાધન છે. પુનઃ પુનઃ નહિ મળે તેવી આ કંચનવત્ કાયાનું સત્યાનાશ કયાં વાળવા બેઠો છે? ભુંડા હાથમાં આવેલા રત્નને તું કાચનો કકડો લેખે છે? પ્રભુની કૃપાપ્રસાદીને તું ઝેર સમજી ફેંકી દે છે? જરા વિચાર કરી જોઇશ તો તને જણાશે કે તું તારી બેસવાની ડાળ કાપે છે. હાથે કરી તારા પગ પર કુહાડી મારે છે. જાણી બુજી તું પાતકમાં પ્રવેશ કરે છે. આવ્યો છે કમાવાને તો. ગાંઠની મુડી ભુંડા શીદને ગુમાવે છે? ઉંધા વેપાર કર્યા કરતાં પ્રભુના જાપનો વેપાર કર્યા કરને કે જેથી તારી જીંદગીનું કાંઇક સાર્થક થાય. આત્મઘાત કરે તારૂં કાંઇ વળવાનું નથી. એક જન્મને બદલે તું તારા સાત જન્મને બગાડે છે."

કાન્તાની ઉક્ત વાણી શ્રવણ કરતાં અંધ નર્મદે બોલવું શરૂ કર્યું. પરંતુ બોલે તે પહેલાં તો આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. બિચારો ડુસકાં ખાતાં બોલ્યો, "મરવા દે બાઇ મને કુપમાં પડતો શીદને અટકાવે છે? બીજા જન્મમાં જે થવાનું હશે તે થશે. હું આ મારી અભાગી જીંદગીથી કંટાળી ગયો છું. વિશ્વમાં વિચરનાર કેટલાક જીવો આનંદમાં તલ્લીન રહે છે. મગ્નમાં મસ્તાન થઇ ફરે છે. નવનિધ વાનીથી આત્માને સંતોષે છે. અલંકારોથી કાયાને દીપાવે છે; ત્યારે નિર્ધનતા દેવી મારી પીછો છોડતીજ નથી. મેરે તે તો ધૂળ નાખી

તે મારા નસીબ પર—પરંતુ પ્રભુની પણ કૃપાદૃષ્ટિ નથી. મારા જોવાના નેત્ર માટે પણ પ્રભુના ધામમાં ખોટ પડી. તે પણ પડાવી લીધાં. પડતાપર પાટુ, મરતાને માર અને ડુબતાને ડુબાવવામાં પરમાત્માને શું આનંદ પ્રાપ્ત થતો હશે? " આટલું બોલતાં બિચારો હૈયાફાટ રડી પડયો. કાન્તાએ આશ્વાસન આપતાં કહ્યું. " ભાઇ તારા નેત્રોમાંથી જ્યોતિ ચાલી ગઈ તેમાં પ્રભુનો શું દોષ? દારિદ્ર દેવી તારો પીછો છોડતી નથી તેમાં કીરતારની શું કસુર? જેવું વાવવું તેવું લણવું, જેવું કરવું તેવું ભોગવવું તે ન્યાયનો વહેવાર છે. પૂર્વ જન્મનાં કૃત્ય આ જન્મે ભોગવાય છે. પુર્વે તેં ગરીબોને રંજાડયા હશે. અનાથોને સતાવ્યા હશે—નિરાધારોની આજીવિકા પર ત્રાપ મારી હશે કે જે તું અત્યારે ભોગવે છે. ભાઇ માઠું લગાડીશ નહિ. પુર્વે તેં કોઇનાં નેત્રો છીનવી લેવામાં મઝા માણી હશે, નહિ તો તારી આ દશા કદી ન થાય. હશે! જે થયું તે થયું. ભુલ્યા ત્યાંથી ફરીથી ગણો. ગત જન્મ બગાડયો જેથી આ જન્મ બગાડવો તે ડહાપણ નથી. હવે તો પરમાત્મા ઉપર વિશ્વાસ રાખી તેના નામનો જાપ જપી તેની કૃપા મેળવવા યત્ન કરવો તેજ શ્રેયસ્કર છે, કાન્તાએ દીલાસો આપ્યો.

" બાઇ, હવે મને પ્રભુનો ભરુસો નથી. મને ખાત્રી થઇ છે કે તેના સામ્રાજ્યમાં ધર્મીને ત્યાં ધાડ થાય છે. પાપીનો મહિમા વધે છે. સત્ય બેહાલ થાય છે. પાખંડી પૂજાય છે મને પ્રભુપર બીલકુલ વિશ્વાસ નથી. મને મરવા દે. નેત્ર વિના મને આઘાત થાય છે. નેત્ર વિનાનો અંધ હું ગમે ત્યાં પછડાઉં. કોઇ વખત અગ્નિમાં પાદ પડે છે તો કોઇ વખત શુળોની વાડમાં પડું છું. કોઇ વખત કોઇ ભીંત સાથે ભટકાઉં છું, તો કોઇ વખત પશુ આદિની અડપટમાં આવી પડું છું! તેમ કરતાં મારા પર અનેકાનેક આફ્ત આવે છે.

હવે મારાથી કષ્ટ સહન થતું નથી. મને મરવા દે, મને જીવન ઝેર છે. હાય નેત્ર ! નેત્ર ! અરે ! મારી જીંદગીના આધાર નેત્ર તમે ક્યાં છો ! ક્યાં છો !! નર્મદ ઉક્ત બોલતાં ધરાપર પછડાયો. કાન્તાને ખાત્રી થઇ કે નર્મદ નેત્રનો અભિલાષી છે અને ખાત્રી કરવા તેણે તેને પૂછ્યું, " ભ્રાતા ! તને નેત્ર જોઇએ છે ? "

હા જોઇએ છે ! મારા જીવનનાં આધાર મારાં ચક્ષુ જોઇએ છે. મારાં ગુમ થએલાં નેત્રમણિ જોઇએ છે. બોલ તું આપે છે ? જો આપીશ તો હું તારો દાસ થઇ તું કહીશ તેમ કરીશ, બોલ, નેત્રની આશા આપનારી દેવી તું મને મારાં ગએલાં નેત્ર આપે છે ? જો આપીશ તો હું તારો જન્મો જન્મનો પુજારી બની તારા ગુણગાન ઘેરે ઘેર ગાઇશ. " નર્મદે નેત્ર માગતાં કહ્યું.

કાન્તા નર્મદને નેત્ર કેમ આપવાં તેના વિચારમાં મુંઝાઇ. નર્મદના ઉપરા છાપરી પ્રશ્નોનો એક પણ પ્રત્યુત્તર આપી શકી નહિ. નર્મદ નિરાશ થયો. ભાગ્યને દોષ દેતો પુનઃ કૂપની પગથાળ ઉપર ચઢયો. કાન્તાએ તેને અટકાવ્યો અને બોલી " સબુર ઓ નેત્રના યાચક, નેત્રના અભિલાષી ઉભો રહે હું તને નેત્ર આપું છું. બોલી છું તો વચન પાળીશ. "

ઉક્ત બોલતાં કાન્તા પોતાનાં નેત્ર કાઢી આપવાના ઠરાવ પર આવી. કાન્તાએ તૈયારી કરી, તેના સતિત્વના પ્રભાવે તેને સહાય કરી. એટલામાં આ ગ્રામ્યમાં રહેલી સતિ દેવમતીનું અચાનક આવાગમન થયું. પુછપરછ થતાં અરસપરસ ઓળખાણ પડી. કાન્તાએ ગુરૂ દેવમતીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. સતિના દર્શનથી કૃતાર્થ થઇ. કાન્તાની હકીકતથી વાકેફ થએલી દેવમતીએ કરમાં જળ લીધું અને બોલી, " ઓ વિશ્વેશ ! જો હું પૂર્ણ પ્રતિવ્રતા હોઉં, પતિ પ્રતિ

"મારો અદ્વૈત પ્રેમ હોય, તેનું ચિંત્વન ઘડી પણ હું વિસરી "ન હોઉં તો મારા પતિવ્રતના એક ઘડીના પુણ્યને બદલે "આ અંધ બ્રાહ્મણને નેત્ર મળજો." સતિએ સંકલ્પ કરી નર્મદના હાથમાં જળ મુકયું, નર્મદને નેત્રો પ્રાપ્ત થયાં. નર્મદ હર્ષઘેલો થયો, દેખતો થયો, સતિના પગમાં પડી વારે વારે ચુંબન કરવા લાગ્યો. સતિઓના ગુણાનુગાન ગાતો પોતાને ઘેર પલાયન કરી ગયો. સતિ દેવમતી અને કાન્તા પણ ત્યાંથી છુટાં પડયાં.

ચતુર્દશ પરિચ્છેદ.

સ્ત્રી સ્વાતંત્ર્ય, મનોરમાને બોધ.

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातंत्र्य मर्हति ॥

मनुस्मृति ॥

સ્ત્રીનું બાળપણામાં પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરે છે. તે સ્વતંત્રતાને યોગ્ય નથી.

વાંચકગણ! હજુ પણ આપણે વિજયનગરમાંજ છીએ, કેમકે હજુ સતિ દેવમતીનો નિવાસ અહીંજ છે. બંધુ, હું તને પ્રશ્ન પુછીશ કે તું ઉક્ત શાસ્ત્રની આજ્ઞાનો ભાવિક છે કે આધુનિક સ્ત્રી સ્વતંત્રતાનો ઉપાસક છે ? સ્ત્રીને સ્વતંત્ર એટલે કે જેમ પતી ઑફીસમાં અને પત્ની શિગરામમાં બેસી પોતાનો નિકટનો સ્નેહી કે જેને અંગ્રેજીમાં (Dear friend) ડીયર ફ્રેન્ડ તરીકે ઓળખવામાં આવે છે તેની સાથે હવાના બહાને ફરવા જાય. સ્વામિ બિચારાને કોઇ ધર્મ કાર્યમાં રકમ ભરવી હોય તો ગૃહ દેવીની અનુજ્ઞાએજ, જ્યારે સૌભાગ્ય દેવી કાપડીઆનું યા ઝવેરીનું મનમાનતું બીલ લાવે તે પોતાની મરજીનોજ આધાર.

દુનિયા ! અરે ઓ ઘેલી દુનિયા, ખરેખર તું ઘેલીજ છે. તારો વેગ ગાડરીઆ પ્રવાહ જેવોજ છે. મહંત જનો કહી ગયા છે કે "**दुनिया झुकती हय, झुकाने वाला चाहीए.**" તે ખોટું નથી.

તું પોતાને સુધારાના શિખર પર ચડેલી માની તેનું ગૌરવ ધારી બેઠી છે. અબળાને પ્રબળ રૂપમાં લાવવાનો તું અથાગ પરિશ્રમ કરી રહી છે. સ્ત્રીના હિતની ધુન તું તારા હૃદયમાં જગાવી રહેલી છે, અને કદાચ તને હિમ્મત હશે કે યુરોપ દેશની નકલ કરી ભારતની ભામાઓ કે જે હાલમાં ભારતનાં સંતાનોને માત્ર ઘરમાં મજુરી કરાવવા, છૈયાં છોકરાં ઉછેરવાં, ઘરરૂપી કારાગૃહમાં ગોંધી રાખવામાં પોતાની વડાઇ માની રહ્યાં છે, તેઓનાં અજ્ઞાની ચક્ષુ ખુલ્લાં કરી તેઓના હાથે છૂટકો કરાવી ગયેલો છેલ્લો નંબર પહેલો લાવવા તું મથી રહી છે તે કેટલેક અંશે સત્ય છે કિન્તુ સંપૂર્ણ પણે તો નહિજ. શ્રી પરમાત્મન્ શ્રી રામચંદ્રજી સતિ સીતાને ગૃહદેવી કરી સંબોધતા હતા, કોટિ દેવોના સમૂહમાં પોતાની સાથે રાખતા હતા, સુખદુઃખમાં અર્ધ ભાગિની લેખતા હતા, ધર્મકાર્યમાં સરખો હિસ્સો આપતા હતા; કિન્તુ ત્હારી માફક આજે મનમાનતાં, પુરૂષોના મનને લોભાવે તેવાં અંગ પર પરિધાન કરેલાં કિમતી વસ્ત્ર છતાં શરીરનો એકે એક અવયવ દેખાય તેવા ફેશનેબલ પોષાકના હિમાયતી ન હતા. તારી માફક સ્વામિની ગેરહાજરીમાં મનમાન્યા સ્નેહી સાથે આનંદ પર્યટની છુટ આપતા નહોતા. તારી માફક પ્રિયા પ્રીતમને તરછોડતી ન હતી, પતિ પતિ ઉપર સરસાઇ કે હુકમ કરતી ન હતી. પોતે સ્ત્રીને ઘરની લક્ષ્મી તરીકે માનતા હતા, માન પણ આપતાજ હતા, પરંતુ તારી માફક બુટ–સ્ટોકિંગ અને વારાંગનાને છાજતો પોષાક આપી, પ્રિયાના હુકમને તાબે થઇ મનમાન્યા સ્નેહીની સાથે ફરવા જવાની જોગવાઇ કરી આપવામાં ભાગ લેતા ન હતા. પતિનો હુકમ માનવો તે પોતાની મરજીનોજ આધાર નહિ તો કોર્ટના દ્વાર બતાવવાનું શિક્ષણ આપતા ન હતા. સુધારાનું ગૌરવ રાખનારી દુનિયા, કહે તો ખરી કે તું સુ-

ધરી કે ઉલટી બગડી ? તેં ભારત બાલિકાનું હિત કર્યું કે તેઓનું સત્યાનાશ વાળ્યું. ખરેખર તેમજ છે. એક વખત જે ભારત—બાલિકાઓ સ્વર્ગને ડોલાવતી હતી, દેવીઓ તરીકે મનાતી હતી અને આ ભવ સાગરમાંથી તરી લાખોને તારતી હતી તે ભારત બાળાઓ આજે નિસ્તેજ થઇ ગઇ છે. કેવળ વિષયનીજ પ્રાણુલિકાઓ બની છે, અને જે દશામાં તું તેઓને જુએ છે તેજ દશામાં સ્વામિની ગુલામ, ઘરની મજુરણુ અને છૈયાં છોકરાં ઉછેરનાર કેવળ સેવિકાઓ થઇ છે તે, ઓ આધુનિક દુનિયા તે પ્રતાપ ત્હારોજ છે.

આજ નગરમાં એક શ્રીમંત માબાપની લાડકી મનોરમા નામની યૌવનારૂઢ મર્યાદાને સ્વપ્ને પણ ઓળખતીજ નથી. જે ભામાઓ પોતાનો એકપણુ અવયવ પરપુરૂષને દેખાડવામાં મોટું કલંક લેખતી હતી તેમાંની એક અત્યારે નવયૌવના અઢાર વર્ષની કુમારિકા જેની છાતીમાં ગિરિશૃંગાકારે લટકી રહેલા પુરૂષ જાતિના પ્રબળ શત્રુ, કામોદીપક, બાલજીવન પયોધર ઉપર માત્ર એકજ શ્વેત ફ્રાક પાદ સુધી લટકેલું દૃષ્ટીભૂત થાય છે. નાગફણા સમ કેશલતા છુટી લટકી રહી છે, સૌભાગ્યદર્શક કંકણનું તો નામજ નથી. પગમાં મોજાં ઉપર ઉંચી એડીનાં વિલાયતી લેડી બુટ દેખાય છે. ગૌરવર્ણ, યૌવન ઉદ્યાનનો બહાર, અને ખુલ્લો પોષાક, અને અધુરામાં પુરૂં આ સ્થાન ભર બજાર છે. પુરૂષો મનમાને ત્યાં ફરે—મનમાન્યો ધંધો કરે—મનમાન્યો આનંદ કરે તો હું સ્ત્રીજાતિ કાં ન કરૂં ? પુરૂષ અને સ્ત્રીના જીવમાં ભિન્નતા જોતાં કંઇજ નથી. પુરૂષ બુદ્ધિ જે રીતે કેળવી શકાય છે તેજ માફક સ્ત્રી બુદ્ધી પણુ કેળવી શકાય છે. સ્ત્રીનું જીવન જેમ કાળને આધીન છે તેજ ગતિ પુરૂષના જીવનની થાય છે, જો સ્ત્રીની કાયામાં માંસ, શોણિત અને હાડપિંજર છે તો પુરૂષની કાયા

સુવર્ણ, અમૃત કે કેશર કસ્તુરી આદી પરીમળ પદાર્થોથી સૃજીત નથી, છતાં સ્ત્રી જાતિને આટલો બધો અન્યાય શાને માટે જોઇએ ? ન્યાય શાસ્ત્ર રચનાર કોઇ મૂર્ખ અક્કલનો ઓથમીર હશે. મારા મનની હું માલિક છું. સ્વામિને ગરજ હોય તો મારા મતને અનુમોદન આપે. પતિના મનને જો હું અનુમોદન આપું તો મારા મતને અનુમોદન આપવા તે બંધાયલોજ છે. સ્વામિ વેપાર કરે, પૈસા કમાય, અને શું હું અશક્ત છું ? ”

ઉક્ત વિચારે આ જમાનાને ભાવેલી મનોરમાએ એક કાપડની દુકાન ઉઘાડી છે, અને પોતાનો વેપાર ચાલુ કર્યો છે. અત્યારનો સમય સ્હેજ મધ્યાન્હનો હોવાથી ગ્રાહાકી જરા નરમ પડી હતી, જેથી મનોરમા ગાદી ઉપર પોતાના પુરૂષ નોકરો સાથે કંઇ ગપાટે ચડી હતી. રંગીલા નામના નોકર સાથે હાથમાં હાથ મેળવી તાળી આપી કંઇ હાસ્ય કરતી હતી; તેવામાં દેવમતિનું આવાગમન અહીં અચાનક કંઇ કારણુસર થયું. દેવમતીની દ્રષ્ટી મનોરમા પર પડી. થોડી પળતો એકી ટશે પોતે જોયાંજ કર્યું; ઘણું થયું, પોતાથી સહન થયું નહિ. તેનું હૃદય ઉશ્કેરાઇ આવ્યું, અને “ **भिक्षान्नदेहि** ! ” બોલતાં મનોરમા પાસે ગઇ. દેવમતિને જોતાં મનોરમા રંગીલા નોકરને આંખ મારતાં મર્મમાં બોલીઃ—

“ મીસ્ટર રંગીલારામ, જુઓ તો ખરા, આ આર્ય સંસારનું એક કૌતક, આ ભારત ભૂમિનો ભવાડો. ”

“ મનોરમા બા, યુરોપી પ્રજા જે હિન્દુસ્તાનવાસીઓને વગોવે છે તે આવા આવા નમુના અવલોકીનેજ. ” રંગીલારામે અનુમોદન આપ્યું.

“ મીસ્ટર ! તમે જોશો કે યુરોપની એક પણ સ્ત્રી તો શું,

પરંતુ એક બાળક સરખું પણ આમ પ્રમાદી બની ભીખ માગવાનું તો નહિજ પસંદ કરે." મનોરમાએ કહ્યું.

"બાઇ સાહેબ, માગે જો તાગડધિન્ના થાય તો પછી નકામા કડાકૂટની તે શીદ પરવા કરે?" રંગીલાલે કહ્યું.

"ખરેખર, આથી એ ભારત વર્ષની અવદશા થાય છે. ભારત વાસીઓ પ્રમાદી છે એટલુંજ નહિ પરંતુ સાથે હાડકાંના હરામ પણ છેજ. પરમાત્માએ આપેલી બુદ્ધિનો, અરે તેની કૃપા–પ્રસાદીનો દુપ-યોગ આમ ભીખ માગવામાં કરે છે તો પ્રભુ રાજી થાયજ ક્યાંથી ? અરે ! તેઓની ઉન્નતીની આશા રખાયજ કેમ? અફસોસ! ભારત વર્ષ! અરે ઓ અભાગી ભારત વર્ષ, તું અમારા જેવા મૂર્ખ, પ્રમાદી હરામીના પાને પડયું છે તેના કરતાં તું ઉદ્યોગી, બાહોશ અને ડાહી યુરોપી પ્રજાને પાને પડયું હોત તો અત્યારે આવી ત્હારી જે અધમ ગતિ થઈ છે તે કદી ન થાત." મનોરમા વાત કરતાં ભારત વર્ષની દુર્દશા અવલોકન કરવામાં ગુંથાઇ, અને તેને માટે શોક સાગરમાં ડૂબી. આમ કરતાં પાએક કલાક વ્યતીત થયો, પરંતુ દેવમતી તો ત્યાંની ત્યાંજ ઉભી રહી. છેવટે કંટાળો કરી મનોરમાએ કહ્યું, "માફ કરો." શબ્દ કહીને તેને જવાનું કહ્યું. મનોરમાની ઉક્ત વાણી શ્રવણ કરતાં બોલી, "બ્હેન! તમો ઉભયની વાક્પટુતા શ્રવણ કરી હું અજબ થાઉં છું. મારો આતિથ્ય સત્કાર કરવો હોય તોજ કરજો. પરંતુ મ્હારા હૃદયનો ઉભરો જરા કર્ણપર ધરશો તો હું કૃતાર્થ થઇશ."

"આપ કહેશો કે ભારત વર્ષની દુર્દશા જે તમો જંખી રહ્યાં છો ને અમારા જેવાઓને આપ કારણભૂત લેખો છો બ્હેન?" દેવ-મતીએ પ્રશ્ન કર્યો.

"અલબત્ત, તેમાં શું શક? તમારા જેવાઓએજ દેશનું સત્યા-

નાશ વાળ્યું છે. જો તમારા જેવાઓની આ દેશમાં હયાતી ન હોત તો દેશની વગોવણી, દુર્દશા થઇ છે, થાય છે, તે કદી ન થાત." મનોરમાએ પોતાની ખરી હૃદયોર્મિ કહાડી.

"શાથી વારૂ ? દેવમતીએ પુનઃ પ્રશ્ન કર્યો.

"તમારોજ દાખલો. પરમાત્મા તમોને શરીરે તંદુરસ્ત રાખી, તમોને અવયવો આપ્યા, તમોને બુદ્ધિ આપી તે શું આમ ભીખ માગવાને અર્થે ? નહિંજ. હું હિમ્મતથી કહીશ કે પરમાત્માએ તમોને તંદુરસ્ત રાખ્યાં છે તે એટલા માટે કે તમો ઉદ્યોગી બનો, અવયવો એટલા માટે આપ્યા છે કે દેશમાં પર્યટન કરો. બુદ્ધિ આપી છે તો તે બુદ્ધિને કેળવો. હુન્નર ઉદ્યોગનો વધારો કરો, તમારૂં પોષણ કરો,અને અન્યનાં પોષણનાં સાધનભૂત થાઓ. પોતે સુખી થાઓ અને અન્યને સુખી કરો." મનોરમા મુગી રહી.

"બાઇ, માઠું લગાડશો નહિ. હું સત્યની ખાતર કહીશ કે
"પરમાત્માની કૃપા પ્રસાદીનો ગેરઉપયોગ અમારા જેવાં નથી કરતાં
"પણ ત્હમારા જેવાંજ કરો છો દેશનું, હિત કરવા જતાં તમે દેશને
"અધમ ખાડામાં નાંખો છો. જેમ મર્કટ મુકતાહારનો મહિમા જાણી
"શકતો નથી અને તેને ફેંકી દે છે તેમ તમોને પ્રભુએ આપેલી સદ્‌-
"બુદ્ધિનો ઉપયોગ અવળી રીતે કરો છો. ટોપરૂં ખાવાને આપેલું શ્રીફળ
"બુદ્ધિનો ઉપયોગ કરી વિવેકથી વધેરશો તો ટોપરૂં ખાઇ શકશો.
'બુદ્ધિનો અવળો ઉપયોગ કરી આખું શ્રીફળ મુખમાં મુકવા જશો તો
"મુખને નાહક ચીરશો અને દાંતને તોડશો તે જુદું. સમજ્યાં બહેન ?" દેવમતીએ કહ્યું.

"અમોને મુર્ખ કહેતાં પહેલાં ત્હારે સાબીત કરવું પડશે નહિ
"તો નક્કી સમજજે કે આ ન્યાયી બ્રિટીશ રાજ્ય છે. પોપાં બાઇનું

રાજ્ય નથી. અગાઉ મનમાની લૂંટો ચલાવી, દ્યુત બાજી ચલાવી ધૂતી જતાં તે લીલા હમણાં નથી. હમણાં તો બોલનાં પણ નાણાં પડે છે. સમજી મૂર્ખ ભિખારિણી ! મનોરમા રીસ ચઢાવીને બોલી.

"હું તમોને મુર્ખ કહેતી નથી. તમારૂં અહિત થાય, તમારૂં અપમાન થાય. તેવો કંઇ મ્હારો આશય નથી." દેવમતીએ નમ્ર-ભાવે કહ્યું.

"ત્યારે આતો ગુણનાં ગીત હશે ! ખર ઉપર સ્વારી કરાવી "તમે માન આપ્યું લેખતાં હશો, ખરૂં ?

"એ જોગટી, આ મનોરમા બા કોણ છે તે તું ઓળખે છે ? "આ ગામના ધનાઢ્ય શેઠ શ્યામસુંદરનાં લાડકાં પુત્રી છે. પોતાના "સ્વામિની પણ પરવા નહિ કરનાર, સ્વતંત્ર મિજાજી છે, સમજ્યાં ?" રંગીલારામ મનોરમાનું ઉપરાણું લેતાં બોલ્યા.

"ગમે તે હો. શ્રીમંત હો કે મોટાં ભૂપતિ હો, મારે તેમની પાસેથી દ્રવ્ય લેવાની લાલસા નથી. હું વૈભવ—વિલાસની અભિ-"લાષી નથી. હું તો માત્ર સત્યનીજ ભૂખી છું. હું તમો પાસેથી "સત્યનીજ ભીખ માગવા આવી છું. જો તમે તે ભીક્ષા આપશો તો "હું સંતુષ્ટ થઇશ." સતિએ કહ્યું.

"ઓહોહોહો ! શું શેખી ? ઘરમાં હનુમાન હડીઓ કરે અને "વિચારતો જાણે લંકાપતિના." રંગીલારામે સતિની હાંસી કરતાં રીસ ચડાવી કહ્યું.

"બાઇ મનોરમા, તમો સ્ત્રી જાતિ છો. તમો સ્ત્રી જાતિની ઉન્નતિ આમ ભર બજારમાં બેસી પરપુરૂષોના હાથમાં હાથ મેળવી હાસ્યવિનોદ કરવાથી—ઇચ્છાનુસાર જીવન વ્યતીત કરવાથી કરી શકશો એમ માનો છો? બ્હેન ? જો તમો તેમ માનતાં હોતો સ્વપ્ને

"પણ લેખશો નહિ. સ્વતંત્રતા, સ્ત્રીની ઉન્નતિ કરતી નથી. પરંતુ "અધોગતિ કરે છે. સ્ત્રીને સ્મશાનમાં ચિતા ઉપર શબરૂપ સ્વતંત્ર રહે- "વામાં પણ આફત છે. ક્ષુધાતુર આગળ ભંડારની સ્થિરતા ટકવી "મુશ્કેલ છે. સ્વતંત્ર રહેલી સ્ત્રીની બુદ્ધિ પરપુરૂષના એકાંત પરિચયમાં "વિષય વાસના પ્રતિ વળ્યા વિના રહેતીજ નથી. અને તેથી પોતાના "શિયળરૂપ મણીને ગુમાવે છે. શિયળ જતાં સ્ત્રીનું સુખ, સ્ત્રીના કલ્યા- "ણનું જડામુળ નીકળી જાય છે. મોક્ષ તેને સદાને માટે દુર્લભ થાય "છે. આ લક્ષચોરાશી જન્મ મરણનો ફેરો તેને માટે સદૈવ સ્થાપિત થાય છે. વળી સ્વતંત્ર રહેલી સ્ત્રી ઉપર કામાંધો કુદૃષ્ટી કરે છે, તેની ઠઠ્ઠા મશ્કરી કરી, તેને લાખની રાખની કરી મુકે છે. બ્હેન, તારી માફક સ્વતંત્ર રહેલી સ્ત્રીની દુર્દશા હું તને બતાવું છે તે જો, હું મારા પતિ- વ્રતના પ્રભાવે તને ક્ષણ દિવ્ય ચક્ષુ આપું છું, તેના આધારે તું અવ- લોકન કર." સતિએ મનોરમાનાં નેત્રો ઉપર પોતાના ઉભય કર ફેરવ્યા. મનોરમાને આશ્ચર્યજનક ચરિત્ર દૃષ્ટિભૂત થયું. કોઇ સ્ત્રીની પાછળ પાછળ પુરૂષો નજરે પડયા. દરેક પુરૂષ સ્ત્રીને નગ્ન કરવાનો પ્રયત્ન કરતા જણાયા. સ્ત્રીની દયાજનક વીનવણીથી મનોરમાના શરી- રને કંપિત કર્યું. તેનાં ચક્ષુમાં ઝળઝળીઆં ભરાઇ ગયાં, ભયભીતપણે 'બચાવો' શબ્દ ઉચરવા લાગી. સતિએ પુનઃ પોતાનો જમણો હાથ તેના નેત્રો ઉપર ફેરવ્યો. દૃષ્ટિએ પડતું ચરિત્ર બંધ થયું. સતિએ પો- તાનું સંભાષણ ચાલુ કર્યું.

"જોયું, સ્વતંત્રતાથી થતી સ્ત્રીની અધોગતિ, તેના ઉપર પડતી આફત!" સતિ મૌન રહી.

"જોઇ, બરાબર જોઇ; મને પસ્તાવો થાય છે. દેવી કહો, ભવિ- ષ્યમાં શું મારી આવી દુર્દશા થશે? મારા પાતક પ્રાયશ્ચિતનું ફળ

આવું મળશે ?" મનોરમાએ પુછ્યું.

"આતો આ જન્મની શિક્ષા પરંતુ મૃત્યુ પછીની તો જો." સતિએ તાળી પાડી. દુકાનના ખુણામાં આંગળી કરી. મનોરમાએ તેમજ દુકાનનાં તમામ માણસોએ તે તરફ દૃષ્ટી કરી તો કામીજનોને થતી ભયંકર શિક્ષા જણાઇ; કોઇ સ્ત્રી અગ્નિમાં શેકાતાં નજરે પડી, તો કોઇ પુરૂષને સખ્ત શિક્ષા થતી માલમ પડી. સકળની મતિ ઠેકાણે આવી, અને આ કોઇ માણસ નહિ, કિન્તુ કોઇ દેવી છે એમ સૌને ખાત્રી થઇ. અને સર્વે દેવીના ચરણમાં પડયાં. મનોરમાએ સ્ત્રીનો ધર્મ જાણવા સતિને વિનંતી કરી.

"બ્હેન મનોરમા, તારી મતિ ઠેકાણે આવી તેજ મારા પ્રયત્નની સાફલ્યતા. સ્ત્રીનો મુખ્ય ધર્મ શું છે તે સાંભળ. શ્રવણ કર તે પ્રમાણે વર્તજે, અને દેવને દુર્લભ મોક્ષ પદવીને પામજે.

मनोवाक्कर्मभिः शुद्धापतिदेशानुवर्त्तिनी ।
छायेवानुगलास्त्रच्छा, सखेव हित कर्मसु ॥
दासीवादिष्टकार्येषु, मार्याभर्तुः सयाभवेत् ॥

"સ્ત્રીએ મન, વાણી તથા કર્મે કરી સદા શુદ્ધ રહેવું. પતિની
"આજ્ઞા પાળવી, તેની પાછળ છાયાની પેઠે અનુચરણ કરવું, પવિત્ર
"રહેવું, તેના હિત કાર્યમાં મિત્ર સમાન અને હુકમ ઉઠાવવામાં દાસી
"સમાન થવું. સ્વામિને ભોજન કરાવ્યા બાદ તેની રજા લઈ બાકી
"રહેલા અન્નમાંથી પોતે ભોજન કરવું. અને ત્રીજે પ્રહર ઘરમાં જોઇતી
"વસ્તુ સ્વચ્છ કરવા તથા આવક જાવકનો વિચાર કરવામાં કાઢવો;
"પતિને કઠોર તથા અપ્રિય વચન બોલવું નહિ. પતિવ્રતા સ્ત્રી પોતાનાં
"પતિનાં ચરણોદક પીવાથી શુદ્ધ થાય છે. તેવાં દાન તથા સંકટો ઉપ-

"વાસ કરવાથી તથા તીર્થં સેવન કરવાથી પણ શુદ્ધ થતી નથી. સ્રીને
"આ જગતમાં પોતાનો સ્વામિ એજ એક દેવ, ધર્મ, ગુરૂ, અને
"તીર્થ છે. વળી શંકર તથા વિષ્ણુ કરતાં પણ પોતાનો સ્વામી શ્રેષ્ઠ
"છે, માટે તેનું ચર્ણોદક પીવાથી પવિત્ર થવાય છે. બ્હેન, હું જાઉં છું
"આટલા મ્હારા હિત રસનું પાન કરજે. જેથી તું જન્મ મરણના
"ભયંકર ફેરામાંથી મુકત થઇશ અને દેવને દુર્લભ એવી મોક્ષ પદ-
"વીને પામીશ."

ઉકત બોલતાં સતિ ત્યાંથી પ્રયાણ કરી ગઇ. મનોરમાની બુદ્ધિમાં અજબ ફેરફાર થઇ ગયો. યુરોપી પોશાકનો ત્યાગ કરી હિંદુ ધર્મને છાજતો પોષાક પરિધાન કર્યો. પતિને મનાવી પોતાની ભૂલને માટે પરતાવો કરવા લાગી. આજથી સ્વતંત્ર મિજાજી મનોરમા સ્વામિની આજ્ઞા પાળવામાં, સ્વામીની અષ્ટપ્રહર સેવા ચાકરી કરવામાંજ મશગુલ રહેવા લાગી.

પંચદશ પરિચ્છેદ.

કામાંધ જસ્સાજી પરિભૂત.

ધવલ નગરીની ધર્મશાળામાં સતિ દેવમતિએ જસ્સાજી નામના ખવાસ સાથે દુષ્ટાચારમાં પડેલી વિજયાને સુધારેલી આપણે ભૂલી ગયા નથી. આજે તે પતિપરાયણા બની છે. પતિના ચર્ણોદકે તે ઉન્નતિના શિખરે પહોંચી છે. વિષયમાં રમનારી-કામને હૈયા હાર લેખનારી વિજયા આજે ખરેખર વિજય પતાકાજ બની છે. સતિએ બતાવેલા ધર્મ પ્રમાણે પૂર્ણ શ્રદ્ધાએ—અદ્વૈત ભાવનાએ પતિની શુશ્રૂષા કરવામાં લીન છે, પતિનો જાપ જપવામાં ઘડી પણ વિસરતી નથી. પતિની આજ્ઞા પાળવામાંજ પોતે તદાકાર છે.

વિશ્વાસ! હા વિશ્વાસથી કેવાં સુફળ પ્રાપ્ત થાય છે, કહેવત છે કે વિશ્વાસે વહાણુ તરે છે. આપેલાં વચન અને તે ઉપર વિશ્વાસ રાખી ધૈર્ય ધારણ કરનાર પરમાત્માની કૃપાએ કેટલાક અધમ પ્રાણીઓનો ઉદ્ધાર થયેલો આપણે સાંભળ્યો છે, અને જોયો છે. કોઇપણ શુભ ફળની આશાએ યત્ન કરવામાં પ્રથમેવ વિશ્વાસની આવશ્યકતા છે. આધુનિક કેટલાક પરમાત્માને નહિ માનનારા ધર્મને ઢોંગ લેખનારા નાસ્તિકોનું માનવું કદાચ એમ થાય છે કે શાસ્ત્રો જુઠાં છે. શાસ્ત્ર આજ્ઞા એ ગપગોળા છે, પરંતુ દીર્ઘ દ્રષ્ટી કરી તેનું અવલોકન કરતાં જણાશે કે આ માયાવી સંસારના પામર પ્રાણી કે જેનું જીવન કાલને આધિનજ છે, એક ઘટિકા ભવિષ્યનું પણ જેને ભાન નથી, પંચ્છી ભલે મનોહર પ્રાસાદો કરાવે, અગણિત ધનના ભંડારો ભરે, જગત્રિસીએ

નામાંકિત થઇ સર્વેના ઉપર પોતાનો પ્રભાવ પ્રસરાવે, કિન્તુ તે સફળનો ત્યાગ કરી ક્યારે આ દુનિયાની મુસાફરીમાંથી કૂચ કરવી પડશે તે પોતે જાણતો નથી, એવા પરાધીન પામર માનવની સેવા મહેનત જ્યારે વ્યર્થ થતી નથી તો પરમાત્મન્ અખિલ વિશ્વના સ્વામિ, સત્તાધીશ અજર, અમર, અને કાલ સમેત સકળ ત્રિલોકને પણ હાથમાં રાખે છે તો તેવાની કરેલી મહેનત કાળાંતરે પણ વ્યર્થ થાય તે બનેજ કેમ? તે દયાળુ પિતાએ કોઇની મહેનત પાડી નથી અને પાડનાર પણ નથીજ. જે પિતાએ દ્રૌપદીના એક તારને બદલે ત્રણસો નવાણું ચીર આપ્યાં હતાં, ભક્ત વિદુરની ભાજીને બદલે પોતાના સખા કરી લીધા હતા, ભક્તિવશ નરસૈયાની હુંડી સ્વિકારી હતી. કયો અધમ હિમ્મતથી કહેશે કે પરમાત્માની સેવાનું ફળ નથી મળતું? પરમાત્મન્ સર્વવ્યાપક છે, મનુષ્યનાં દરેક કૃત્ય છુપાઇ જોયાં કરે છે, જેવાં કર્મ તેવાં ફળ પ્રભુ આપે છે. એક પળની પણ સેવા મિથ્યા થતી નથી. બંધુ, મ્હારા વિચારને તું મળતો હોઇશજ. કદાચ મારા વિચાર ત્હને હાસ્યાસ્પદ લાગે તો કર કસોટી, કર પ્રારંભ અને રાખ વિશ્વાસ. જો તેનાથી તું નિરાશ થાય તો, ત્હારી કરેલી મહેનત બરબાદ જાય તો, ત્હારા કર્મનું ફળ લેખી ઇશ્વરને દોષ દઇશ નહિ. શ્રી કૃષ્ણે અર્જુનને કહેલાં વચન યાદ કર. **कर्मण्ये वाऽधिकारस्ते माफलेषु कदाचन।**

આ ઉદ્યાનમાં આજ સાયંકાળે વિજયા પતિપૂજનાર્થે પુષ્પ વિણવા આવી છે. વિજયાનો પૂર્વ સ્નેહી જસ્સાજી એક બાંક ઉપર બેઠા છે, તેની પાછળ કરણના ઝાડ ઉપરથી વિજયા પુષ્પ વીણતી આ પણને જણાય છે. થોડાં પુષ્પ વીણી બીજા છોડ ઉપર જાય તેટલામાં તો જસ્સાજીની દૃષ્ટી વિજયા ઉપર પડી અને વિજયા પણ જસ્સા-

જીને ઓચિંતી જોઇ ગઇ. અરસપરસ દૃષ્ટી મિલન થઇ, વિજ્યાને પોતાની પૂર્વ સ્થિતીનું ભાન થયું, હૃદયમાં વિમાસણુ થઇ, ઉંડો નિ-શ્વાસ નાંખી આગળ ચાલવા જાય તેટલામાં તો જસ્સાજી ઉભો થયો, અને "વિજયા"ને સંબોધતાં બોલ્યોઃ—

"વિજયા, જરા ઉભી રહે, મારી વાત સાંભળ."

વિજયા જરા ખમચાઇ, અને આગળ પ્રયાણુ કરે ત્યાં તો જસ્સાજીએ તેને તેના સ્વામિની આણુ દીધી. વિજયા અટકી અને તિરસ્કારયુક્ત શબ્દોથી કહ્યું.

"ખબરદાર, પાપી, મ્હારા સ્વામિની આણુ આપી છે તો."

"અરે વાહરે મોટાં સતિ, જોઇ લ્યો ભાઈ આ સતિ, સો ઉંદર મારી મનીબાઇ પાટે બેઠાં છે." જસ્સાએ મેણું માર્યું.

વિજયા, શું હું પાપી? હા પાપીજ તોં. વિજયા સ્વગત ઉચરતાં તેની આંખમાંથી દડદડ આંસુ નીકળી પડયાં.

"કેમ મને ઓળખે છે? હું કોણુ છું? જસ્સાએ વળી કહ્યું.

"હા, હું તને ઓળખું છું. બરાબર ઓળખું છું કે તું વિષ-યમાં રમનારો વીષનો કીડો છે, મારા જેવી અબળાઓને ઉંધે રસ્તે દોરનાર ક્રૂર રાક્ષસ છો." વિજયાએ તિરસ્કારયુક્ત કહ્યું.

"ખબરદાર, જો વધુ બોલી તો. નહિ તો નક્કી માનજે કે તારો ભેદભરમ ખુલ્લો કરીશ. તને જગબત્રીસીએ ચડાવી તારી ફજેતી કરીશ." જસ્સાએ દમ આપ્યો.

"ફજેતી, હા ફજેતી, ખુશીથી ફજેતી કર, વિષના પીનારનું મૃત્યુ થાયજ. કૌવચ બીજ રોપનારને કૌવચ ફળ પ્રાપ્ત થાયજ. કા-જળની કોઠીમાં પેસનાર મનુષ્ય કાળો જરૂર થાયજ. મેં તારા પાસમાં ફસાઇ દુષ્ટાચરણુ કર્યું છે તે મારૂં મન ના પાડે તેમ નથી

તો તે કુકર્મની શિક્ષા મને થાય તો ભલે થાય હું બરાબર સહન કરીશ." વિજયાએ દૃઢતાપુર્વક કહ્યું.

"મૂર્ખ અબળા, ખરેખર તું મૂર્ખજ છે. પ્રમદા બુદ્ધિ પાનીએ. તે કહેવત ખોટી નથી. એવો કોણ મૂર્ખ હોય કે પોતાનાજ લાભનું ઉચ્છેદન કરે. એવો કોણ હૈયાફૂટો હોય કે પોતાનાજ સુખ ઉદ્યાનમાં આગ મૂકે, કોણ અભાગી અમૃત મૂકી વિષનું પાન કરે ?" જસ્સો બોલ્યો:

"બે જણ, એક મૂર્ખ અને બીજો જ્ઞાની; જેના ઉપર અઘોર પાતંકની ભયંકર શિક્ષા પરમાત્માનો કોપ હોય તે મૂર્ખ. અને બીજો મહાજનોની વાણી રૂપી અમૃતને મુકી કેવળ મૃત્યુને માટે વિષયાસક્ત વેશ્યાઓની બીભત્સ વાણીરૂપી ઝેરનું પાન કરે તે અને જ્ઞાની કે જે કરેલાં કર્મનાં ફળ મિથ્યા નથી તે જાણવા છતાં ભયમાંથી મુક્ત થવા પ્રયત્ન કરે નહિ" વિજયાએ કહ્યું.

"ખૂન કરી કબુલ કરનાર ખુની ફાંસીને માંચડે ચડે છે તેનું તને ભાન છે ? જસ્સાએ કહ્યું."

કરેલો અપરાધ છુપાવવા પ્રયત્ન કરનાર ગુન્હેગાર વધુ હેરાન થાય છે અને અંતે સત્ય જાહેર તો થાય છેજ. પાપ છુપાવવાને માટે જુઠું બોલનાર એક નહિ પણ બે ગુનાહ કરે છે, અને બમણી શિક્ષાને પાત્ર થાય છે. આ જન્મ શિક્ષા ભોગવ્યા છતાં પ્રભુના ન્યાય દરબારમાં પણ તે શિક્ષામાંથી બચાવ કરી શકતો નથી." વિજયાએ કહ્યું.

"ત્યારે તારે શું ફજેત થવું છે ?" જસ્સાએ પૂછ્યું.

"મેં જે અપરાધ કર્યો છે તે અપરાધ કબૂલ કરી સત્યને સત્ય કહેવું છે, પણ ભલા તને તેથી શું લાભ ? વિજયાએ પ્રશ્ન કર્યો."

"લાભ એ કે આ તારા મિથ્યા આડંબરનો ત્યાગ કર. પૂર્વાપરનો

પ્રેમ યાદ કર, અને તારા અધરામૃતનું પાન કરાવ." જસ્સાએ અસલ વાત ઉચ્ચારી.

" જસ્સા, અરે ઓ પાપી પલિત, મ્હારા જીવનના કલંક જસ્સા, હવે, તે વિચાર રાખીશ નહિ. જો ફરીથી એવી અઘટિત વાણી ઉચર્યો તો યાદ રાખજે કે આ સ્થાન તને ભારે થઇ પડશે. " દેવમતિએ તિરસ્કાર બતાવતાં કહ્યું.

હા, હા, હા, જસ્સો હસી પડયો, વાહરે સતિ વાહ, તું કોને દમ આપે છે ? અરે તું નથી જાણુતી કે હું તારી રગેરગનો જાણીતો છું. વિજયા કેવી હતી તે આ જસ્સા ખવાસથી જરાએ અજાણ્યું નથી " જસ્સાએ મેણું માર્યું.

" ગમે તે કહે, કુલાંગાર, પાપી, પલિત, ગમે તેમ બોલ, ભાવે તેવાં વચનો બોલ, પણ હવે હું તારી અધમ માગણીનો સ્વીકાર કરૂં તેમ નથી. મેરૂ ચળે, પૃથ્વી રસાતાળ જાય, સમુદ્ર મર્યાદા મુકે તોપણ આ વિજયા પોતાનો અચળ ટેક નહિ ચૂકે તે નહિજ ચૂકે. તું જાણે છે કે પ્રથમની બે વર્ષ પૂર્વેની વિજયા અને અત્યારની આ ત્હારી સન્મુખ ઉભેલી વિજયામાં પૃથ્વી અને આકાશ જેટલો અંતર છે. પ્રથમની વિજયાનું હૃદય પાષાણુમય હતું. વિષ્ટામાં ભ્રમણુ કરનારી કીડા સ્વરૂપ, કલંકરૂપી કાજળથી છવાએલી કૃષ્ણા વિજયા હતી, પરંતુ અત્યારે તો પતિના ચર્ણોદકે પાવન થયેલ, સતિ દેવમતીની શિષ્યા, પતિનું માન, ગૌરવ ધરનારી વિજયપતાકા રૂપ આ અગ્નિથી તવાઇ શુદ્ધ થએલી સુવર્ણ સાચી વિજયા છે. આ વિજયાનું હૃદય પ્રથમ વિષય ભોગી હતું, જ્યારે હાલ પતિના ચર્ણોદકની લાલસાવાળું છે. પ્રથમ તેની રક્તવાહિનીઓ કુકર્મના ગંદા ખાળના પ્રવાહવાળી હતી, જ્યારે હાલ પતિના જાપરૂપ જોસવાળી વાહિનીઓમાં અમૃત વહે છે. મૂર્ખ જસ્સા, અહીંથી

હવે તું ચાલ્યો જા, ત્હારા કર્મનો પસ્તાવો કરી પ્રભુનું સ્મરણું કર જેથી ત્હારા જીવનનું કાંઇક સાર્થક થાય. જો, જરા ઉંચે તો જો, યમ કિંકરના મુદ્દગળ ત્હારા શરીર ઉપર ઝઝુમી રહ્યા છે તેમાંથી બચવા રસ્તો ખોળ," સતિએ બોધ વચન કહ્યું.

" હવે જોઈ, મ્હોટી ડહાપણુની ભંડાર " આ શબ્દો બોલતાં જસ્સો વિજ્યાનો કર પકડવા માટે તલપ્યો.

વિજયાએ તેને ઇશારા દ્વારા, શબ્દોદ્વારા અટકાવવા ઘણો યત્ન કર્યો, પરંતુ અંધને નેત્ર નજ આવ્યાં. તેનું હૃદય જડ થઇ ગયું. વિજ્યાંના કરનો સ્પર્શ થયો. સૌભાગ્ય કંકણુપર હાથ પડતાંજ વિજ્યા એ ઇશ્વર સ્મરણું કર્યું. ઇશ્વર સહાય થયા. જસ્સાના અંગમાંથી આગના ભભુકા નીકળવા લાગ્યા. જસ્સો ચીસો પાડવા લાગ્યો. લોક બધા ભેગા થઇ ગયાં અને સર્વની દૃષ્ટી સમક્ષ જસ્સો બળી ખાખ થઈ ગયો. સર્વેને સમજાયું કે કામાંધે સતિની લાજ લેવાને માટે પોતાની અમૂલ્ય જીંદગીનું બળિદાન આપ્યું, વિજ્યાનો મહિમા વધ્યો અને સૌ તેને સતિથી ઓળખવા લાગ્યાં. વિજ્યાને જ્યારે જ્યારે માન મળતું અથવા તો પોતાથી કાંઇપણુ સત્કર્મ બની શકતું તો તે સર્વે પ્રતાપ વિજ્યા તેની ગુરૂ સતિ દેવમતીનોજ માનતી.

ષોડશ પરિચ્છેદ.

મનોરમા અને સતિ અરૂન્ધતીનો પ્રતાપ.

यद्यपि स्वदिरारण्ये गुप्तो वसतीह चंपको बृक्षः ।
तदपि च परिमलमतुलं दिशिदिशिकथयेत् समीरमास्तस्य॥

જો કે આ લોકમાં ચંપાનું ઝાડ ખેર વૃક્ષના અરણ્યમાં ગુપ્ત ઉગ્યું હોય તો પણ તેનો અતુલ સુગંધિત વાયુ સર્વે દિશામાં પ્રસરે છે. જેમ છેદાતાં પણ ચંદન વૃક્ષ ગંધને તજે નહિ, વૃદ્ધ થતાં પણ હસ્તિ ઝુલવારૂપ લીલાને છોડે નહિ, અને યંત્રમાં પીલાતાં પણ શેરડી મધુરતાનો ત્યાગ કરે નહિ તેમજ કુલિન દુર્બળ થતાં પણ પોતાના શીલ ગુણને છોડતો નથી. જેમ અર્કદેવ દિન કમલ અને રજનીપતિ રાત્રિકમલને પ્રફુલ્લિત કરે છે, વળી પર્જન્ય માગ્યા વગર જળ આપે છે તેવીજ રીતે સત્પુરૂષો પારકાના હિતમાં પોતાની મેળે જ પ્રવર્તે છે.

સતિ દેવમતીના બોધથી સુધરેલી શોખીન મનોરમાનો પતિ કામસેન આજે શિકારે ગયો છે. ઘણી વખત શિકારેથી બપોર પછી પાછો ફરે છે, પણ મોડું થવા છતાં પાછો ફર્યો નથી તેથી મનોરમા ચિંતાતુર છે. સ્વામિને માટે ભોજન તૈયાર કર્યું છે. સાયંકાળનો સમય થવા આવ્યો છે. દરરોજ મધ્યાન્હ નમતાં પાછા ફરે છે અને આજે હજુ કેમ નહિ આવ્યા? મનોરમા પતિની ઝંખના કરે છે. ઘડી ઉભી થઇ દ્વાર પ્રતિ દૃષ્ટિ કરતાં પુનઃ નિરાશ થઇ પાછી બેસે છે. પવનથી બારીનું બારણું ખખડતાં તુરત ઉભી થઇ નાથના આવાગમનની રાહ

જોતાં આવવાનાં સમય કરતાં બે ત્રણ ઘટિકા વ્યતીત થઇ પણ હજુ નાથ ન આવ્યા. મનોરમાની ધીરજ રહી નહિ, અને સ્વામિની ભાળ માટે તલસી, અંતે ઉઠી દ્વાર બંધ કર્યાં. ત્યાંથી ચાલી, શેરી મુકી, ગામ મૂકયું, અને અરણ્યમાં ચાલી. સંધ્યાકાળ થઇ ગયો છે, વન બીહામણું દેખાય છે. છતાં પતિના નામનો જાપ જપતી રમ્ય મનવાળી મનોરમા વનમાં એકલી પતિની શોધમાં ધસમસી ચાલી જાય છે.

• વાંચકવૃંદ ! મનોરમાનો સ્વામિ કામસેન શિકારે ગયો છે કાળની ગતિ ગહન છે. સંધ્યા સમય થઇ ગયો છે. લાંબી દૃષ્ટિ પડતી નથી, આખો દિવસ વ્યતીત થતાં પણ શિકાર હાથમાં નહિ આવતાં થાકી પોતે એક સરિતાની નજીક આવ્યો. સરિતાના તટ ઉપર એક વાછરડું જલપાન કરતું તેણે સાંભળી ધાર્યું કે કોઇ વ્યાઘ્ર જલપાન કરતો હશે, તે અનુમાને તેણે વીસ પચીસ કદમ દૂર રહી તાકીને એક તીર માર્યું. ગૌ બાળને તે બરાબર વાગ્યું; અને બિચારૂં નિર્દોષ બાળ નીચે ધરાપર પડયું. પાસેના એક આમ્ર વૃક્ષ નીચે બેઠેલો તેનો પાલક ત્યાં અચાનક આ વાછરડાને ધરાપર પડતાં સાંભળી દોડી આવ્યો. પોતાના વ્હાલા બચ્ચાંના શરીર ઉપર એક તીર જોયું. રક્ત ધારા વહેવા લાગી. તેના હૃદય ઉપર આઘાત થયો. તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે ક્રોધાવેશમાં પોતાના વ્હાલા વાછરડાને હણનારનું મૃત્યુ થવાનો શાપ આપ્યો. અહીં આવી પહોંચેલો કામસેન આ નદીના કાંઠાપર પટકાયો, તેનો પ્રાણ—આત્મા ચાલી ગયો. વાંચકબંધુ આ શાપ આપનાર એક વિપ્રવર્ય હતો.

'પતિ' 'પતિ' ઝંપતી મનોરમા આ કાંઠા ઉપર આવી પહોંચી. કામસેનનું શબ તેની દૃષ્ટિએ પડયું. મનોરમા તુર્તજ સ્વામિને ઓળખી ગઇ, પતિના દેહમાં પ્રાણ નથી. પોતાના સ્વામિનું મૃત્યુ

પોતે સમજી ગઇ, મનોરમા શબપર પટકાઇ, ચક્ષુમાંથી ચોધાર આંસુઓ સારવા લાગી. મનોરમાના હૃદય-દ્રાવક રવથી કોલાહલ કરતાં પક્ષીઓ સ્તબ્ધ થયાં, 'નાથ'નું નામ ઉચ્ચાર કરતી મનોરમા પોતાનું શિર પટકવા લાગી. તેમ કરતાં કેટલોક સમય વ્યતીત થયો. છેવટે પતિના શબ સાથે બળી મરવાના નિશ્ચય ઉપર આવી. ઉઠી, આ ઉપવનમાં કાષ્ટની શોધ કરવા લાગી. પ્રભુએ દાદ સાંભળી હોય તેમ ત્યાંથી દશેક કદમ પ્રયાણ કરતાં કાષ્ટનો પુંજ દૃષ્ટિભૂત થયો. મનોરમા હરખાઇ, અને કાષ્ટ સરિતા કિનારે એકઠાં કરી ચિતાકારે ગોઠવ્યાં. પતિના શબને અંદર ગોઠવ્યું. જે ઠેકાણેથી કાષ્ટ લાવી હતી ત્યાંથી પાંચેક કદમ અગ્નિની ભઠ્ઠી પોતે જોઇ હતી ત્યાંથી અગ્નિ લાવી ચિતા વચે ગોઠવી દીધો, પોતે ચિતામાં ગોઠવાઇ, પ્રભુમાં ધ્યાનગ્રસ્ત થઇ.

એક તરફ આ ભયાનક દૃશ્ય હતું, તેની સામેના તપોવનમાં એક વૃદ્ધ તાપસી રહેતાં હતાં. બહુજ દૂર નહિ હોવાથી આ દૃશ્ય તેમના દેખ્યામાં આવતું હતું. વૃદ્ધ તાપસી માતા અરૂન્ધતી હતાં તે ઉઠયાં અને મનોરમા પાસે આવી પહોંચ્યાં. કામસેનનું મૃત્યુ શાથી થયું હતું તે પોતે જાણતાં હતાં. મનોરમા સતિ થવાની તૈયારીમાં છે તે જોઇ અરૂન્ધતીએ પોતાના તપના પ્રભાવથી અગ્નિ શાન્ત કર્યો, અને ચિતા ઉપરથી ઉતરી જવાનું કહ્યું. મનોરમા આ દૈવી શક્તિને ઓળખી ગઇ અને પ્રણામ કરતાં નમ્ર ભાવે કહ્યું. "આ "મૃત્યુવશ પુરૂષ મ્હારા સ્વામિ છે, અને તેના મૃત્યુથી મારૂં જીવન "ઝેર થયું છે. મારૂં સૌભાગ્ય લુંટાયું છે. મારી આશાના મેરામણનું "છેદન થયું છે. આ જગતમાં હું જીવતી મુઆ સમાનજ છું. મારા "સ્વામિનો વિયોગ હું સહન કરી શકું તેમ નથી. મ્હારે મ્હારા સ્વા-"મિને મળવું છે, મને મારા સ્વામિ પાસે જતાં શા માટે રોકો છો માતા ?"

મનોરમાએ દુઃખી દયાર્દ્ર વચને કહ્યું.

"અબળા, ત્હારા અવિચળ ટેકથી હું ત્હારા ઉપર પ્રસન્ન થઇ છું; અને તને સુખી કરવાની ધારણાએજ ત્હારા આ કાર્યમાં કંટકરૂપ બની છું." અરૂન્ધતી દેવીએ કહ્યું.

"સુખી, દેવી, મ્હને સુખી કેવી રીતે કરશો? પંખિણીની પાંખ "કપાઇ ગઇ તો તે પંખિણીને પિયુ પંખી શી રીતે મેળવી આપશો? "નેત્રવિહિન હું અંધને અવનવા નૃત્યોનું ભાન કેવી રીતે કરાવી શકશો? "અરેરે, મારી બગડેલી જીવન બાજી શી રીતે સુધારી શકશો?" મનો-"રમાએ આતુર પ્રશ્નો કર્યા.

"બ્હેન, શાંત થા, મારી વાણી ઉપર શ્રદ્ધા રાખ. બોલ, ત્હને શું જોઇએ છે?" દેવી અરૂન્ધતીએ આશ્વાસન આપતાં કહ્યું.

"મને શું જોઇએ છે? ઓ મહાદેવી, આપ આ શું પુછો છો? "શુષ્ક થયેલા સરોવર પાછળ એક તૃષાતુર પક્ષી ટળવળે છે. એક નિર્ધન "પોતાના ઉદર નિમિત્તે ઘેરઘેર દીન વચને યાચક થઇ ભટકે છે. અંધ "ચક્ષુ વિના અહીં નહીં અફળાય છે તેનું રહસ્ય શું આપ માતા સમજી "નથી શકતાં? અબળાનું જીવન–મણિ પતિ અરે હું પતિને માટે બળી "મરવા તૈયાર થયેલી પતિને સજીવન કરવાની ઇચ્છાવાળી દુઃખી અબ-'ળાનું આ કાર્ય શું આપ નથી જાણી શકતાં? માતા, જો આપી "શકતાં હો તો આપો મ્હને મ્હારા મૃતક થયેલા પતિનું આયુષ્ય. મ્હારા "નાથને સજીવન કરો. દાસી તરફ અનુગ્રહ કરો. બસ, એજ ઇચ્છા, "માતા એજ યાચના."

"**તથાસ્તુ**!" દેવી અરૂન્ધતીના 'તથાસ્તુ' શબ્દની સાથેજ મૃત કામસેનમાં જીવ સંચાર થયો. હૃદય ધબકવા લાગ્યું. ચિતા ઉપર આળસ મરડી ઉભો થયો. મનોરમા હર્ષઘેલી થઇ, પતિને ભેટી,

દંપતિએ દેવીને પ્રણિપત્ય કર્યું. મનોરમાએ દેવીનો ઉપકાર માન્યો. દેવીએ દંપતિને આશિષ આપી, અને પોતાના યોગના પ્રતાપે ઉભયને તેઓના સ્થાને પહોંચતાં કર્યાં.

"ધન્ય છે. સતિ દેવમતીના પ્રતાપે મનોરમા એક પદવી ચઢી એટલુંજ નહિ, કિન્તુ પોતાના ગુમ થયેલા સૌભાગ્યને મેળવી શકી અસ્તુ."



સપ્તદશ પરિચ્છેદ.

ઉગ્ર તપ.

भोगा न भुक्ता वयमेवभुक्ता। दानं न दत्तं वयमेव दत्ताः।
कालो न यातो वयमेव याता स्तृष्णानजीर्णा वयमेव जीर्णाः॥

ભોગ ભોગવ્યા નહિ, પરંતુ અમેજ ભોગ થયા, દાન દેવાયું નહિ પણ અમેજ દેવાયા, વખત ગયો નહિ પરંતુ અમેજ ગયા, અને તૃષ્ણા જીર્ણ થઇ નહિ કિન્તુ અમેજ જીર્ણ થયા.

આ મારૂં અને આ પારકું, અથવા અહંતા અને મમતા તુચ્છ ચિત્તવાળાનીજ હોય છે, પરંતુ **उदार चारितानां तु वसुधैव कुटुम्बकम् ।**

ઘટિકા ગઇ, ઘટિકા જતાં દિવસો ગયા, અને દિવસો જતાં માસ અને માસ જતાં વર્ષો ગયા કિન્તુ સતિ દેવમતીના સુખની ગએલી ઘડી પુનઃ પાછી નજ આવી. પરમાત્મન્! જ્ઞાનીજનો ત્હને ન્યાયી કહે છે, દયાનો સાગર લેખે છે, દીનનો બેલી માને છે તે અસત્ય તો હોયજ નહિ પરંતુ સત્યજ. ઘણાં કષ્ટો પીડિત જીવાત્માઓનાં કષ્ટોને તેં કાપ્યાં અમોએ સાંભળ્યા છે. અસંખ્ય દીનોને તેં સહાય કીધેલી અમોએ જાણી છે, માટે તારા વિષે શાસ્ત્રો જે પોકારી કહે છે તે ખોટું તો નહિજ. ત્યારે આજે અમોને સરિતાનો વેગ ઉલટો કેમ જણાય છે? પૂર્વનો ભાણુ આજે પશ્ચિમે કેમ જોઇએ છીએ? નેવનાં પાણી મોભે ચડેલાં અમો આજે કેમ અનુભવીએ છીએ? વિરાગી, અરે કે જેને સંસાર ઉપર તિરસ્કાર છે, સુખ વિલાસને

ઝેર માન્યાં છે, છતાં જો તેને સંસારની માયાની જાળમાં ગુંથાયલો જોઇએ તો તે વિરાગી શાનો ? સરિતા કે સરવર પરથી જો તૃષાતુર પ્રાણીઓની તૃષા શાંત ન થાય તો પછી તેને સરિતા કે સરવર કોણ કહેશે ? રોગીનો પ્રાણ જો ઔષધજ હણશે તો તે ઔષધનો ભાવ કોણ પૂછશે ? પિતા, અરે ઓ દયાળુ પિતા, જો તું તારા શિશુપર અનુગ્રહ નહિ કરે, તેની દાઝ ત્હારા હૃદયમાં નહિ લાવે તો પછી તું પીતા શાનો ?

ડગલે ને પગલે પતિનો જાપ જપતી, પતિનુંજ ચિન્તવન, પતિનોજ મહિમા, પતિનાજ ગુણાનુગાન કરતી ઋષિ શશંકના હાથે પતિ વિયોગી સતિ દેવમતીનું જીવન આજે બે વર્ષથી ઝેર થયું છે. સંસારથી વિરક્ત થયેલી સતિ ગમે તેમ જીવન વ્યતીત કરે છે, આજે આ વિજયનગરના પવિત્ર તપોવનના એક વૃક્ષ નીચે સમાધિષ્ટ છે. એક અઠવાડીયાથી અન્નનો ત્યાગ કરી બેઠી છે. હૃદયમાં પતિના સ્મરણનો પ્રવાહ પૂર વેગે વહે છે. એક વખત પૂર્વે જે પ્રાસાદમાં રમણ કરનારી પ્રેમદા આજે અરણ્યમાં એક વૃક્ષનો આશ્રય લઇને રહેલી છે. નવનવીન અલંકારોને સજનારી દેવમતીએ આજે શરીર ઉપર એક વલ્કલ ધારણ કર્યું છે. નવનિધ ભોજન જમનારી મુગ્ધાએ આજે કેટલાક દિવસો થયાં ભૂખી રહી શરીર પિંજરવત્ કરી નાંખ્યું છે. ગમે તેવા બ્રહ્મચારીના અડગ વ્રતને પળમાં ચલિત કરી નાંખનાર માંસલ અવયવો આજે ત્વચા અને અસ્થિજ માત્ર રહ્યા છે. ગ્રીષ્મ ઋતુના ઉગ્ર તાપથી શુષ્ક થયેલી પંકજથી ભરેલી સરિતા જેવો ભાસ આપે છે. દેવમતી, આ શાનો પ્રભાવ ? શું ઋષિ શશંકના શાપનો ? ના, ના, ઋષી શશંક શું કરે ? તે તો નિમિત્તજ છે. સુખી કે દુઃખી થવું તે જીવાત્માની કરણીને આધારે છે. સતિ દેવમતી, અત્યારે તું જે સ્થિતિમાં છે તે

સ્થિતિનું કારણભૂત અન્ય નહિ, કિન્તુ તારૂં ભાગ્ય!!! ભાગ્યને આધીન પ્રાણી રંકમાંથી શ્રીમંત થાય છે. ઘેર ઘેર માગનારો યાચક અવનીપતિ થાય છે. સકળ જનોનો દાસ સર્વાધિષ્ઠા બને છે. અને તેજ ભાગ્યને આધીન થયેલ પ્રાણી કોટિ લક્ષ્મી ભંડારોનો માલિક ઘેર યાચક થઇ ભટકે છે, ઘણાઓની શુશ્રૂષા કરે છે, કઇકોનો દાસ .થાય છે. સતિ, કહે અયોધ્યાપતિ હરિશ્ચંદ્રને નીચને ઘેર પાણી ભરાવનાર ઋષિ વિશ્વામિત્ર શું હરિશ્ચંદ્રના દુશ્મન હતા? રાજા રામચંદ્રને વનવાસ અપાવનાર કૈકેયીને રામ ઉપર શું વૈર હતું? પાંડવોના દુઃખનું કારણ શું દુર્યોધન છે? પ્રલ્હાદ, ધ્રુવ, અંબરિષ વગેરેની કસોટીને અવલોકન કર તો શું પ્રલ્હાદના અરિ હિરણ્યકશિપુ, ધ્રુવને તેની અપરમાતા? અને નરસિંહ મહેતાને શું તેના પિત્રાઇઓ દુશ્મન-રૂપ હતા? મારા મત પ્રમાણે તેમ માનવાને સબળ કારણો નથી. તેઓ તો માત્ર નિમિત્તજ હતા. જો તેઓ નિમિત્ત ન હોય તો એ સકળ વિજયપાત્ર થયા, કોઇને પ્રભુ મળ્યા, અને કોઇ આ ભવસાગરમાંથી તરી દેવને દુર્લભ મોક્ષ પદવીને પામ્યા તેનું કારણ તું તેઓને કાં લેખતો નથી? ગમે તેમ, પણ દીર્ઘ દૃષ્ટિ કરતાં જણાશે કે અંતિમ શ્રેયાસ્પદ છે. ઉંચામાં ઉંચા શિખર પર ચડાવનાર માત્ર કસોટી છે, કસોટી એક કટ્ટા દુશ્મનની ગરજ સારે છે- પ્રથમેવ કટુ ઔષધ મુખને કડવું ઝેર કરી નાખે છે. પરંતુ તેના શુભ ફળ રૂપે જીવલેણ રોગનું ઉચ્છેદન થાય છે. શેરડીના દુશ્મન રૂપી સકંચામાં પિલાતી ઇક્ષુ વધુ અને વધુ મિઠાશ આપે છે. ચંદનના અરિરૂપી વહ્નિમાં દહન થતાં ચંદન જેમ અધિકાધિક પરિમળ આપે જાય છે, અગ્નિમાં તાવતાં શુદ્ધ સુવર્ણ પોતાના ખરા સ્વરૂપનું દર્શન આપે છે તેમ યશની ઇચ્છાવાળા, ઉન્નતિની આકાંક્ષાવાળા મનુષ્યે પોતાના માટે એક એવા પ્રબળ અરિની

ઇચ્છા રાખવી કે જે અરિના હૃદયમાં પોતાને માટે દયાનું એકપણ ટીપું હોય નહિ. દેવી ! શશંકને ત્હારી નજરમાં તારો અરી લેખીશ નહિ, કિન્તુ ત્હારા ખરા હિતસ્વી તરીકેજ માનજે. કેમકે ત્હેના પ્રતાપે ત્હેં કેટલાએ અધમાત્માઓનાં ઝેર થયેલાં જીવનમાં બોધરૂપી અમૃત રેડી તેઓનાં જીવન સફળ કર્યાં છે. તું ખુણે ખાંચરે પડી રહેનારી એક પામર સ્ત્રી જગબત્રીસિએ સતિ મનાઇ છે, માનવમાંથી દેવી બની છે. અત્યારે તું જે આ ઉગ્ર તપમાં આરૂઢ છે અને સુરલોકને ડોલાવવા શક્તિમાન છે તે શશંકના ગર્વને ઉતારી, શ્વાનગતિ પામનારા તારા પતિ સ્નેહચંદ્ર સહ સુરલોકમાં દેવોની સંજ્ઞામાં લેખાઇશ તે સકળ પ્રતાપ અન્યનો નહિ, કિન્તુ ઋષી શશંકનોજ છે.

સતિત્વનો પ્રભાવ શું નથી કરી શકતો ? સતિત્વનો પ્રભાવ બ્રહ્માંડ ડોલાવી શકે છે. સતિત્વનો પ્રભાવ પ્રભુની કૃપાદષ્ટીને પામી શકે છે. સતિત્વનો પ્રભાવ ઇચ્છાનુસાર કરી શકે છે. સતિત્વનો પ્રભાવ સર્વોપરિ સત્તા મેળવી શકે છે. સતિત્વનો પ્રભાવ ઇહ લોક અને પરલોકમાં અમર નામના મેળવી શકે છે. આજે સતિત્વનો પ્રભાવ પૂર્ણ વેગમાં છે. પતિનો જાપ જપતી સતિ પોતાના સતિત્વના પ્રભાવ સ્વર્ગને ડોલાવે છે. વ્યોમમાં ભયભીત થતાં સતિ ઇન્દ્રાણી દીન વચને સુરલોકપતિ ઇન્દ્રની પાસે ઓશિંગણુ માગે છે. સ્વર્ગાધીશ પણ પોતાનું ઇન્દ્રાસન ડોલતાં સ્વર્ગની સત્તા પોતાના હાથમાંથી જશે કે કેમ તે બાબત વિચારગ્રસ્ત થઇ ચિંતા કરે છે. તપાસ કરતાં માલુમ પડયું કે અવની ઉપર કોઇ સતિના ઉગ્ર તપનો આ પ્રભાવ છે. સુરલોકપતિ દેવગણોને બોલાવી વૃતમાંથી ચલિત કરવા તેમને સતિ દેવમતિની પાસે મોકલે છે.

અષ્ટાદશ પરિચ્છેદ.

કસોટી.

તપમાં આરૂઢ થયેલી સતિની આગળ આ સ્વર્ગગણોએ આવી નીચેની વાક્પટુતાનો પ્રારંભ કર્યો:—

"વિજયશાળી, પુણ્યશાળી, મુગ્ધા, જાગૃત થા. અમો તને વરદાન આપી સુખી કરવા તારી પાસે આવ્યા છીએ."

ઉક્ત વાક્ય શ્રવણ કરતાં સતિના હૃદયપર વિજળીના ચમકારા જેવા વેગની અસર થઇ. સતિએ ધીમે ધીમે બંધ કરેલાં નેત્ર ખુલ્લાં કર્યાં અને આ નવિન આવેલ વ્યક્તિ પર દૃષ્ટિ તાકતાં મંદ સ્વરે ઉચરી:—

"મ્હને સુખી કરનાર તમો કોણ છો? કયા વંશ જાયા છો?"

"અમો સુરલોકપતિના અનુચર દેવાંશીઓ છીએ. અમો અમારી ઇચ્છાનુંસાર ગમે તે લોકમાં વિચરી શકીએ છીએ. યોગધારિણી યોગિની, અમો તારા તપના પ્રભાવે તારા ઉપર ખુશ થયા છીએ. માગ, ઇચ્છાનુસાર વરદાન માગ. અમો તારી ઇચ્છા પરિપૂર્ણ કરવાને શક્તિમાન છીએ." દેવોએ લાલચ આપતાં કહ્યું.

"મારી ઇચ્છિા પરિપૂર્ણ કરવાને શું આપ શક્તિ ધરાવો છો? ઘણાજ આનંદની વાત. પ્રથમેવ જણાવશો કે આપ મ્હારી હાંસી તો નથી કરતા? આપ જે બોલો છો તે પાળવાને આપનું અંતર સાક્ષી આપે છે કે? મારી ગમે તેવી અઘટિત યા નહિ માની શકાય તેવી માગણી આપ પૂર્ણ કરશો તેવું આપનું હૃદય પ્રતિતિ આપે છે શું? બોલો તે વિચાર કરીનેજ બોલજો, વચનને મુખની ખાલી વાત લેખશો નહિ. હૃદયમાં હિમ્મત હોય, શ્રદ્ધા હોય, ભાવના હોય, તોજ

મને આશા આપજો, વચન હારશો તો તમો તમારા ધર્મને હારશો. વચન ગયું તો તમારૂં નૂર, તમારૂં તેજ, તમારૂં સત્ય અને તમારૂં કલ્યાણ ગયું તે તમો નિશ્ચે માનજો. બોલો શું પ્રત્યુત્તર આપો છો ?" સતિએ નમ્રભાવે કહ્યું.

"અમો તારી ઇચ્છાનુસાર, ધન માગીશ તો ધન, સત્તા માગીશ તો સત્તા, અને સુખ વૈભવ માગીશ તો તે પણ આપીશું. અમારૂં બોલવું સત્ય માની અમારા ઉપર વિશ્વાસ રાખી શ્રદ્ધાપૂર્વક તારા સુખનું સાધન માગી લે." દેવોએ પોતાની સત્તાનું અવલોકન કરાવતાં કહ્યું.

"અફસોસ." સતિએ દિલગીરી દર્શાવી.

"અફસોસ, સતિ શાને માટે ? એવો કોણ અભાગી હોય કે પર્ણકુટીમાંથી પ્રાસાદમાં વસવાની ઇચ્છા ન કરે ? એવો કોણ હૈયાફૂટો હોય કે શુષ્ક ઢેબરાંની ઇચ્છા કરી નવનિધ ભોજનને તિરસ્કારે ?" દેવોએ લાલચ આપતાં કહ્યું.

"કોઇ નહિ, માત્ર હુંજ. કેમકે મને સુખની ઇચ્છા નથી ? લક્ષ્મીની પરવા નથી, વૈભવની મરજી નથી. હુંજ અભાગી ઉક્ત સકળનો ત્યાગ કરી બુરી હાલતની ઇચ્છા કરૂં." સતિએ નિરાશાજનક વાણીથી કહ્યું.

"શાને માટે ? એનાથી અધિક કયા સુખને માટે તું આ તારી દુ:ખી હાલતમાંજ રહેવા માગે છે !" દેવોએ પ્રશ્ન કર્યો.

"નથી જાણતા ? કહો, લક્ષ્મી, વૈભવ, અરે જેના પ્રતાપે આપ "મને સુખી કરવા આવ્યા છો, કહો શું હું તેથી સુખી થઇશ ? નહિ, "અરે ઓ સ્વર્ગના દેવો, નહિ. જો લક્ષ્મીથીજ સુખી થવાતું હોય તો "યોગીજનો તેનો અસ્વિકાર શાને માટે કરે ? અરે, જો પ્રાસાદ અને

"વૈભવોજ જીવાત્માની શાન્તિનું કારણ હોય તો જ્ઞાનીજનો તેમાંથી
"વિરક્ત શાને માટે રહે ? દેવેશ, આપ મ્હને શું સ્હમજાવો છો ?
"લક્ષ્મી, અરે ઘેરેઘેર ભટકનારી વારાંગના લક્ષ્મીને શું આપ નથી
"ઓળખતા ? આપો, માત્ર એકજ ઉદાહરણ આપો કે તે લક્ષ્મી કોની
"થઇ, કોની સાથે ગઇ ? મહાલયોમાં વસનાર, મનોહારક ઉદ્યાનોમાં
"આનંદ કરનાર, સત્તા ચલાવનાર સત્તાધીશો, લાખ લખેશ્રી ધનવાનો,
"અરે અવનિપતિઓમાંનો એક તો બતાવો કે જેણે કાળને જીત્યો છે,
"આ ભવસાગરના અગાધ પ્રવાહમાંથી તેનાથી તે બચ્યો છે ? અરે,
"લક્ષચોરાશી જન્મ મરણના ફેરાથી તે ટળ્યો છે. લક્ષ્મી ભંડારમાં,
"વૈભવ વૈભવને ઠેકાણે, પ્રાસાદ પ્રાસાદને ઠેકાણે એમને એમ રહી ખાલી
"હાથે આવ્યો પ્રાણી ખાલી હાથે ચાલી ગયો સ્વપ્નવત્ થઈ ગયો છે.
"બોલો શું તેથી મને સુખી કરી શકો તેમ છે ? મારા હૃદયમાં પ્રગ-
"ટતા વન્હિને ઠારી શકો તેમ છે ? નહિજ. તમો મને જે લાલચ
"આપો છો તે લાલચથી મને સુખ મળે તેમ નથી; અને તેની મને
"ઇચ્છા નથી. જો તમારામાં મારી ઇચ્છા પરિપૂર્ણ કરવાની શક્તિ ન
"હોય તો તમો અદૃશ્ય થાઓ. મારા કાર્યમાં કંટકભૂત ન બનો."
સતિએ પૂરી સમજણ આપી.

તમોને લક્ષ્મીની મરજી તથા પદ્વીની પરવા નથી, અને વૈભ-
વની ગરજ નથી તો તમો શાથી સુખી થશો તે જણાવશો ?' દેવોએ પૂછ્યું.

" લક્ષ્મીના મદમાં ભાન ભૂલેલા ધનવાનો પોતે ભલે મનથી
"ફુલાય, પોતાના મહાલય—વૈભવથી ભલે ફુલાય, પોતે સુખી થયેલા
"સમજી ભલે મલકાય, કિન્તુ તેઓ તેથી ખરા સુખી નથી. તેઓનું
"સુખ ચાર દિનની ચાંદરણી છે પરંતુ અંતે તો અંધારી રાત છે, ખરા
"સુખી તો એ છે કે જેના હૃદયમાં ધર્મનું અભિમાન છે, સત્યનું ગૌરવ

"છે, પરોપકાર નિજનું વ્રત છે. જેનું ધ્યાન પ્રભુના ગુણાનુગાનમાં "રચ્યું પચ્યું છે. જેણે કામને જીત્યો છે; ક્રોધને હંફાવ્યો છે, લોભને "ધુતકાર્યો છે, મોહને માર્યો છે, માયાને વિદારી છે, મદને વિસાર્યો છે, "તેઓજ આ માયાવી સંસારમાં ખરા સુખી છે. તેઓનોજ જન્મ સફળ "છે. તેઓજ જન્મ મરણના લક્ષચોર્યાશી ફેરાથી બચે છે, તેઓજ "મોક્ષ પદવીને પામે છે." સતિએ ધર્મ દાખવતાં કહ્યું.

ત્યારે શું તમોને મોક્ષની ઇચ્છા છે?" દેવોએ કહ્યું.

મોક્ષ? અરે અમૃતનું પાન કરવાની કોને લાલસા ન હોય? સ્વર્ગમાં વસવાની કોને ઇચ્છા ન હોય?" સતિએ કહ્યું.

"તમોને સ્વર્ગમાં વસવું હોય તો અમો તમોને સ્વર્ગમાં લઇ જઇએ. તમોને અમૃત પાન કરવાની ઇચ્છા હોય તો અમૃત પાન કરાવીએ" દેવોએ લાલચ આપી કહ્યું.

"અમૃત પાન? શું તમો મને અમૃત પાન કરાવશો? સ્વર્ગ! "શું તમો મને સ્વર્ગનું સુખ અપાવશો? તો પ્રથમેવ મને અમૃત "પાન કરાવો કે જે અમૃત પાન મારા નાથનું મારા સ્વામિનું ચરણોદક "છે. એજ મારૂં અમૃત મારા સ્વામિના દેદાર રૂપી સ્વર્ગીય મૂર્તીનું દર્શન "કરાવો જે મને સ્વર્ગનાં સુખ કરતાં અધિક સુખ આપશે. મારા પ્રીતમનું "ચરણોદક અમૃત કરતાં પણ અધિક મિષ્ટ લાગશે." સતિએ ખરી "માગણી કરી."

"સમજ્યા, સતિ, તમારા હૃદયનો ભાવ અમે પરિપૂર્ણ સમજ્યા. "તમો તમારા પતિ વિના તલસાઓ છો? તમોએ તમારા પતિને માટેજ "આ ઉગ્ર તપ આરંભ્યું છે. પણ જો તમારી ઇચ્છા હોય તો તમારા "પતિ કરતાં અધિક રૂપાળો, ગુણી, રિદ્ધિ-સિદ્ધીવાળો અમો તમોને "સ્વર્ગનો ગંધર્વ પરણાવીએ તો પછી કેમ?" દેવો વધુ કસોટી પર ઉતર્યા.

" ખબરદાર, જો એવી અઘટિત વાણી ઉચ્ચર્યા તો. મારા નાથનું
"અહિત પુનઃ તમારી જીવ્હા ઉપર લાવશો નહિ. મારી લાગણી દુભ-
"વશો નહિ. આપને વિનંતિ કરી કહું છું કે મારે તમારૂં આપ્યું સુખ
"જોઇતું નથી, તમો અદૃશ્ય થાઓ, નહિ તો તમોને શાપ આપીશ."
સતિએ ક્રોધ કર્યો.

" ક્ષંતવ્ય, સતિ, અમારા ઉપર કોપ નહિ કરશો. અમે તો
"ચીઠ્ઠીના ચાકર, દેવેશ ઇન્દ્રના દાસ તેમની આજ્ઞાનુસાર અમો વર્ત્યા
"છીએ." અનુચરોએ સતિના ભયને લીધે સત્ય વાત પ્રગટ કરી.

" શું તમો દેવેશ ઇન્દ્રના અનુચર છો ? તેઓના મોકલેલા
"દૂત અત્રે પધાર્યા છો ?" સતિએ પ્રશ્ન કર્યો.

ઉભયે કરજોડી હા કહી.

" ઓ સુરપતિ ઇન્દ્ર શાને માટે આવું વિપરીત આચરણ ? મરે-
"લીને મારવામાં, ડૂબતીને ડુબાવવામાં, અરે અંધને કુપમાં ધકેલવામાં ?
"સત્તાધીશ સ્વર્ગપતિ તમને શું લાભ ? ઓ સૂરપતિ મેં એવો તારો શું
"અઘોર અપરાધ કર્યો છે કે મારી આ અધમ સ્થિતિમાં મ્હારી હાંસી
"કરવાનું તને મન થયું ? વિભુ ! હવે ઘણી થઇ, હદ થઇ, દયા કરો,
"દયા કરો, દેવેશ, હું જીવતાં મરી ગઇ. ઉક્ત કરૂણ રવ ઉચરતાંજ
"સતિ ધરાપર પછડાઈ ત્યાં તો એક કૌતક થયું. આ સ્થાન પલટાઇ
ગયું. તપોવનમાં સ્વર્ગરૂપમાં ફેરવાઇ ગયું. ઇન્દ્ર ઇન્દ્રાણી ઇન્દ્રાસનપર
દ્રષ્ટિએ પડયાં. સ્વર્ગની અપ્સરાઓ નૃત્ય કરતી જણાઇ. દેવો તેમજ
ગાંધર્વોની અપાર મેદની દ્રષ્ટિભૂત થઇ.

એકોનવિંશ પરિચ્છેદ.

ન્યાય.

यस्मिन्यथा वर्ततेयो मनुष्यास्तस्मिंस्तथावर्तितव्यं सधर्मः*
मायाचारो मायावार्तितव्यः साध्वाचारः साधुना प्रत्युपेयाः॥

જેને વિષે જે મનુષ્ય જેવી રીતે વર્તે તેણે તે મનુષ્ય પ્રત્યે તેવી રીતે વર્તવું એ ધર્મ છે. માટે કપટી સાથે કપટથી ને સરળ સાથે સરળતાથી વર્તવું.

ધરાપર પડેલી સતિનો સતિ ઇન્દ્રાણીએ કર પકડયો, અને ભાવનામય વાણી બોલતાં તેને ઉભી કરી અને ઇચ્છીત વરદાન માગવાને જણાવ્યું.

સતિ ઇન્દ્રાણીને ભેટી પડી. ચક્ષુઓમાંથી આંસુ નીકળવા માંડયાં. છાતી ભરાઈ આવી અને જેમ જનેતા આગળ દીકરી દુઃખ વિરક્ત કરે તેમ સતિ દેવમતી માતા ઇન્દ્રાણી આગળ પોતાનું દુઃખ વિદીત કરતાં બોલ્યાંઃ—

" માતા, આપ મને શું માગવાનું જણાવો છો ? સ્ત્રીઓનાં હૃદય સ્ત્રીઓજ જાણી શકે છે. આપ સ્વર્ગનાં અધિષ્ઠાતા છો, દેવેશ છો, આપ અગમ નિગમ જાણી શકો છો તો હું ક્ષુદ્ર સ્ત્રીના દુઃખનું કારણ શું આપ નથી પારખી શકતાં ? આજે બબ્બે વર્ષ થયાં હું મારા સ્વામિને માટે તલસાઉં છું. શશાંકના શાપના ભોગે મારૂં જીવન ઝેર થયું છે. તેના શાપના પ્રતાપે મારા સ્વામિની શ્વાનગતિ થઇ છે, અરે, તેથી નહિ ધરાતાં ઋષિએ આજ બબ્બે વર્ષ થયાં મારા પ્રાણના દેદાર

અદૃશ્ય કર્યાં છે. દયા કરી મને મારા નાથનાં દર્શન કરાવો. મને મારા પ્રાણુથી સમાગમ કરાવો." સતિએ સ્વામિની માગણી કરી.

"શું આ કષ્ટ, આ ઉપાધિનો પ્રતાપ ઋષિ શશંકનો છે? જાઓ રે, જાઓ, કોઇ ઋષિ શશંકને સત્વર તેડી લાવો. સતિ ઇન્દ્રાણીએ શશંકને તેડી લાવવા અનુચર મોકલ્યો, અને દેવમતિને કહ્યું, "બેટા, શાંત થા, હું તને ત્હારા શ્વાન પતિનાં દર્શન કરાવું છું." દેવી ઇન્દ્રાણીએ દેવેશ ઇન્દ્રની પાસે યાચના કરતાં કહ્યું, "સ્વામિન્, હું આ પતિ પરાયણ સતિને સર્વ વાતે સુખી કરવા માગું છું, એટલુંજ નહિ, કિન્તુ તેને સ્વર્ગના દેવોમાં અગ્રસ્થાન આપવાને ધારૂં છું.

દેવીની ઉક્ત વાણી શ્રવણ કરીને દેવેશ ઇન્દ્રરાજે "તથાસ્તુ" કહી દેવીની માગણીને માન આપ્યું. તેટલામાં શશંકને તેડવા ગયેલ અનુચર ઋષિ શશંકને તેડી આવ્યો. ઋષિ શશંકને જોતાં ઇન્દ્રરાજે તેના પ્રતિ પ્રશ્ન કર્યો:—

"યોગી, હું તને પૂછું તેનો પ્રત્યુત્તર સત્ય આપજે. અસત્ય બોલીશ નહિ. જાણે છે કે આ ન્યાયાસન છે. અહીં કોઇનો પક્ષાપક્ષ ચાલે તેમ નથી. કહે, આ તારી સાનિધ્ય ઉભી રહેલી સ્ત્રીને તું ઓળખે છે?"

શશંકે સતિ દેવમતી તરફ દૃષ્ટિ કરી અને કોઇ વખત જોએલી હોય તેવો વિચાર કરતાં ખરૂં યાદ આવવાથી તેણે "હા" કહ્યું.

"હાજી, તે મારી અપરાધિની છે." શશંકે કહ્યું.

"શાથી?" ઇન્દ્રરાજે પ્રશ્ન કર્યો.

"સંસારનો ધર્મ અતિથિ સત્કારનો નથી? આજે બે વર્ષ પૂર્વે હું આ સ્ત્રીને ઘેર અતિથીરૂપે ગયો ત્યારે તે તેના સ્વામિની સેવામાં ગુંથાએલી હતી. મને જોતાં તેણે આસન આપ્યું. બેસાડતાં કહ્યું,

કે હમણાં બેસો, હું મારા સ્વામિની સેવામાં છું. સેવા પૂર્ણ થતાં હું આપનો આતિથ્ય સત્કાર કરૂં છું.”

“પછી”? ઇન્દ્રરાજે વચમાં પ્રશ્ન કર્યો.

“આ વાકય મને કર્ણગોચર થતાં મનમાં ક્રોધ ઉપજ્યો. વધુ પરપુછ થતાં તેના મુખથી સંભળાયું કે સ્ત્રીનો મુખ્ય ધર્મ પતિવ્રતાનો છે, પતિજ તેનું દૈવત, તેનું તન, મન, ધન અને દેવ છે. પરંતુ તે વાત મને રૂચિ નહિ. મારૂં માનવું છે કે આપ જેવા સુરલોક પતિનાં દર્શન થયાં તે તપનોજ પ્રભાવ છે. પતિવ્રતને નીચું નમાવવા મેં તેના પતિની શ્વાન ગતિ કરી, તે શ્વાનને મેં પાસે રાખ્યો છે.” શશંકે સત્ય હતું તે કહી દીધું.

“કયાં છે? તે શ્વાનને અહીં રજુ કર.” ઇન્દ્રરાજે આજ્ઞા કરી.

શશંકે જે ઠેકાણે શ્વાન હતો તે સ્થાન બતાવ્યું, અને ઇન્દ્રરાજની અનુજ્ઞાએ અનુચરો તેને લેવા ગયા. શશંકની ઉક્ત વાણી શ્રવણ કરી ઇન્દ્રરાજે તેને નીચે પ્રમાણે ન્યાય આપ્યો:—

“યોગી, અરે એ યોગમાં મસ્તાન રહેનાર યોગેશ્વર, તમોને સંસાર વ્યવહારનું ભાન નથી. તમો સંસારી જનોને અનુસરવાના શાસ્ત્રો જાણતા નથી. સત્તા, અરે જેની પરમાત્માની કૃપા પ્રસાદી સત્તા, તમોને તમારા તપના યોગે પ્રાપ્ત થયેલી સત્તાનો તમોએ આવો ગેરઉપયોગ કર્યો? પ્રભુએ તમોને મોટાઇના સ્થાનની બક્ષિશ કરી તે શાને માટે? આમ ગરીબોને રંજાડવા? અરે ગરીબોને મારવા? નહિજ, તે સત્તા ગરીબો ઉપર અનુગ્રહ કરવા, અજ્ઞાની જનોને ભવકૂપે પડતાં બચાવવા, તેઓના હિતાર્થે તે સત્તા આપવામાં આવેલી છે. અરે તમોએ તેનો ગેરઉપયોગ કર્યો છે.

સત્કર્મનું ફળ તે એક સત્તા છે. અને તે ફળરૂપી સત્તા તમોએ પ્રાપ્ત કરી છે અને તમોએ તમારી અજ્ઞાનતાના પ્રતાપે એક આવી નિર્દોષ બાલિકાપર અત્યાચાર ગુજાર્યો છે, જા ક્રોધી, ક્રોધ ચમારથી ભ્રષ્ટ થયેલા પાપાત્મન્, જા, હું તને શાપ આપું છું કે એક કલ્પ પૃથ્વી ઉપર પાષાણ થઈ પડ."

દેવેશ ઇન્દ્રના મુખમાંથી તે શબ્દ નીકળતાંની સાથે એક મહાન ભડકો થયો અને વિંધ્યાચળ નામના પર્વતની તળેટીમાં શશાંક પાષાણ થઇને પડયો.



વિશંદશ પરિચ્છેદ.

સતિ દેવમતી દેવાંગના.

ઋષિ શશાંકે બતાવેલા ઠેકાણેથી અનુચર શ્વાનને લાવ્યો. શ્વાનને જોતાં સતિ દેવમતી હર્ષઘેલી થઇ, ભેટી પડી. સકળ દેવગણો તે તરફ તદાકાર વૃત્તિએ જોઇ રહ્યા; અને ધન્યવાદ આપવા માંડયા. સતિની માગણી મુજબ ઇન્દ્રાણીએ શ્વાનને તેની અસલ સ્નેહચંદ્રની સ્થિતિમાં લાવી મુકયો, એટલુંજ નહિ, કિન્તુ સતિના સતિત્વથી દેવમતીને દેવાંગના કરી, સ્નેહચંદ્રને ગાંધર્વ સ્વરૂપે ફેરવી નાખ્યો. રૂપ ગુણ સાથે રિદ્ધી સિદ્ધી આપી, દંપતિને સ્વર્ગમાં સ્થાન આપી દેવગણમાં સ્થાપ્યાં.

ધન્ય છે સતિને કે જે પોતાના સતિત્વના પ્રતાપે પતિસહ દેવોના સ્થાનને પ્રાપ્ત થઈ.

" અસ્તુ. "

સ્ત્રીની ધર્મગીતા.

સપ્તપદી.

(શાસ્ત્રીય ગ્રંથો આધારે.)

नोदेकन न वा वाचा कन्याया पतिरिष्यते ।
पाणिग्राहण संस्कारात् पतित्वं सप्तमेपदे ॥

ભાવાર્થ, કેવળ જળ આપવાથી, કિંવા વાક્યોચ્ચારથી કન્યાને પરણનાર પુરૂષ (વર) પતિ કહેવાતો નથી પરંતુ જ્યારે **पाणिग्रहण** સપ્તપદીનું પુજન થાય ત્યાર પછી તેને પતિ કહેવાય છે. **अथप्नां उदीचीं सप्तपदानि ॥**

पतिनी प्रतिज्ञाः-

૧ **प्रक्रामति** પ્રાજાપત્ય હોમ થવા પછી પરણનારી કન્યાને ઉત્તર દિશામાં ઉભી રાખી દરેક ઢગલી જમણા પગવતી સ્પર્શ કરાવે છે તેમાં પ્રથમ પગલે વર પોતાની સ્ત્રી પ્રત્યે બોલે છે કે-

૨ **एकमिषे विष्णुस्त्वामयतु** હે સખિ, આ ભૂર્લોકમાં સમસ્ત સૌભાગ્ય મેળવવા માટે અને મારા ઘરનાં વસ્ત્ર, ઘરબાર સંરક્ષણ હિતાર્થે તું મારા ગ્રહની અધિષ્ટાતા (ગૃહિણી) થા.

૩ **द्वउर्जे विष्णुस्त्वानयतु** હે સખિ, ભૂર્લોક તથા ભૂવર્લોક ના સ્થાનમાં બળવાન કરવા માટે પરમાત્મા સહાય થાઓ કારણકે તારા બળથી મારા બળની વૃદ્ધિ થશે.

૪ **त्रीणिरायस्याषाय** હે સખિ, ચોથું જે મહર્લોકનું સુખ

અને ત્રણુલોક ભૂર્લોક વિગેરે તેમાં સુખરૂપ રહેવા માટે તું મારા ગૃહ-ની અધ્યક્ષ થા.

૫ **पंचपशुभ्यो** હે સખી, ભુર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહ-ર્લોક, અને જન લોક આ પાંચ લોકનાં સ્થાનમાં પરમાત્મા તને પ્રાપ્ત કરે જેથી ગૃહનાં પશુઓની સંભાળ રાખવામાં તું સમર્થ થાય.

षद् ऋतुभ्यो હે સખિ, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, અને તપોલોકનાં સ્થાનમાં ૬ ઋતુનું સુખ તારી સાથે પ્રાપ્ત થાઓ.

૭ **सखे सप्तपदाभव** હે સખી ઉપરના કહેલા ૬ લોક અને સાતમા સત્ય લોકમાં પણ મારી સાથે સુખ ભોગવનારી થા.

पत्नीनी प्रतिज्ञाः-

त्वत्तोमेऽखिल सौभाग्यं पुण्यैस्त्वं विविधैः कृतै,
देवैः संपादितो मर्त्यं वधु राघे पदेऽब्रवीत्. १

હે પ્રાણનાથ આપનાથીજ આ સંસારમાં મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તથા અનેક પ્રકારના પુણ્ય કરવાથી તથા દેવતાઓની પ્રસ-ન્નતાથી તમારા જેવા પતિને હું પરણી છું.

कुटुम्बं पालविष्यामि ह्यावृद्ध ह्लालकादिकं,
यथालभ्येन संतुष्टा बुने कन्या द्वितीयके. २

હે પરમપ્રિય પતિ, આપના કુળના વૃદ્ધ પુરૂષોનાં વચન પાળી તેઓની આજ્ઞાને અનુસરી તેઓનું તથા બાળકોનું અને કુટુંબનું રક્ષણ કરીશ અને જે પ્રમાણે તમને દ્રવ્યાદિકની પ્રાપ્તિ થશે તેમાંજ હું સંતોષ રાખીશ. આપને ખોટું લાગે તેવું વચન હું કદી પણ બોલીશ નહિ.

मिष्टान्न व्यंजनादीनि कालेसंपादये तव,
आज्ञां संपादिना नित्यं तृतीये साब्रवीतवरं. ३

હે પૂજ્યપાદ સ્વામિન્, વખતોવખતની સારી ઉત્તમ સ્વાદિષ્ટ રસોઇ કરી તમને તથા તમારા કુટુમ્બને ભોજન કરાવીશ અને આપની સદૈવ આજ્ઞા પાળીશ.

शुचिःशृंगार भूषाहं वाङमनकाय कर्मभिः ।
क्रीडिष्यामि त्वयासार्धं तुरीयेसा वदेत वरम् ॥ ४

હે મસ્તકમણિ, હું સદૈવ સ્વચ્છ (પવિત્ર) પણે રહીશ; શૃંગાર ધારણ કરી મન, વાણી, તથા સત્કર્મ કરી તમને પ્રસન્ન કરીશ તથા આપનું શુભ ચિંતન કરીશ.

दुःखे धीरा सुखे हृष्टा सुख दुःख विभागिनी ।
नाहं परनरं गच्छे पंचमे साब्रवीत पतिम् ॥ ५

હે શિવ સ્વરૂપ, આપને કોઇ પણ પ્રકારનું દુઃખ આવી પડયું હોય તો તે વખતે હું તમને ધીરજ આપીશ. આપના સુખ પ્રાપ્તિ સમયે પ્રસન્ન થઇશ, આપના સુખે હું સુખ પામીશ અને આપના દુઃખે હું દુઃખી બનીશ. પરપુરૂષની હું કયારે પણ ઇચ્છા કરીશ નહિ.

होमयज्ञादि कार्येषु भवामि च सहाय कृत् ।
धर्मार्थ काम कार्येषु मनोवृत्तानुसारिणी ॥ ६
सर्वऽत्र साक्षिणत्वं मे पतिभूतोऽसि सांप्रतम् ।
देहोमयार्पितस्तुभ्यं सप्तमे साब्रवीत् वरम् ॥ ७

હે તરણ તારણ હે પ્રાણપતિ, યજ્ઞ વગેરે કાર્યમાં તથા દેવપૂજન નિમિત્ત ઉપયુક્ત સામગ્રી સર્વે તૈયાર રાખીશ. ધર્મ, અર્થ, તથા કામ આ ત્રણે પુરૂષાર્થમાં આપની આજ્ઞા પાળીશ. અગ્નિ, બ્રાહ્મણ, તથા સગાંવહાલાં સન્મુખ તમે મારા પતિ થયા છો અને મારો દેહ પણ મેં આપને અર્પણ કર્યો છે. હું સદા સર્વદા આપને આધીન રહીશ.

પત્ની એ કોણ ?

૧ પત્ની એટલે પતિની સહચારિણી.

૨ અલંકાર આદિ ઉપભોગ ચાહનારી દાસી. શરિરાદિ ભોગને ઇચ્છનારી વેશ્યા.

૩. પતિના સુખને ઇચ્છનારી પત્ની.

૪ પતિની ઉન્નતિ માટે આત્મભોગ આપનારી દાસી.

૫ ખરી પત્ની પતિના ગરીબ ઝુંપડાંને મા.ડાલય ગણી આનંદ માને છે.

૨ ખરી પત્ની ગરીબ પતિના સુકા ઢેબરાને મિષ્ટ ભોજન ગણી સંતોષ થાય છે.

૭ સતિનું શિયળ તેનો શણગાર છે.

૮ પતિ ચરણોદક સતિનું તિર્થ છે.

૯ લાજ તેનાં લંગર, સદાચાર તેની કુંચી, સંપ જંપ કપડાંની જોડ, નાકની નથ પતિનું નામ, પતિ સેવા મંગળ સુત્ર, ચતુરાઇ ચંદનકાર નિર્મળ મનમોહન માળા. જવ માદળીયારૂપી યશ. શુભ સૌભાગ્યરૂપ ચાંદલો, નમ્રભાવ રૂપી નાગફેણ, નીતિ અને ન્યાયરૂપી કંચુકી, મન રૂપી સુંદર સાડી, પગપાન રૂપી પ્રૌઢપણું.

૧૦ જે સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરી પોતાની ઇચ્છા પ્રમાણે જ્યાં ત્યાં ફરે છે જેથી અન્ય જન્મમાં તે સ્ત્રી ભુંડણના અવતારને પ્રાપ્ત થાય છે અથવા વલ્ગુલી થઇ કુતરાની વિષ્ટા ખાતી ફરે છે.

૧૧ જે સ્ત્રી પોતાના પ્રાણપતિને ઉત્તર આપતી વખતે શુદ્ર (ચુરલ) ભાષા અર્થાત્ તુંકારાથી બોલે છે તેવી સ્ત્રી બીજા જન્મમાં

મુંગી થાય છે તથા જે પોતાની શોકને પજવે છે તેવી સ્ત્રી બીજા જન્મમાં દુર્ભાગિની વિધવા થાય છે એટલે તેને કોઈ પણ સંસારનું સુખ મળતું નથી. (મનુસ્મૃતિ)

૧૨ જે સ્ત્રી પોતાના પતિની નજર ચુકવી દઇ દુર્વાસનાથી અન્ય પુરૂષ સન્મુખ જુવે છે તેવી સ્ત્રી બીજા જન્મમાં કાણી થાય છે તથા સ્વરૂપમાં બહુજ કુરૂપા એટલે શરીરાકૃતિ બહુજ ખરાબ–એ-ડોળ થાય છે. જાણે સાક્ષાત્ બાણાસુરની માતા કોટરાજ બીજી હોય તેવી જોવામાં આવે છે. (મનુસ્મૃતિ)

૧૩ સ્ત્રીઓને પોતાના પતિથી જુદા યજ્ઞનો કિંવા જુદા વ્રતનો અને જુદા અપવાસનો અધિકાર નથી. માત્ર પતિની સેવા થાય તે પ્રમાણે આચરણ કરવાથીજ સ્ત્રી સ્વર્ગમાં પણ પુજાય છે. જે સ્ત્રી પોતાના પતિથી ગુપ્ત રીતે કાર્ય કરે છે તે અવશ્ય પાપભોક્તા થાય છે.

૧૪ પતિની સાથે ઠગાઈ કરવી નહિ, પોતાના પ્રાણનાથની પ્રતિકૂળ વર્તનારી સ્ત્રીઓની આ સંસારમાં અપકીર્તિ થાય છે એટલુંજ નહિ પરંતુ તે અન્ય જન્મમાં પણ દુઃખને પ્રાપ્ત થાય છે.

૧૫ પોતાનો પતિ જે કંઇ વચન કહે તે સાંભળતાં જે સ્ત્રી તત્ક્ષણ સહન કરી શકે નહિ અને ક્રોધે ભરાઇને જો ઉતર આપે તે સ્ત્રી ગ્રામ મધ્યે કૂતરીના અવતારને પ્રાપ્ત થાય છે અને વનમાં જન્મે તો શિયાળના અવતારને પામે છે.

૧૬ જે સ્ત્રી પોતાના સ્વામિને છોડી દઇ તેના ન જાણતાં એકાંતમાં અથવા ગુપ્ત રીતે કાંઈ મીઠો પદાર્થ ખાય છે તો તે સ્ત્રીનો બીજા જન્મમાં (ઉલૂકી) એટલે ઘુવડ પક્ષિની સ્ત્રીનો અવતાર થાય છે અને દીવસનાં નહિ દેખાવાથી ઝાડના બાકામાં સૂઇ રહે છે જેથી અનાજ અને પાણી સિવાય મરણ પામે છે.

૧૭ પોતાના સ્વામિનાં વચનનો તિરસ્કાર કરી કોઇ પણ વ્રત અથવા ઉપવાસના નિયમો પાળે છે તેનાથી ધર્મની પ્રાપ્તી થતી નથી કિંતુ પોતાના પતિનું આવુષ્ય ઓછું થાય છે, અને પોતાને વ્રત કરવાથી સ્વર્ગ ન મળતાં નરકમાં જવું પડે છે.

रजस्वला स्त्री धर्म.

સ્ત્રીઓને એક એક મહિને ઋતુ પ્રાપ્ત થાય છે તે સમયે ત્રણ દિવસ ત્યાગ કરી ચોથે દિવસે શુદ્ધ સ્નાન કરી પોતાના ગ્રહ સંબંધી કાર્યમાં પ્રવિષ્ઠ થવું કેમકે ત્રણ દિવસ બ્રહ્મચર્ય પાલન કરી જ્યાં સુધી બરોબર રજો નિવૃત્તિ થઈ નથી ત્યાં સુધી યથાર્થ ધર્મ પાળવો; કારણકે ત્રણ દિવસ સુધી રજસ્વલા સ્ત્રીનું સ્વરૂપ નિચે પ્રમાણે છેઃ—

प्रथमेऽहनि चांडाली द्वितीये ब्रह्मघातिनी ।
तृतीये रजकी प्रोक्ता चतुर्थेहनिशुध्यति ॥

રજસ્વલા સ્ત્રીઓનું સ્વરૂપ પ્રથમ દિવસે ચાંડાલીની જેવું સમજવું, એટલે જેવી રીતે ચાંડાલને સ્પર્શ કરવામાં દોષ લાગે છે તેજ પ્રમાણે રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરવાથી દોષ લાગે છે, બીજે દિવસે બ્રહ્મહત્યા કરનારીના જેવું સમજવું, અને ત્રીજે દિવસે (रजकी) ધોબણના જેવું જાણવું, અને ચોથે દિવસે શુદ્ધ થાય છે માટે ત્યાં સુધી સ્પર્શ કરવો નહિ એવી ધર્મ શાસ્ત્રની પ્રબળ આજ્ઞા છે, જે નારી રજોદર્શન નિયમ પૂર્વક યથાર્થ રીતથી પાળે છે તે ગર્ભને ઉત્તમ પ્રકારે ધારણ કરી શકે છે કારણકે જ્યાં સુધી (લોહી) સ્રાવ બરાબર થતો નથી તથા સમય સમય રજોદર્શન પ્રાપ્ત થાય કે ત્વરિત નિમન્ન લિખિત પ્રમાણે નિયમ પૂર્વક આચરણ રાખવાં જોઇએ.

स्नानं शौच तथा गानं रोदनं हसनं तथा ।
यानं अभ्यंजनं नारी धुतं चैवानुं लेपनम् ॥

રજસ્વલા સ્ત્રીએ ત્રણ દિવસ સ્નાન કરવું નહિ તથા વધારે પવિત્રપણે ન રહેવું. પરંતુ મનમાં દુરાચારની ઇચ્છા રાખવી નહી, તેમજ દેવતાઓનાં તથા અન્ય ગીતો વિગેરે ગાવાં નહિં; ત્રણ દિવસ રૂદન કરવું (રડવું) નહિ; વિશેષ હસવું નહિં; ગાડીમાં તથા વાહનો પર બેસી બહારગામ જવું નહિં; તથા ત્રણ દિવસ સુધી આંખમાં મેસ નાંખવી નહિ; તેમજ ધુત (જુગાર) વિગેરે કોઇ પણ પ્રકારની રમત કરવી નહિ. અને શરીરે સુગંધી પદાર્થોનું મરદન કરવું નહિં.

वर्जयेच्च नमस्कारं देवतानां रजस्वला ।
रजस्वायाः संस्पर्श संभाषं च तयासह ॥

રજસ્વલા સ્ત્રીએ દેવતાઓનું પૂજન તથા તેને નમસ્કાર કરવો નહિ. રજસ્વલા સ્ત્રીનો કોઇએ સ્પર્શ કરવો નહિ; અને તેની સાથે કામ સિવાય અધિક ભાષણ કરવું નહિ.

दिवा स्वप्नं विशेषणं तथा वैद्रत धावनम् ।
मैथुनं मांनसंवापि वाचिकं देवतार्चनम् ॥

રજસ્વલા સ્ત્રીઓએ દિવસના શયન કરવું નહિ; ત્રણ દિવસ કાષ્ટથી દાતણ કરવું નહિ " વનસ્પતિ " દેવ રૂપ છે માટે તેનો સ્પર્શ કરવાથી પાપ લાગે છે. મૈથુનની ઇચ્છા પોતાના મનથી પણ કરવી નહિ, અને માનસિક વાચિક વિગેરે કર્મ કરવાં નહિ. જ્યાં સુધી સ્નાન કરીને શુદ્ધ થઇ નથી ત્યાં સુધી રજસ્વલા સ્ત્રીએ પોતાનું મુખ બનતાં સુધી કોઇને પણ પ્રદર્શિત કરવું નહિ; તેમજ વચન પણ કોઇને સંભળાવવું નહિ; વર્તમાન સમયમાં કેટલીક સ્ત્રીઓ

આ યથાર્થ નિયમને અનુસરતી નથી જેથીજ તેમને સંતાનોત્પત્તિ ત્વરિત થતી નથી એમ અનેક મહાત્માઓનું કથન છે.

स्नात्वान्यं पुरुषं नारी नपश्येच्च रजस्वला ।
इक्षेत भास्करं देवं ब्रह्मकूर्चं ततः विषेत् ॥

ચોથે દિવસે સ્નાન કર્યા પછી પોતાનું મુખ પરપુરૂષને બતાવવું નહિ; પરંતુ સ્નાન કરીને સૂર્યનારાયણનું દર્શન તથા પોતાના પતિનું દર્શન કરવું અને ત્યાર પછી **ब्रह्मकूर्च** એટલે પંચગવ્યનું પ્રાશન કરવું. પોતાના દેહની શુદ્ધિ માટે પંચગવ્યનું પાન કરવું; પંચગવ્ય એટલે ગાયથી ઉત્પન્ન થએલું પાંચ વસ્તુને પંચગવ્ય કહે છે. યથા ગાયનું છાણ, તથા તેનું મૂત્ર, દુધ, દહીં અને ધૃત (ઘી) એ વસ્તુઓ એકઠી કરી એક આચમન જેટલું પાન કરવું. કદાચિત કોઈને પંચગવ્ય પીવાનેં ઠીક ન લાગે તો કેવળ ગાયનું દૂધ પીવું. કેમકે ગાયનું દૂધ સર્વથી ઉત્તમ છે. અને એનાથી દેહશુદ્ધિ તથા ગર્ભ ધારણ પણ ત્વરિત થાય છે. નિર્ણય સિંધુમાં પણ લખ્યું છે કે રજસ્વલા સ્ત્રીએ ત્રણ દિવસ સુધી દૂધ, દહિં, છાશ એ ગોરસ તેનો આહાર કરવો નહિ તેવીજ રીતે પુષ્પ અલંકાર વગેરે ધારણ કરવું નહિ. આંખમાં અંજન, કપાળમાં કુંકુમ સુગંધાદિક તેલો તથા શય્યા ઉપર એટલે પલંગ કિંવા ખાટલા ઉપર સુવું નહિ. રજસ્વલા સ્ત્રી ચોથે દિવસે શુદ્ધ થાય છે. તે ઘરના કામકાજ અર્થે. કિંતુ દેવતાઓ અને પિતૃઓના પૂજનમાં તો પાંચમે દિવસેજ શુદ્ધિ થાય છે.

શ્રી "નિર્ણય દીપિકામાં" લખ્યું છે કે દેવપૂજા તથા પિતૃઓના કાર્યમાં રજસ્વલા સ્ત્રી પાંચમે દિવસે અધિકારી થાય છે પરંતુ અટકાવ અધિક આવતો હોય તો સાતમે દિવસે શુદ્ધ થાય છે.

વિવાહ અર્થાત્ લગ્નમાં કિંવા કોઇ મહોત્સવમાં અથવા યજ્ઞ

યાગાદિકમાં તથા દુકાળમાં તેમ જે દેશ ભંગ થતો હોય તેમાં એવી રીતે અગત્યના સમયમાં તથા અરણ્યમાં અથવા આપત્કાળના સમયમાં રજસ્વલા સ્ત્રીને શુદ્ધ કરવી હોય ત્યારે ઉપવાસ કરવાથી શુદ્ધ થાય છે અર્થાત્ ઉપવાસનો એક દિવસ ગણી શકાય છે અને જેથી તે સ્ત્રી દેવ પૂજન આદિ કાર્યમાં ઉપયોગી થઇ શકે છે એવું મહર્ષિ પારાશરનું વાક્ય છે.

વ્રત કિંવા પુજા વગેરે કામનો પ્રારંભ કર્યો હોય અને રજોદર્શન થાય ત્યારે કોઇને સ્પર્શ થાય તો દોષ ખરો?

(મત્સ્ય પુરાણ) વ્રત કિંમ્વા પુજા વગેરે કામનો પ્રારંભ કર્યો હોય અને કદાચ રજોદર્શન આવે ત્યારે તે પુજા અન્ય (બીજા) પાસે કરાવવી પરંતુ ઉપવાસ તો તે રજસ્વલા સ્ત્રી પોતે કરે પણ જ્યાં સુધી રજોદર્શનની ખબર પડી નથી અને અજ્ઞાનપણાથી કોઇનો સ્પર્શ થઇ જાય તો તેમાં દોષ લાગતો નથી.

ધર્મસિંધુનું પ્રમાણ.

રજોદર્શનની પ્રાપ્તિ થયે છતાં તે રજોદર્શનની ખબર પડી નહિ હોય અને ગૃહ સંબંધીય સર્વ વસ્તુને સ્પર્શ થઇ ગયો હોય તો પણ તેને દોષ લાગતો નથી માટે ગોરસનાં વાસણ મૃતિકાનાં જો હોય તો પણ તેને કાઢવાં નહિ, તેવીજ રીતે જળ વગેરેનો ત્યાગ કરવો નહિ. જેમ સૂતકના જાણવાથીજ બાધ લાગે છે તેમ રજોદર્શનનો પણ જાણવાથીજ બાધ લાગે છે. વળી પરસ્પર રજસ્વલા સ્ત્રીઓએ સ્પર્શ કરવો નહિ. એવી રીતે ઉપર લખ્યા પ્રમાણે ધર્મ પાળનાર સ્ત્રીને ઉત્તમ દિવ્ય–સુખપ્રદાયક સંતતિ ઉત્પન્ન થાય છે અને જેથી તેવી સ્ત્રીઓ ઐહિક (આલોક) અને આયુષ્મિક (પરલોક) નાં સર્વ પ્રકારનાં સુખો પ્રાપ્ત થઇ અત્યુત્કૃષ્ટ સુકીર્તિ પ્રાપ્ત કરી પોતાના જન્મને સાર્થક કરે છે.

ગર્ભિણી સ્ત્રીના મુખ્ય ધર્મ,

आहाराचार चेष्टाभिर्यादशीभिः समन्वितौ ।
स्त्री पुंसो समुपेयातां तयोः पुत्रोऽपितादशः (सुश्रुत.)

સ્ત્રી અને પુરૂષનું એ પ્રમાણે આહાર આચાર અને ચેષ્ટા હશે તે પ્રમાણેજ તેમનાં સન્તાન પણ થાય છે માટે એજ શાસ્ત્રમાં કહ્યું છે કે જે દિવસથી સ્ત્રી ગર્ભવતી થાય તે દિવસથી આરંભી તે સ્ત્રીએ નીચે લખેલી વસ્તુઓનો ઉપભોગ કરવો નહિઃ

શરીરથી અધિકાશ્રમ, કુચેષ્ટા, કદન્ન (ખરાબ અન્ન) અથવા કોયલા, માટી વગેરે તથા મરચાં વગેરે બહુ તિક્ષણ તથા બહુ ગરમ અન્નનું ભોજન, દિવસના સૂવું, રાત્રીનું જાગરણ કરવું, શોક કરવો, ખરાબ વાહનપર બેસવું, ભયભીત થવું, પર્વત, વૃક્ષ, તથા ઉંચ્ચા આસન પર ચડી બેસવું, પ્રતિદિન તેલ વગેરેથી શરીરે મર્દન કરવું, સમય વિના રૂધિરને છોડાવવું તથા મળ મૂત્રાદિનું નિરોધ કરવું ઇત્યાદિ કાર્યોને ગર્ભિણી સ્ત્રીએ કયારે પણ કરવું નહિ; અને કદાચ આ શાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને ઉપર લખેલાં નહિ કરવાનાં કાર્યો કરવામાં આવે તો તેનાથી કેવા ફળની પ્રાપ્તિ થાય છે તે નીચે વાંચોઃ—

गर्भोम्रियते अंतःकृक्षेर्वा अकाले स्त्रं सते शोषी भवातिवा ॥

(ચરકશાસ્ત્ર).

ગર્ભનું મૃત્યુ થાય છે, કાં ગર્ભ પડી જાય છે અથવા ગર્ભિણી સ્ત્રીને સોજા ચડી આવે છે વગેરે અનેક પ્રકારની હાની થાય છે.

---

* આવી નિશાનીવાળાં સુત્રો, મનુસ્મૃતિ, ભાગવત, બ્રહન્નારદિય પુરાણ વગેરેમાંથી લીધાં છે.

હૃદયોર્મિ.

(લેખકઃ—પ્રભાશંકર અવિંદરામ.)

૧

સ્નેહીસંબંધી કહી મેલી જાવું માનને,
લાખદામની લાજ કામ ન આવે પ્રાણને.
કામ ન આવે પ્રાણને શીદ કરો અભિમાન જન,
મન ધરાને ધ્યાન જાણો કુડી બદામના.

૨

પ્રભુ જો આપે શીંગડાં, ખમ્યાવિણ છૂટકો નથી.
ડાહ્યા ડાપણ ધૂળમાં, વિધી લેખ ટળતો ન'ી

૩

દુઃખ—વિપત્તિ એ મનુષ્યનો ગુરૂ છે.
દુઃખ—એજ મોટો સત્સંગ છે.

૪

જેવું સ્વપ્ન તેવુંજ જીવન, હે માનવ જેમ સ્વપ્ન છે, છે ને નથી તેમ તારૂં જીવન પણ છે, છે ને નથીજ.

૫

રંક ગયા રાણા ગયા,
ગયા ગર્જતા કેશરી.
કોણ હું ને તું,
જ્યાં ગયા લાખ લપેશરી.

૬

સાધુ તે છે કે જેનામાં સમભાવના અને સરળતા રમે રમે છે.
સાધુ તે છે કે જે ક્રોધ અને વૈરભાવનો કટ્ટો દુશ્મન છે.
સાધુ તે છે કે જેને માન પાપની પરવા નથી.
સાધુ તે છે કે જે આત્મા વિમુખ વૃત્તિવાળો છે.
સાધુ તે છે કે જે શાન્તિની મૂર્તિ છે.

૭

સત્કાર્ય કરી છૂટો, પરિણામ પ્રભુપર રાખો.

૮

શાંતિ નથી નિજ હૃદયમાં, લોભી અતિ નિજ જાતને.
સુખની અવધી નથી દુહિતા તણા એક તાતને,
નિદ્રા નથી નિજ નેનમાં રંક દેવાદારને,
શાંતિ નથી નિજ હૃદયમાં, શત્રુના સરદારને.

૯

અગ્નિએ જેનું અંગ બળ્યું હોય તેને બળતરાની ખબર પરંતુ જેઃ—

૧૦

ગરમ પાણીને પણ ન ઓળખતો હોય તેને અગ્નિના સ્વભાવની શું ખબર.

૧૧

ચાકરી તે કેવી આકરી છે તે બિચારા શેઠને શું ખબર.

૧૨

ભોજનથી તૃપ્ત થનારને ભૂખ્યાનું દુઃખ ક્યાંથી સમજાય?

૧૩

ધનિકને નિર્ધનના કર્મની શું ખબર?

૧૪

ઝેરના કીડા ઝેરમાંજ મરે છે.

૧૫

ફૂળ પાકીને તુટી ગયું તે પાછું જોડાય ના,
ગયું કંકણુ જે ફૂટ્યું તે પાછું સંધાય ના;
ગયું જે બાણુ તે પાછું ફરે ના,
ગઇ જુવાની તે પાછી મળે ના.

૧૬

અમૃતથી અમૃત જીવન, વિષ મૃત્યુ આપતું;
પારસ લોહ કંચન કરે, કાજળ કૃષ્ણતા નાંખતું.

૧૭

કર્મની બલીહારી.

ગુલાબ મનોહારક પણ કંટક,
કોકીલા સુરીલી પણ અંગે શ્યામ;
કુરંગની નાભીમાં કસ્તુરી ખરી પણ તે કાળા.
મણી ખરો પણ પથ્થરના જેવી પૈદાશ, તેનો જન્મ ખાણીમાં.
કુસુમ સુગંધી ખરા પણ તેની પૈદાશ પંકમાં, ઇન્દુ (ચંદ્ર)
પ્રકાશિત ખરો પણ કલંકી-ક્ષય-વૃદ્ધિની મોટી પીડાપણુ શિરારોપણજ.

૧૮

ભલે મોટા શ્રીમંતો થઈ ફરતા ગાડી ઘોડામાં,
ભલે સત્તાધિશો થઇને ફરતા મસ્ત દુનિયામાં;
નથી ગણત્રી શ્રીમંતોની, નથી કંઇ રંક ત્યાં ઓળખ્યા,
પ્રભુના ન્યાય ત્રાજવમાં તોળાતા રાય પણ સરખા.

સમાપ્ત

કુલટાનાં લક્ષણ.

છંદ.

પગ પછાડે પાની મોડે, કુત્તા કાંડે અંબોડો છોડે;
છેડો કાઢી વા ઉરાડે, પતિત તે શું ઢોલ વગાડે.
આગે હીંડે પીછે દેખે, જમને હાથકા કંગન પછાડે;
હાથ પસારકે, પીઠ દેખાડે, પતિત તે શું ઢોલ વગાડે.

ભાવાર્થ—ચાલતા પગલાંના ધમકારાથી પૃથ્વી ધ્રુજાવે, પગ ઘટપર પાણી જાય ત્યારે હજારો લોક-વૃંદની લાજ પરહરી જાહેરમાં માથું ઉઘાડું કરી અંબોડો છોડી વાળ સમારી ફરી તે વાળની વેણી બંધએસતી કરતી હોય, સાડીનો પટ કે જે ઉદરપર થઇને કેડે ખોસ્યો હોય, તેને કાઢી ઉદર ઉઘાડું કરી તે છેડાવડે શ્રમથી મુખપર બાઝેલો પસીનો લુછે અથવા તો ઠંડક માટે તે છેડો હલાવી હવા ખાવાની ટેવ હોય, વારંવાર પાછું વાળી પગની પાની જોતી હોય, જમણા હાથનાં કંકણ ખખડાવી અન્યની નિગાહ પોતાપર પડવા સુચના કરતી હોય તેવી સ્ત્રી સારૂં શું કરી દેખાડશે? કંઇજ નહિ, પણ ઉલટી માબાપના અને સાસુ સસરાનાં નામને કલંક લગાડશે, જ્યારે પતિને વ્યવહારમાં નીચું જોવરાવશે.

(પંચામૃતમાંથી)

સ્ત્રી શા વગર સુની હોય?

(છપ્પય.)

સશી બીનુ સુની રેન,
પત્ર બીન તરૂવર સુનો;
કુળ સુનો બીન પુત્ર,
ગ્યાન બીન હૃદયો સુનો.
ગજ સુના બીન દંત,
લલીત બીન સાયર સુનો;
સુનો રાવ સામંત બીના,
સો ચદ્દા સુન બીન દામની.
બૈતાલ કહે બીક્રમ સુનો,
પતિ બીન સુની કામની.

ભાવાર્થ—રાત્રી ચંદ્ર વગર નકામી છે, હૃદય જ્ઞાન વગર નકામુ છે, કુળ સપુત પુત્ર વગર નકામું છે, વૃક્ષ પાન વગર નકામુ છે, હાથી દંતુશળ વગર નકામો છે, બ્રાહ્મણ વિદ્યા અને વેદ જાણ્યા વગરનો નકામો છે, ઘેરાયેલું વાદળ વિજળી વગર નકામું છે, એટલે કે તે સર્વે જેમ શોભતો નથી તેમ સ્ત્રી પણ આં સંસારમાં સ્વામિ વગર શોભતી નથી, પણ નકામી છે.

(પંચામૃતમાંથી.)

મુંબઇમાં અજબ ધડાકો!!! લૂટાલૂટ! જલદી કરો.

નાટકોના શોખીનોને ખુશ ખબર!!!

ફાર્સ અને બેતોના ચાહકોને આમંત્રણ!!!

વીરરસના ભાવિકોને ભલામણ!!!

મુંબઇમાં એકે અવાજે વખણાએલો

શુકલ પ્રભાશંકર ગોવિંદરામની કલમથી લખાએલો

જાણીતો અને માનીતો

“ગર્વ-મોચન.”

જેમાં રૂંવાટાં ઉભાં કરે તેવા વીરમય બેતો અને ફાર્સો, મોહક અને ચિત્તાકર્ષક ચિત્રો તેમજ ઉસ્તાદી રાગરાગણીવાળાં ગાયનો સહિત આર્ટપેજના ટાઇટલ વાળી બુક તૈયાર છે. શીલીકમાં માત્ર થોડીજ પ્રતો રહી છે. જલદી કરો નહિ તો પાછળથી નિરાશ થશો.

કીમત માત્ર ૦-૧૨-૦

મળવાનાં ઠેકાણાઃ—

એન. એમ. ત્રિપાઠીને ત્યાંથી કાલબાદેવી.	તથા લેખકને ત્યાંથી **ભાણાભાઇ ચાલ ભુલેશ્વર.**

સામટી લેનારને સારૂં કમીશન આપીશું.

